વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-

# ઘનશ્યામ

૧૦ જૂન, ૨૦૨૪ ● વર્ષ : ૪૯ અંક : ૦૬















વાણી વર્તને સંસ્કાર દઈને, સુખિયા રહેશું સહુ;
હેપી ફેમિલિ કરવું છે તો, સત્સંગથી જ એ થાશે.


















(૧–૨) લોકશાહીને જીવંત રાખવા માટે મતદાનની પવિત્ર ફરજ અદા કરી રહેલ વ્હાલા ગુરુજી તથા સંતવૃંદ (૩–૫) **SBS** કેમ્પ તથા મહેસાણાથી આવેલ બાળપ્રવાસના મુક્તોને વ્હાલા ગુરુજીના દર્શનનો લાભ

# ઘનશ્યામ

૧૦ જૂન, ૨૦૨૪ ● વર્ષ : ૪૯
● અંક : ૦૬





## અનુક્રમણિકા...


૦૪ દિવ્યવાણી

૦૭ ક્યાં અતીત, ક્યાં આજ ?

૦૯ સંસ્કારના આદિ રક્ષકો

૧૩ સંસ્કારોના સંવર્ધક : વાલી

૧૭ સંસ્કારની પા પા પગલી

૨૧ સંસ્કારી સમાજના ઉત્તમ માળી : શિક્ષક

૨૫ સંસ્કારનું સિંચન વાણીથી

૨૯ સંસ્કારનું સિંચન વર્તન દ્વારા

૩૨ સંસ્કારનું શ્રેષ્ઠ માધ્યમ SMVSની સત્સંગ સભા



# GHANSHYAM

10 June, 2024 • Year : 49 • Edition : 06

પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ
મુદ્રક : સાધુ પૂર્ણસ્વરૂપદાસ
માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)
મુદ્રણ : વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ
આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક
અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી
(ગુરુદેવ પ.પૂ. બાપજી)
પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી
(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)
તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી
સહતંત્રી : સાધુ રાજીપાસ્વરૂપદાસ
સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ
લેખનકાર્ય : લેખકવૃંદ



**પત્રવ્યવહાર માટેનું સરનામું :**
ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ
કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર-૩૮૨૪૨૧
Visit us : www.smvs.org
Email : magazine@in.smvs.org




કુલ પેજ : ૪૮ + ૪ ટાઈટલ = ૫૨


**ઘરે બેઠા ઓનલાઇન ઘનશ્યામ મેળવવા માટે આપનું નામ, સેન્ટર તથા વૉટ્સએપ નંબર આજે જ વૉટ્સએપ કરો :**

**૯૪૦૮૩૨૦૦૩૬**


સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ 'ઘનશ્યામ' સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.


**'GTPL-ભક્તિ' ચેનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.**



# દિવ્યવાણી

**(તા. ૪–૫–૨૦૨૪ની ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીમાંથી સંકલિત)**

અનાદિમુક્તની સ્થિતિ પામવી એ આપણા સૌનું લક્ષ્ય છે. અનાદિમુક્તની સ્થિતિ પામવાના પરભાવી લક્ષ્યને સાધવા અવરભાવ પણ સૂધો દૃઢ જોઈએ. જેનાં ઇન્દ્રિયો-અંતઃકરણ શુદ્ધ અને પવિત્ર ન હોય તે પરભાવમાં ન પહોંચી શકે. ઇન્દ્રિયો-અંતઃકરણને શુદ્ધ કરવાનો ઉપાય શ્રીજીમહારાજે ગઢડા પ્રથમના ૮મા વચનામૃતમાં જણાવ્યો છે કે, "ઇન્દ્રિયોની જે ક્રિયા છે તેને જો ભગવાન ને તેના ભક્તની સેવાને વિષે રાખે તો અંતઃકરણ શુદ્ધ થાય છે ને અનંતકાળનાં જે પાપ જીવને વળગ્યાં છે તેનો નાશ થઈ જાય છે. અને જો ઇન્દ્રિયોની વૃત્તિઓને સ્ત્રીઆદિકના વિષયમાં પ્રવર્તાવે છે, તો એનું અંતઃકરણ ભ્રષ્ટ થાય છે. અને કલ્યાણના માર્ગ થકી પડી જાય છે."

આ વચનામૃતમાં શ્રીજીમહારાજે અંતઃકરણ શુદ્ધ કરવાનો ઉપાય ભગવાન અને ભગવાનના ભક્તની સેવા જ ગણાવ્યો છે. આ ઉપરાંત ગઢડા મધ્યના ૨૫મા વચનામૃતમાં નિર્વાસનિક થવા ઉકાખાચર જેવું સેવાનું વ્યસન પાડવાનો આગ્રહ જણાવ્યો છે. ગઢપુરનું મંદિર બંધાતું હતું ત્યારે સ્વયં શ્રીજીમહારાજે પોતાના સોનેરી મોળિયા ઉપર પથ્થર ઊંચક્યા હતા અને કારિયાણીનું તળાવ ખોદાવ્યું ત્યારે ગારાનાં તગારાં ઊંચક્યાં હતાં.

ઈ.સ. ૨૦૨૪ના ઑસ્ટ્રેલિયા વિચરણ દરમ્યાન મેલબોર્ન, સિડની, બ્રિસ્બેન, ન્યૂઝીલૅન્ડ આદિક સેન્ટરોમાં કડકડતી ઠંડીમાં યુવકોને વાસણ સ્વચ્છતાની સેવા કરતા જોઈ અમે (ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી) અંતરથી રાજી થયા હતા. આવા મુક્તો ઉપર રાજી ન થવું હોય તોપણ થઈ જવાય.

સુરતના પી.બી. પટેલ પોતે મોટા ઑફિસર હતા. તેમના હાથ નીચે હજારો માણસો કામ કરતા હતા. પોતે રિટાયર્ડ થયા પછી સવારે મંગળા આરતી પહેલાં હાથમાં ડસ્ટર લઈ મંદિર સ્વચ્છતાની સેવા કરતા. તેમના નિર્માનીપણે સેવા કરવાના અંગને જોઈ અમે અંતરથી રાજી થતા હતા.

તનની સેવા એ મહારાજ અને મોટાપુરુષને અંતરથી રાજી



તનની સેવા અંતઃકરણ શુદ્ધિનો રાજમાર્ગ છે.

કરી અંતઃકરણ શુદ્ધ કરવાનો શ્રેષ્ઠ ઉપાય છે. તેની સાપેક્ષમાં ઇન્દ્રિયોની વૃત્તિ સ્ત્રીઆદિકના વિષયમાં પ્રવર્તાવે તો અંતઃકરણ ભ્રષ્ટ થઈ જાય છે.

જૂનાગઢ પાસેના ભેંસજાળ ગામના હરિભક્તને શ્રીજીમહારાજ દર્શન આપી ધામમાં તેડી ગયા. દસ વર્ષ બાદ હરિભક્તના ચાર દીકરામાંથી નાના દીકરાનાં ધર્મપત્ની આખો દિવસ રડ્યાં કરતાં, જમતાં નહીં. ચાર દીકરાઓ, તેમનાં ધર્મપત્ની બધાએ ભેગા મળી ખૂબ ધૂન કરી. નાના વહુ ધૂણવા માંડ્યાં. તેથી પૂછ્યું, “તમે કોણ છો ?” ત્યારે તેમણે કાગળમાં લખ્યું, “તારો બાપ છું.” દીકરાઓએ ખાતરી માંગી એટલે બાપાએ કહ્યું, “હું ધામમાં આટલા વાગે ગયો હતો. એ વખતે ઘરમાં આટલા સાથે હતા.” બધી સાચી હકીકત જણાવી. દીકરાઓએ આશ્ચર્ય સાથે પૂછ્યું, “પણ તમને તો મહારાજ તેડવા પધાર્યા હતા ને ?” “હા, મને મહારાજ તેડવા પધાર્યા હતા અને મહારાજ મને વિમાનમાં બેસાડીને લઈ જતા હતા. સવારનો સમય હતો. વિમાન ગામના તળાવ ઉપરથી પસાર થયું. એ વખતે તળાવમાં ગામની સ્ત્રીઓ સ્નાન કરતી હતી. તેમના ઉપર દૃષ્ટિ થતાં વિકાર ઉત્પન્ન થયો તેથી મહારાજે મને ધક્કો મારી દીધો. ધામમાં ન લઈ ગયા. માટે હું સાપ થયો છું. દસ વર્ષથી હું તળાવના કિનારે અડધો પથ્થર જમીનમાં છે અને અડધો બહાર છે તે પથ્થરની નીચે લીલા કલરનો સાપ થઈ રહું છું. હવે મારો મોક્ષ કરાવો.”

બીજા દિવસે રાત્રે તળાવના કિનારે જઈ પથ્થર ઊંચો કરી જોયું તો પથ્થર નીચે લીલો સાપ હતો. ચારેય દીકરા બીજા દિવસે સદ્. નારાયણદાસ સ્વામી જોડે ગયા અને બધી માંડીને વાત કરી પૂછ્યું, “સ્વામી, મહારાજ તેડવા આવ્યા હોય તોય આવું બને ?” સ્વામીએ બે મિનિટ નેત્ર મીંચી કહ્યું, “બને.”

આ સાંભળતાં ચારેય દીકરાઓને આગલા દિવસની વાત સાચી મનાણી અને તેમણે સ્વામીને પોતાના પિતાનો મોક્ષ કરવા પ્રાર્થના કરી. સદ્. નારાયણદાસજી સ્વામીએ સંકલ્પે વર્તમાન ધરાવી પ્રસાદીનું જળ આપી તેમનો મોક્ષ કર્યો. મોક્ષ માર્ગમાં ગમે તેવું હોય તોપણ સત્પુરુષની જરૂર પડે જ. મોટાના શરણે ગયા તો મોક્ષ થયો. માટે મોક્ષ માર્ગના વિઘ્નોથી આપણે પણ ડરતા રહેવું.

ગમે તેવા સારા હરિભક્ત હતા પણ ઇન્દ્રિયોને સ્ત્રીઆદિકના વિષયમાં પ્રવર્તાવી તો અંતઃકરણ ભ્રષ્ટ થઈ ગયું અને કલ્યાણના માર્ગમાંથી પડી ગયા. એ વખત કરતાં અત્યારનો સમય તો એથીય ભૂંડો છે. અત્યારે તો અંતઃકરણ ભ્રષ્ટ કરનારું માધ્યમ મોબાઇલ ૨૪ કલાક તમારી જોડે જ રહે છે. આપણે જરા આપણી છાતી ઉપર હાથ મૂકીને પૂછીએ કે આપણે મોબાઇલનો કેટલો દુરુપયોગ થાય છે ? એક વખતની ભૂલમાં જો મહારાજ ધક્કો મારી દેતા હોય તો આપણે તો રોજ કેટલીય ભૂલો કરીએ છીએ. તેનું કેટલું ભયંકર પરિણામ આવશે તેના માટે હજુ આપણી આંખ ઊઘડતી નથી.

ઇન્દ્રિયો-અંતઃકરણને બહેકાવે તેવા વિષયના યોગથી, આજ્ઞાના લોપ કરવાથી કારણ શરીર બંધાય છે. એમાંય સ્ત્રીઆદિકના યોગે અંતઃકરણ ભ્રષ્ટ થઈ જાય તો પછી મોટાની વાત પણ જીવમાં પેસતી નથી. ભગવાનમાં પણ પાટો ન ગોઠે. માટે ભલા થઈને મોબાઇલ દ્વારા અંદર કચરો નાખીને અંતઃકરણને કચરાપેટી જેવું ન બનાવવું. જો મંદિર તુલ્ય બનાવશો તો જ મહારાજ બિરાજશે. અત્યારે ચારેબાજુ વિષયનાં ઢોલનગારાં વાગી રહ્યાં છે માટે બહુ સાવધાન રહેવાની જરૂર છે.

આજે સાથે ભણવાનો અને સાથે નોકરી કરવાનો જમાનો છે તો એને કંઈ બંધ નહિ કરી શકાય પણ સાવધાની અચૂક રાખવી. વિજાતિ મિત્રોના સંગથી દૂર રહેવું. ‘મને કોઈ દિવસ કશું ન થાય’ એવી ગુરુતાગ્રંથિમાં આવી ઓવર કૉન્ફિડન્સમાં ન રહેવું. મનનો કદી વિશ્વાસ ન કરવો. મારાથી સંયમ ન રાખી શકાય એવી લઘુતાગ્રંથિમાં પણ ન આવવું. આપણી પાસે મહારાજ અને મોટાપુરુષના રાજીપારૂપી બહુ મોટી મૂડી છે માટે તેને સાચવવા ખૂબ સાવધાની રાખવી.

‘મન હૈ ચંગા તો કથરોટ મેં ગંગા.’ ગઢડા મધ્યના ઉપમા વચનામૃતમાં મહારાજે જગતની આ વાર્તાને ખોટી ઠરાવી છે માટે મારું મન શુદ્ધ છે, મને કંઈ ન થાય એવું ન રાખવું. મન શુદ્ધ હોય તોય પ્રવૃત્તિ શુદ્ધ જ કરવી પડે. નહિ તો ગમે તેવો સમાધિનિષ્ઠ પુરુષ હોય તોપણ જો સ્ત્રીના સહવાસમાં રહેવા માંડે તો તેનો ધર્મ દૃઢ રહે જ નહીં.

દસ વર્ષ પહેલાં એક સોની હરિભક્ત અને એક દરજી હરિભક્ત જે મહિલાઓનાં કપડાં સીવતા હતા. તેઓએ અમારી પાસે આવી વાત કરી કે, “અમારે ધંધામાં આખો દિવસ સ્ત્રીઓનો સંસર્ગ હોય. તેમનો સ્પર્શ કરવાનો થાય તેમાં વિકાર ઉત્પન્ન થાય છે. બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. બહુ દુઃખ થાય છે. બીજી પણ ઘણી આડઅસરો થાય છે.” તે બંને હરિભક્તો જાગૃત હતા તો પોતાનો ધંધો બદલી નાખ્યો.

રાજીપાની ભૂખ અને કુરાજીપાનું દુઃખ હશે તો પ્રગટપણું અને અંતર્યામીપણું રહેશે. એક વાત દૃઢ રાખવી, ‘મારી સર્વે

ક્રિયાને તમે જુઓ છો.' મહારાજના સર્વોપરીપણાનો નિશ્ચય કર્યો છે તેવો પ્રગટપણાનો નિશ્ચય કરવો. સતત જાણપણું રાખવું. મહારાજ અને મોટાપુરુષ મારી જોડે જ છે. પ્રતિલોમપણે મહારાજ બિરાજ્યા છે તો હવે કોનાથી છુપાવીશું ? મહારાજ અને મોટાની હાજરીનો નિરંતર અહેસાસ કરવો. મહારાજ અને મોટાપુરુષ મને જોતા નથી એવો નાસ્તિકભાવ હશે તો અધર્મનો સર્ગ કુટુંબે સહિત આવીને નિવાસ કરશે.

આપણી અંદર એવું નક્કી થઈ ગયું છે કે મહારાજ અને મોટાપુરુષ જોતા નથી એટલે જ આજ્ઞા લોપાય છે, યુક્તિ-પ્રયુક્તિ, ખોટું થાય છે. હંમેશાં વિજાતિ પાત્રોના સંગથી દૂર રહેવું. એકાંત-અંધારાથી પણ દૂર રહેવું. માત્ર ધંધા-વ્યવહારમાં જ નહિ, મંદિરમાં સેવા કરવામાં પણ કદી ભેળીહાળો ન થવા દેવો. મંદિર તો તીર્થક્ષેત્ર છે. એમાં જો કુદૃષ્ટિ કે કુસ્પર્શ થાય તો વજ્રલેપ જેટલું પાપ લાગે.

શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૩૫મા વચનામૃતમાં કહ્યું છે, 'પરમહંસ, બ્રહ્મચારી કે ગૃહસ્થ સત્સંગી હોય તેમને પોતપોતાના નિયમમાં દૃઢપણે રહેવું. ગૃહસ્થે યુવા અવસ્થાવાળી પોતાની મા, બોન ને દીકરી સાથે પણ એકાંત સ્થળને વિષે ન રહેવું. તેમની સામે પણ દૃષ્ટિ માંડીને ન જુએ તો તેમનો ધર્મ રહે.' આજે સમાજમાં અકલ્પનીય અઘટિત ઘટનાઓ બનતી હોય છે. ચારેબાજુ ઘોર કળિયુગ છે. માટે જો કલ્યાણના માર્ગમાંથી પડી ન જવું હોય તો બહુ સાવધાન રહેવું.

અમે બે હાથ જોડીને વિનંતી કરીએ છીએ કે તમે સંસારમાં હોવા છતાં કૃપા કરી મહારાજે મૂર્તિમાં રાખ્યા છે. મહારાજ અને મોટાપુરુષના આપણી પાસે કેવાં આશા-અરમાન છે તેનો વિચાર રાખજો. આપણો વર્તનનો સંપ્રદાય છે માટે વર્તન વાતો કરે એવા થવું. ઇન્દ્રિયો-અંતઃકરણના કુસંગનો ત્યાગ કરી સાધુનો સંગ કરે તો દેહને વિષે અહમ્‌બુદ્ધિ નાશ પામે અને દેહના સંબંધીને વિષેથી મમત્વબુદ્ધિ નાશ પામે. માટે આજે દૃઢ સંકલ્પ કરજો કે ઇન્દ્રિયો-અંતઃકરણનો કુસંગ અડવા દેવો નથી જ. મોબાઇલના દુરુપયોગરૂપી કુસંગનો ત્યાગ કરીને જ વર્તીશ.

**નૂતન પ્રકાશન**

# સુખ-દુઃખનું મૂળ : ૧

- ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના 'Happy Family' સંકલ્પને પુષ્ટિ આપતું પુસ્તક એટલે સુખ-દુ:ખનું મૂળ...
- સાંસારિક તથા પારિવારિક જીવનમાં આવતા સુખ-દુ:ખની પરિસ્થિતિમાં સંતુલન કરવાનું માર્ગદર્શન આપતું પુસ્તક એટલે સુખ-દુ:ખનું મૂળ...
- જીવનમાં આવતી સુખ-દુ:ખની પરિસ્થિતિમાં સમજણ જ સ્થિરત્વ પ્રદાન કરે છે એ વાતની પુષ્ટિ આપતું પુસ્તક એટલે સુખ-દુ:ખનું મૂળ...
- વ્યવહારિક જીવનના પ્રશ્નોના નિવારણ માટે સદૃષ્ટાંત શાબ્દિક તાલીમ આપતું પુસ્તક એટલે સુખ-દુ:ખનું મૂળ...




**: પ્રાપ્તિસ્થાન :**
**એસ.એમ.વી.એસ.**
**સ્વામિનારાયણ મંદિરના તમામ બુકસ્ટોલ**
phone : 97734 97708 • Email : ssd@in.smvs.org

# ક્યાં અતીત, ક્યાં આજ ?

વિશ્વની તમામ સંસ્કૃતિઓમાં ભારતીય સંસ્કૃતિ અદ્યાપિ સૂર્યના ઓજસની જેમ ઝળહળી રહી છે. કારણ, ભારતીય સંસ્કૃતિ સંસ્કારસભર છે.

ભારતીય સંસ્કૃતિની વાડી સંસ્કારોના મઘમઘતા ફૂલોથી મહેકતી હતી. તેથી જ ભારતના પ્રસિદ્ધ ધારાશાસ્ત્રી શ્રી નાના પાલખીવાળા આ સમાજ માટે કહેતા કે, 'Citizens were ranked in the society not by wealth or power but by virtue and character they possess.' અર્થાત્ નાગરિકોની ધન અને સત્તાથી નહિ પણ સદ્‌ગુણો અને ચારિત્ર્યથી સમાજમાં મહત્તા અંકાતી.

પૂર્વે એક વખત વિદ્વાનો વચ્ચે સંસ્કારી મનુષ્ય કોણ ? તેની ચર્ચા ચાલી. કોઈએ કહ્યું, "જેનામાં ઉત્તમ ગુણ હોય, ઉચ્ચ કુળ હોય, અગાધ વિદ્વત્તા હોય, પવિત્ર અને ચારિત્ર્યશીલ જીવન તથા વિવેકનો ભંડાર હોય તે મનુષ્ય સંસ્કારી કહેવાય."

ત્યારે કોઈ બોલ્યા, "આ પાંચેય ગુણોનો એક વ્યક્તિમાં એકસાથે સુમેળ એ દુર્લભ છે." ત્યારે બીજા અનુભવી બોલ્યા, "ભલે ઉત્તમ રૂપ કે ઉચ્ચ કુળ ન હોય, કદાચિત્ અગાધ વિદ્વત્તા ન હોય તોપણ ચાલશે પરંતુ જેનું જીવન ચારિત્ર્યશીલ તથા સત્સંગમય હશે તે જ સંસ્કારી હોઈ શકે કે બની શકે."

ભારતીય સંસ્કૃતિનાં જીવંત દૃષ્ટાંતો એટલે ભારતનાં ઘરોઘર અને ગામોગામ. સંધ્યાકાળે દેવ મંદિરો માત્ર વડીલોથી નહિ પરંતુ યુવાનો-કિશોરોથી ઊભરાતાં. ઘરોમાં પણ આરતી, દર્શન, થાળ થતાં.

ઘરના બધા જ સભ્યો ઘરે આવી જાય પછી સાથે મળી સમૂહભોજન લેતા. દાદા-દાદી તથા વડીલો બાળકોને પરાક્રમી તથા યશસ્વી વીરપુરુષોની વાર્તા સંભળાવી તેઓમાં સંસ્કારોનું સિંચન કરતાં.

માતાપિતા, તેમના ચાર-પાંચ દીકરાઓ, પુત્રવધૂઓ તથા પૌત્ર-પૌત્રીઓ સાથે એક છત્રછાયા નીચે સંયુક્ત કુટુંબમાં રહેતાં.

ઘરમાં પુત્રવધૂઓ તથા દીકરીઓ વડીલોની આમન્યા-મર્યાદા રાખતાં. પુત્રવધૂઓ લાજ કાઢતાં.

શિક્ષકોને ગુરુ સમાન ગણી આદરભાવ અપાતો. શિક્ષકો પણ વિદ્યાર્થીઓને અક્ષરવિદ્યા સાથે નૈતિક અને ચારિત્ર્યશીલ જીવન જીવવાના પાઠ શીખવતા.

પરંતુ સમય જતાં આવી ભવ્ય ને પ્રચંડ ભારતીય સંસ્કૃતિને પશ્ચિમી સંસ્કૃતિના વાયરાની થપાટો લાગવા માંડી. કળિયુગના પ્રભાવે બદલાતી વિચારધારા તથા અદ્યતન ટૅક્નૉલૉજીના ભરપેટ ઉપયોગથી સમાજમાં કુસંસ્કારોનાં બીજ રોપાઈ વટવૃક્ષ બનતાં ગયાં છે.

જે બાળકના મુખેથી બા-બાપુજી જેવા શબ્દો સરતા તેમના મુખે આજે તો મૉમ-ડેડ જેવા શબ્દો નીકળે છે.

જે મહિલા વર્ગ પોતાના પતિનું નામ બોલતાં પણ અચકાતાં તે આજે પતિને નામ દઈને બોલાવતાં પણ અચકાતાં નથી.

ઘરના વડીલ સભ્યોની આમન્યા-મર્યાદા રાખનાર પુત્રવધૂઓ આજે વડીલો સમક્ષ પુરુષોના પહેરવેશ પહેરીને ફરતાં શરમ-સંકોચ અનુભવતાં નથી.

એકસાથે રહેતું દસ-પંદર-વીસ સભ્યોનું સંયુક્ત કુટુંબ આજે બે-ત્રણ-ચાર સભ્યોના વિભક્ત કુટુંબમાં રૂપાંતરિત થઈ ગયું છે.

ઘરમાં સંધ્યા સમયે દેવદર્શન, આરતી, ધૂન તથા શાસ્ત્રપઠનના કાર્યક્રમોનાં સ્થાન હવે ટી.વી. અને સિરિયલોએ જમાવી દીધાં છે. એમાંય દાદા-દાદી, પતિ-પત્ની, પૌત્ર-પૌત્રીઓ સાથે બેસી બીભત્સ ચિત્રો જુએ પછી કેવી રીતે એકબીજાની મર્યાદા જળવાય !?

શિક્ષા ગુરુ સમાન શિક્ષકોની વિદ્યાર્થીઓ આજે વર્ગખંડમાં હાંસી-મશ્કરી કરી અનાદર કરતાં ખચકાતા નથી. ક્યાંક ગુરુ-શિષ્યના નાતા મિત્ર ને ભાઈબંધમાં ફેરવાઈ રહ્યા છે.

વળી, અતિ કરુણ પરિસ્થિતિ તો એ સર્જાઈ છે કે કોઈ બાળક કે કિશોર સંતોના યોગમાં આવી જાય અને સંતોના કહેવાથી મંદિર દર્શન કે પ્રાતઃ પૂજાના નિયમ લે તો આજના માબાપ તરત ટકોરે, “ભણો ! ભણો ! પૂજા, દર્શન, મંદિર, કથાની અત્યારે શું જરૂર છે ? એ બધું તો મોટી ઉંમરે કરવાનું. જો માઇન્ડ ફ્રેશ કરવું હોય તો એકાદી ફિલ્મ જોઈ લો, હરવા-ફરવા જઈ આવો પણ મંદિર આ ઉંમરે ન શોભે.” જરા કલ્પના કરીએ આનું પરિણામ આગળ જતાં ક્યાં પહોંચશે ?

ચારેબાજુ freedom અને opennessના નામે સ્વચ્છંદિતા અને ચારિત્ર્યહીનતાને જ પોષણ અપાઈ રહ્યું છે. ત્યારે સમાજ અને સંસ્કૃતિના જતનની ચિંતા આદિકાળથી જેમણે પોતાના શિરે લીધેલી છે એવા શ્રીહરિના સંકલ્પથી વિચરતા દિવ્ય સત્પુરુષો અને એમના ચીંધેલા રાહે ચાલનાર સંતો આની નોંધ લીધા વગર કેવી રીતે રહે ?

ભારતીય સંસ્કૃતિ પરની આ પશ્ચિમી સંસ્કૃતિનો વાયરો એવો તો ફૂંકાઈ રહ્યો છે જાણે હમણાં ભારતની સંસ્કૃતિ નામશેષ થવા પામશે ! આપણી સંસ્કૃતિ લુપ્ત થઈ જાય તે પૂર્વે સંસ્કૃતિ તથા સત્સંગની મહેક ચોતરફ ફેલાવવા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ જેહાદ જગાવી.

‘પહેલું સુખ તે જાતે નર્યા.’ તેમ પરભાવમાં મૂર્તિસુખ પામવાની પાયારૂપ બાબત છે અવરભાવનું સુખી-સંપન્ન, શાંતિમય જીવન. નેત્ર બંધ કરી ધ્યાનમાં બેસનાર મુમુક્ષુને ત્યારે જ પાટો ગોઠે જ્યારે ઘર-પરિવારમાં સુખ-શાંતિ હોય. તેથી સમગ્ર સમાજને અનાદિમુક્તની સ્થિતિના માર્ગે પ્રગતિ કરાવવા અતિ ઉત્સુક ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ ઈ.સ. ૨૦૨૪માં એસ.એમ.વી.એસ. સંસ્થા સાથે સંકળાયેલા તમામ પરિવાર સુખી પરિવાર બની રહે તેવો આગ્રહ સેવ્યો છે.

ગુરુજીના સંકલ્પે ફેબ્રુઆરી-૨૦૨૪માં સુખી પરિવારના ચાર પાયા પૈકી સંપ અને સ્વભાવ પર પ્રકાશ પાથરી વિશેષાંક તૈયાર થયો હતો. જ્યારે આ વિશેષાંક સંસ્કાર અને સત્સંગની બાબતો પર વિશેષતઃ પ્રકાશ પાથરી તૈયાર કરવાનો પ્રયત્ન કર્યો છે. આ વિશેષાંકમાં આપણા જીવનમાં સંસ્કાર તથા સત્સંગનું મૂલ્ય શું છે ? તથા સંસ્કાર અને સત્સંગના સ્રોત એવા સંત સમાજ, વાલી તથા શિક્ષકગણને આવરી કેટલીક ભલામણો તથા પદ્ધતિઓ શીખવવામાં આવી છે. વળી, માતાના ઉદરમાં રહેલ બાળક માટે સંસ્કાર સિંચનની કેટલી મહત્તા છે તેની પણ છણાવટ કરી છે.

જેમણે પોતાનો પરિવાર સંસ્કાર અને સત્સંગથી મઘમઘતો કરવો હશે તેમના માટે આ વિશેષાંક ખૂબ જ સુખરૂપ નીવડશે.

## કારણ સત્સંગના વિશ્વવ્યાપી પ્રવર્તન કાજે વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ

**તા. ૨૩-૪-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **વાસણા** ખાતે પૂનમ સમૈયામાં ૨૯૧૭૬થી પણ વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઇન દિવ્યવાણી તેમજ દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૨૬-૪-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે આવેલ બાળપ્રવાસમાં **મહેસાણા**ના બાળમુક્તોને દર્શન-આશીર્વાદનો લાભ આપી કૃપાવંત બનાવ્યા હતા.

**તા. ૨-૫-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ** ખાતે આવેલ બાળપ્રવાસમાં **ઝાલોદ**ના બાળમુક્તોને દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૪-૫-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં ૨૧૬૭૪થી પણ વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઇન દિવ્યવાણી તેમજ દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા.



# સંસ્કારના આદિ રક્ષકો

દેશભક્તિ ગીતની પંક્તિમાં કહ્યું છે,

**"યુનાનો મિશ્ર રોમા સબ મિટ ગયે જહાં સે,**
**અબ તક મગર હૈ બાકી નામો નિશાં હમારા;**
**કુછ બાત હૈ કિ હસ્તી મિટતી નહિ હમારી,**
**સદિયોં રહા હૈ દુશ્મન દૌરે જહાં હમારા;**
**સારે જહાં સે અચ્છા હિન્દુસ્તા હમારા."**

માનવજાતના ઇતિહાસમાં અદ્યાપિ અનેક સંસ્કૃતિઓ, ધર્મો, સંપ્રદાયો સ્થપાયાં છે અને કાળાંતરે અલિપ્ત પણ થયાં છે. વર્તમાન સમયે પૃથ્વી પર વિદ્યમાન તમામ સંસ્કૃતિમાં સૌથી પ્રાચીન સંસ્કૃતિ ભારતની છે.

સમયના ચક્ર સાથે ભારતીય સંસ્કૃતિ સામે અનેક સંકટો આવ્યાં છે. એટલું જ નહિ, ભારતીય સંસ્કૃતિનો નાશ કરવા આક્રમણો થયાં છે. છતાં કંઈક એવી વિશેષતા ભારત પાસે હતી જેથી ભારતીય સંસ્કૃતિનો નાશ થઈ શક્યો નથી. તે વિશેષતા એટલે દેશને સાંસ્કૃતિક વારસામાં મળેલ સંત પરંપરા.

સમાજ સુધારણા અને સંસ્કાર સંવર્ધનના ભગીરથ કાર્યમાં સૌથી બહોળો ફાળો સંત સમાજનો રહ્યો છે. આજે સમાજમાં સારા ડૉક્ટર, સારા વકીલ, સારા શિક્ષકની માંગ છે તેમ સાચા સાધુપુરુષો પણ સમાજનું એક અવિભાજ્ય અંગ જ નહિ પણ જીવન સંજીવની છે. ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ કહેતા કે, ''આપણે વૈજ્ઞાનિક શોધોને કારણે નહિ પણ આપણા સંતોને કારણે જીવીએ છીએ.''

પારસના સ્પર્શે લોઢું પણ સોનું થઈ જાય તેમ આવા પવિત્ર, સદાચારી, સંસ્કારી અને પ્રભુમય જીવન જીવતા સંતોના સંગે કેટલાય કથીરમાંથી કુંદન સમ બન્યા, કેટલાય વાલિયા વાલ્મીકિ બન્યા, જોબન વડતાલા જેવા કેટલાય લુટારુઓ હાથમાં માળા ફેરવતા થયા, કેટલાય પશુજીવન જીવનારા પશુમાંથી માનવ અને માનવમાંથી ભક્ત સંજ્ઞાને પામ્યા.

અત્યંત ગૌરવની વાત તો એ છે કે આપણા ભગવાન સ્વામિનારાયણે સમાજ સુધારણા માટે ૩૦૦૦ નંદસંતોની ભેટ સમાજને અર્પણ કરી હતી. એટલું જ નહિ, અદ્યાપિ પર્યંત સ્વામિનારાયણ સંપ્રદાયમાંથી હજારો સંતોની ભેટ દેશ-સમાજને મળી રહી છે.

ભગવાધારી સંન્યાસી તો ઘણા હોય પરંતુ અધર્મ, અનીતિ, વ્યભિચાર આદિ બદીઓથી પર સંસ્કારી સંતો જ સંસ્કારી

સમાજનું નિર્માણ કરી શકે એ ન્યાયે આજે એસ.એમ.વી.એસ.માં ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની દિવ્ય નિશ્રામાં સુસંસ્કારી અને ભગવદીય સંતોની શૃંખલા રચાઈ છે. જે દેશોદેશ, ગામોગામ ફરી સુસંસ્કારોનું વાવેતર કરી રહ્યા છે. સુસંસ્કારી અને ભગવદીય સંતોએ આજ સુધી સમાજ સુધારણા, સંસ્કાર સિંચન અને સંસ્કૃતિના જતન માટે મુખ્યત્વે ચાર પ્રકારનાં આંદોલનો ચલાવી સંસ્કારી બાળ-કિશોર-યુવાધન દેશને સમર્પિત કર્યું છે.

**૧. વ્યસનમુક્તિ આંદોલન :**

ભારત દેશના પ્રથમ ગૃહમંત્રી શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ કહેતા કે, “સ્વામી શ્રી સહજાનંદ અને શ્રી સ્વામિનારાયણ ધર્મના સાધુઓના પવિત્ર જીવનથી મહાગુજરાતમાં સંસ્કારની સૌરભ પ્રસરી હતી અને ઘણા સામાન્ય માણસોનાં તથા પછાત કોમના બિનકેળવાયેલા માણસોનાં જીવન પશુકોટિમાંથી ઊંચે લાવીને તેમને સંસ્કારી બનાવવામાં આ ધર્મનો (સંતોનો) ફાળો મહત્ત્વનો છે.” સંસારની ભાંજગડમાંથી બહાર નીકળી પ્રભુપ્રાપ્તિ માટે સંન્યાસી દીક્ષા ગ્રહણ કરનાર સંતો નિઃસ્વાર્થભાવે લોકોને વ્યસનની નાગચૂડમાંથી બહાર કાઢી પરિવારમાં સુખ-શાંતિનું સામ્રાજ્ય સ્થાપવા ગામોગામ પરિભ્રમણ કરતા. અફીણ, ગાંજો, ચલમ, દારૂ, માંસભક્ષણ આદિ વ્યસનોની લતે ચડેલાને જીવન જીવવાનો સાચો માર્ગ ચીંધતા.

રૂડિયો રખડું મહાન લુટારા જોબનપગીના બાવન સાગરીતોમાંનો એક હતો. તે ભારે માંસાહારી અને વ્યસની હતો. તે જોબનપગીના ઘરે બપોરે અને રાત્રે બે વાર જમવા જાય ત્યારે શિકાર કરી માંસનો હમાચો ભરીને લઈ જતો. હમાચો એટલે હરણિયાને મારી તેનું ચામડું સૂકવી તેમાંથી બનાવેલો થેલો. આ માંસ રંધાતું અને ડાયરામાં સહુ લુટારુ ભેળા મળીને ખાતા. જબરો વ્યસની રૂડિયો. દિવસમાં વારંવાર અફીણ-ગાંજો ઢીંચ્યા કરતો. જેથી તેની આંખો હંમેશાં લાલઘૂમ રહેતી. રૂડિયો અખંડ દારૂ અને ગાંજાના નશામાં ચકચૂર થઈ આખા જંગલમાં ઘૂમ્યા કરતો. જીવતા સર્પ પકડતો અને તેનું વેંત મોઢું તથા વેંત પૂંછડું કાપી નાખી તેને બાફીને લોકો સીંગ ખાય તેમ ખાઈ જતો.

એક વાર જોબન ભગતે સદ્. બ્રહ્માનંદ સ્વામીને પ્રાર્થના કરેલી કે, “મારી જેમ રૂડિયો જો ભગત થાય ને સ્વામિનારાયણ ભગવાનનું શરણું સ્વીકારી લે તો એનો બેડો પાર થઈ જાય.” એ વખતે રૂડિયો માંદો હતો. શરીરમાં મોટાં મોટાં ભાઠાં પડેલાં. માંહી જીવડાં ખદબદે. રહેવાય નહિ તેવી પીડા ભોગવતો હતો. આથી કરુણામૂર્તિ સદ્. બ્રહ્માનંદ સ્વામીએ તેને દર્શન દેવા જવાનું નક્કી કર્યું. સ્વામી રૂડિયા પાસે ગયા ત્યારે તેણે સ્વામીના ચરણ પકડી માફી માગી અને કહ્યું, “તમે જોબનબાપાનો ઉદ્ધાર કર્યો એમ મારો ઉદ્ધાર પણ કરો.” સ્વામીએ હાથમાં પાણી આપી વ્યસન, લૂંટફાટ, માંસાહાર નહિ કરવાની પ્રતિજ્ઞા લેવડાવી. ત્યારથી રૂડિયો રખડું બધું ત્યજી રૂડો ભક્ત બન્યા.

૨૩૫ વર્ષ પૂર્વે ભગવાન સ્વામિનારાયણ દ્વારા આરંભાયેલું વ્યસનમુક્તિ આંદોલન આજે દિવ્ય સત્પુરુષ ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી દ્વારા અવિરતપણે ચાલુ રહ્યું છે. પંચમહાલમાં ગામડે ગામડે ફરી આદિવાસી પ્રજાને દારૂ, ચલમ, ગાંજો, અફીણ, ચા, માંસાહારનું વ્યસન છોડાવી પ્રભુને ગમતાપાત્ર બનાવવા અથાગ પરિશ્રમ કર્યો છે. તેઓના આ ભગીરથ કાર્યથી અભિપ્રેત થઈ ગુજરાતના માજી મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલે તા. ૧૧-૬-૨૦૦૦ ને રવિવારના રોજ ઝાલોદ ખાતે ઊજવાયેલ આદિવાસી સંમેલનમાં પોતાનું વક્તવ્ય આપતાં જણાવેલું કે, “ગુરુદેવ પ.પૂ. બાપજીએ આદિવાસી સમાજના ઉત્થાન માટે જે આ વિશાળ સેવાકાર્ય આરંભ્યું છે તે તો માત્ર આ પવિત્ર સંતો જ કરી શકે. જે કામ પંચમહાલમાં સરકારી તંત્ર નહોતું કરી શક્યું તે વ્યસનમુક્તિનું કાર્ય ગુરુદેવ પ.પૂ. બાપજી અને તેમના સંતોએ કર્યું છે. રાજ્ય સત્તા ઉપર ધર્મનો દંડ જરૂરી છે.” આ આદિવાસી મુક્તોના મુખમાંથી આજે એક જ ઉદ્‌ગાર સાંભળવા મળે કે, “આ ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી જેવા દયાળુ અને નિઃસ્વાર્થ સત્પુરુષો અમને ન મળ્યા હોત તો અમે આજેય જંગલી જનાવર જેવું જીવન જીવતા હોત !”

**૨. ઇન્ટરનેટના વિવેકપૂર્ણ ઉપયોગનું આંદોલન :**

‘માબાપ વિના ચાલે પણ મોબાઈલ વિના ન ચાલે’ની વિચારધારા ધરાવતા આજના બાળકો, કિશોરો, યુવાનોને સંસ્કારી સંતો જ બચાવી શકે તેમ છે. અહીં તદ્દન વાસ્તવિક છતાં ડમી નામથી રજૂ કરેલા બે દૃષ્ટાંતોના આલેખથી સંત સમાજે ઉઠાવેલી ઇન્ટરનેટના વિવેકપૂર્ણ ઉપયોગ કરવાની જહેમત દર્શિત થાય છે.

લોમેશ અને વ્યોમેશ બે મિત્રો. બાળસભામાં સાથે જ જતા. બંનેને સંતો સાથે ખૂબ નિકટનું હેત હતું. બંને ધોરણ દસમાં આવ્યા. લોમેશ ભણવામાં હોશિયાર તેથી વધુ ટકાવારી લાવવા ભણવા અને ટ્યૂશનના પ્રવાહમાં મંદિર, સભા, સંતોનાં દર્શન બધું બંધ થઈ ગયું. દિવસો જતાં કુસંગી મિત્રો અને મોબાઈલના સંગમાં આવી ગયો. દિવાળી સુધીમાં તો અભ્યાસના પરિણામમાં પણ ઘટાડો થઈ ગયો. વાંચવા બેસે ત્યારે પણ મોબાઈલમાં જોયેલાં ગંદાં દૃશ્યો જ યાદ આવે. મિત્ર વ્યોમેશને લોમેશમાં આવેલ આ પરિવર્તનનો અણસાર આવતાં તેણે પૂ. સંતોને વાત કરી. પૂ. સંતોએ લોમેશને પોતાની પાસે લઈ આવવા જણાવ્યું. વ્યોમેશ તેને પરાણે સંતો પાસે લઈ ગયો. પૂ.

સંત લોમેશ સાથે બેઠા. પૂ. સંતે પ્રેમથી તેના અભ્યાસ અને સંસ્કાર બાબતે પૂછપરછ કરી અને લોમેશ રડી પડ્યો. પોતાની દ્વિધા રજૂ કરી.

“મને મોબાઈલનું એટલું બધું ઍડિક્શન (વ્યસન) થઈ ગયું છે કે પરીક્ષાનું વાંચવા બેસું તોય કોનો ફોન આવ્યો ? કોનો મૅસેજ આવ્યો ? એવો ભ્રમ થયા કરે છે. અભ્યાસના સમયે પણ મોબાઇલ તરફ જ આકર્ષણ થયા કરે છે. પરીક્ષા ખંડમાંય પેપર લખવાનું મન જ થતું નથી. કોણ આવ્યું ? કોણ ગયું ? બારીમાંથી કોણ આવે જાય છે તે જ જોયા કરું છું. મારું મન ખૂબ અશાંત થઈ ગયું છે. કંઈક ઉપાય બતાવો ને ! શું કરું ?”

સંતે સાંત્વના આપી અને કહ્યું કે, “મુક્તરાજ, તમે ભણવાના વધુ પડતા આગ્રહને લઈ મંદિર, સભા વગેરે છોડી દીધું એનું આ પરિણામ છે. ભલે ગમે તેવા સંજોગો આવે તોપણ મંદિર, સભા અને સંતોથી દૂર કદી નહિ જવાનું. બીજામાં ઍડજસ્ટ કરવાનું પણ આમાં ઢીલ નહિ મૂકવાની. સત્સંગ અને સંતોના સાંનિધ્યમાં રહેવાથી કુસંગ થકી આપણે રક્ષાયેલા રહીએ છીએ. ભલે આપણને સીધી અસર દેખાય નહિ પરંતુ તેઓ સતત આપણું અને આપણા સંસ્કારો-ગુણોનું પોષણ કરે છે. લોમેશે કહ્યું, “મારી ભૂલ થઈ ગઈ પણ સ્વામી, હવે શું કરું ?”

સંતે કહ્યું, “રોજ નાભિમાંથી સ્વામિનારાયણ મહામંત્રનો જાપ કરજો. મંત્રલેખનનું એક પાનું ભરજો તથા એસ.એમ.વી.એસ.માંથી પ્રકાશિત થતા ઘનશ્યામ માસિકનો ઑક્ટોબર-૨૦૨૩નો ‘મુમુક્ષુની મૂંઝવણ’ લેખ છે તેનું વાંચન કરજો, તેને અનુસરજો. મહારાજ ભેગા ભળશે. અને દસમા ધોરણની પરીક્ષા પૂરી ન થાય ત્યાં સુધી મોબાઇલનો સંપૂર્ણ ત્યાગ રાખજો.” સંતના કહ્યા પ્રમાણે કરવાથી લોમેશને માત્ર પંદર દિવસમાં પરિણામ મળ્યું અને અભ્યાસમાં રુચિ જન્મવા માંડી. દસમા ધોરણની બોર્ડની પરીક્ષામાં સારામાં સારા માર્ક્સથી ઉત્તીર્ણ થયો.

•••

ત્યાગાશ્રમના માર્ગે આગળ વધવા ઇચ્છનાર એક કિશોર સાવ સાદગીભર્યું જીવન જીવતો. શ્વેત વસ્ત્ર પરિધાન કરતો તથા ટૂંકા વાળ રાખી ગુરુજીનો રાજીપો કમાતો હતો. પરંતુ કૉલેજમાં આવતાં કૉલેજિયન મિત્રોના સંગમાં તેનામાં પરિવર્તન આવ્યું. ફૅશનેબલ હૅરકટિંગ, ચીડિયાપણામાં વધારો તથા મોબાઇલનો ૨૪ કલાક સંગ રાખતા જોઈ તેના પિતાએ પૂ. સંતને વાત કરી. પૂ. સંતે તેને મળવા બોલાવ્યો ને તેને પ્રેમથી બેસાડી પૂછપરછ કરી, “આવા હૅરકટિંગ ? ગુસ્સામાં થતો જતો વધારો ? આ બધું શું છે ?” કિશોરે નિષ્કપટભાવે કહ્યું, “સ્વામી, હવે હું કૉલેજમાં આવ્યો. ભણવાના બહાને મને મોબાઇલનું ઍડિક્શન થઈ ગયું છે. રીલ્સની પાછળ કલાકોના કલાકો વેડફું છું. કૉલેજિયન મિત્રોથી જુદો ન પડું માટે મેં હૅરકટિંગ કરાવ્યા છે.” આટલું કહેતાં તે રડી પડ્યો. સંતે કહ્યું, “ચિંતા ન કરીશ. આજથી રોજ રાત્રે સૂતા પહેલાં ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની એક કથાનું શ્રવણ કરજે; તો જ તારી સાથે બોલીશું. નહિતર કિટ્ટા.”

કિશોરે સંત સાથે બાંધેલા હેતના પરિણામે રોજ સભા સાંભળવાનું શરૂ કર્યું. તેથી તેનું અંતઃકરણ શુદ્ધ થયું. કિશોર એનો અનુભવ વર્ણવતાં કહે છે, “ગુરુજીની કથાવાર્તા સાંભળતી વખતે એમની કરુણા મારા પર વહી રહી હતી. એમનાં વચન મારા અંતઃકરણને શુદ્ધ કરતાં હતાં, મને નિર્મળ કરતાં હતાં. એમને કરેલી પ્રાર્થના ફળી. હું ચોખ્ખો થયો. ફરી સત્સંગમાં બળવાન બની ગયો.” આમ, આવા કેટલાય યુવાનોનાં પરિવર્તન ગુરુજી અને પૂ. સંતોના સંગથી થયાં છે. આવા તો કંઈક મોબાઇલની લતે ચડેલા કિશોરો-યુવાનોને પાછા વાળવાનો પરોપકાર ગુરુજીની આજ્ઞાથી આપણા સંતો કરી રહ્યા છે. પરિણામે ભારતીય સંસ્કૃતિ જળવાયેલી રહી છે.

### ૩. ચારિત્ર્ય ઘડતરનું આંદોલન :

**મુખ ચંદ્ર સરખું રમ્ય છે, ગોરા ગુલાબી ગાલ છે,**
**વળી નાક નમણું નયન સુંદર, હંસ સરખી ચાલ છે;**
**ફક્કડ સુંવાળા વાંકડા, શિર ફૅશનેબલ બાલ છે,**
**ચારિત્ર્યમાં નહિ ઢંગ તો, એ વાતમાં શો માલ છે ?**

અર્થાત્ રૂપ ગમે તેવું સુંદર હોય પણ ચારિત્ર્યમાં ખામી હોય તો તે બધું નકામું છે.

આજે બાળકો, કિશોરો, યુવાનો બાહ્ય આટોપથી પ્રતિભા વધારવાના પ્રયાસ કરે છે પરંતુ ખરી પ્રતિભા તો ચારિત્ર્યશીલ જીવનથી જ દીપી ઊઠે છે. જેના માટે જાગૃત છે કેવળ દેશના સંતો. સંતો કિશોર-યુવાપેઢીનું ચારિત્ર્ય ઘડતર કેવળ નિયમો થોપી દઈને નહિ બલ્કે પ્રેમથી, હેતથી તેને નિકટ લઈ બહુ કાળજીપૂર્વક કરે છે. કિશોરોને એટલા બધા સ્નેહથી નવડાવી દે, પ્રેમથી બાંધી દે પરિણામે કિશોર એ સંતોની અલ્પ આજ્ઞા કે વચન ઉથાપી ન શકે ! ચાહે પછી તે સદ્. ગુણાતીતાનંદ સ્વામીના સ્નેહભર્યા ધબ્બાના સ્પર્શથી વશ થયેલા લોધિકા દરબાર અભેસિંહ બાપુ હોય કે વ્હાલા ગુરુજી અને પૂ. સંતોના નિઃસ્વાર્થ સ્નેહથી ભીંજાયેલા આજના ઘોર કળિકાળમાં ટૅક્નૉલૉજીના આધુનિક ઉપકરણો તથા કૉલેજના કલુષિત વાતાવરણમાં ઉછેર પામતા સ્વચ્છંદી કિશોરો હોય ! ગુરુજી અને પૂ. સંતોના વાત્સલ્યથી સ્વચ્છંદી બનેલા કિશોરો સંસ્કારના માર્ગે આગળ વધ્યા છે.

અમદાવાદના એક કિશોરને વિજાતિ પાત્ર સાથે જાતીય સંબંધો બંધાયા. પોતાના માતાપિતાનો વાળ્યો પાછો ન વળ્યો પરંતુ બાળપણમાં ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી સાથે હેત-પ્રીત બંધાયેલી હતી તો અડધી રાત્રે તે કિશોરના પિતાની વિનંતીથી ગુરુજીએ તેને સ્વામિનારાયણ ધામ પોતાના આસને મળવા

બોલાવ્યો. નેત્રના અશ્રુબિંદુથી સ્નેહની સંબંધ ગાંઠમાં લઈ તેને પિગાળી નાખ્યો. તે કિશોરે અવળા રસ્તેથી પાછા વળવાની તરત જ પ્રતિજ્ઞા લઈ લીધી. આજે તે સત્સંગનો થાંભલો છે.

**૪. સંસ્કાર ઘડતર આંદોલન :**

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ જ્ઞાનસત્ર-૧૭માં જણાવેલું કે, "સંતો સંસ્કારનું જનરેટર છે. સુસંસ્કારી સંતો જ સંસ્કારી સમાજનું નિર્માણ કરી શકે."

સુપ્રસિદ્ધ સમાજ સેવક વિનોબાભાવે કહેતા, "અનેક સત્પુરુષો આ દેશની ધરતીને પગપાળા ખૂંદી વળ્યા છે. અને એમણે જ આ દેશને એક બનાવ્યો છે. ભારતના લગભગ બધા લોકો સ્નાન કર્યા વિના બપોરનું ભોજન નથી કરતા; પછી ભલે ને ગમે તેટલી ઠંડી હોય !"

નાનજી હાડા ક્યારેય સ્નાન ન કરતા. જ્યારે મહારાજ અને સંતોનો ભેટો થયો ત્યારથી નિયમ આપ્યો કે, 'રોજ સ્નાન કરી પછી અન્નજળ લેવું.' ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના કચ્છ-રાપરના વિચરણ દરમ્યાન એક વડીલને રોજ સ્નાન કરીને પછી જમવાનો નિયમ આપ્યો હતો.

એક ભારત દેશ એવો છે જ્યાં માતાપિતાને ચરણસ્પર્શ કરી તેમના આશિષ લેવાની પ્રણાલી વર્ષો પુરાણી છે. માતાપિતા પ્રત્યે આદરભાવ, સેવાભાવ અને મર્યાદાભાવનાં મૂલ્યો સંતોએ અદ્યાપિ જીવંત રાખ્યાં છે. એટલે આજેય વિદેશની ભૂમિ પર ઑસ્ટ્રેલિયા, સિડનીનિવાસી વિરેન્દ્રભાઈ જેવા કેટલાંય યુવાપાત્રો પોતાના ભારતનિવાસી માતાપિતાને રોજ ફોન કરી, તેમની ખબરઅંતર પૂછી આશિષ માગે છે. બાલ્યાવસ્થાથી સંતોના સાંનિધ્યમાં ઊછરેલા ઘનશ્યામનગર સેન્ટરના યુવક મુક્ત દીપકભાઈ રામાણી પોતાના પિતાશ્રી હરિભાઈના છેલ્લા મંદવાડ સુધી ખૂબ ખંત-ઉત્સાહથી અને આદરભાવથી સેવા કરી વ્હાલા ગુરુજીના અંતરનો રાજીપો કમાયા હતા.

વળી બાળ, કિશોર, યુવા વર્ગમાં વિશેષતઃ સંસ્કારોનું સિંચન થાય તે માટે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની પ્રેરણા હેઠળ આજે સંસ્થામાં દેશ-વિદેશમાં ઠેર ઠેર બાળ-કિશોર-યુવા સભાનું આયોજન કરેલ છે. વર્ષમાં બેથી ત્રણ વખત સ્પેશ્યલ સ્પિરિચ્યુઅલ શિબિરો, કેમ્પોનું આયોજન થતું હોય છે. વળી, પારિવારિક સંબંધોમાં સુલેહ સ્થાપવાના હેતુથી ગુરુજી દ્વારા સમાજને 'હૅપી ફૅમિલિ પ્રૉજેક્ટ' આપવામાં આવ્યો છે. જેથી કંઈક પરિવારનાં પાત્રો જતું કરી, નમી, ખમી જઈને પણ આત્મીયતા કેળવવા કટિબદ્ધ બન્યાં છે.

**વર્તમાનકાળે દિવ્યજીવન પ્રદાતા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી :**

અનંતને દિવ્યજીવનના રાહે ચલાવતા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ તા. ૯-૬-૨૦૦૨ના શુભ દિને સ્વામિનારાયણ ધામ ખાતે આદર્શ ગુરુકુલ પ્રથાનો પ્રારંભ કર્યો.

જ્યાં ગુરુજી અને પૂ. સંતો દ્વારા વિદ્યાર્થીઓનું શ્રેષ્ઠ ઘડતર થાય છે. સ્વામિનારાયણ ધામ વિદ્યાલયમાં 'વિધાઉટ સુપરવાઈઝર વિથ ટૅક્સબુક' પરીક્ષા પદ્ધતિ ગુરુજીએ શરૂ કરાવી વિદ્યાર્થીઓમાં પ્રામાણિકતાના સંસ્કાર પૂર્યા છે.

પરીક્ષામાં સ્કૂલ વિઝિટે આવેલા ડી.ઈ.ઓ. કચેરીના પદાધિકારીઓ, શિક્ષણ નિયામકશ્રી તથા માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષશ્રી વગેરે મહાનુભાવોએ આ રીતની પરીક્ષા પદ્ધતિની અને શાળાની ખૂબ જ પ્રશંસા કરી હતી. પૂર્વ બોર્ડ અધિકારી હિંગુ સાહેબે પણ તેને નવાજી હતી. એમના ઉદ્‌ગારો હતા કે, "બધી જ શાળા-વિદ્યાર્થી આવી રીતે પરીક્ષા આપવા ટેવાય તો માધ્યમિક શિક્ષણ બોર્ડનો સ્કોડનો લાખો રૂપિયાનો ખર્ચ બચી જાય."

હિતેષ લવજીભાઈ પંચાલ, ઘાટલોડિયા, અમદાવાદ. આ વિદ્યાર્થીનો કાયમ પહેલો નંબર જ હોય. એક વાર દસમાની પરીક્ષામાં તે એક MCQનો જવાબ વિચારતો હતો ત્યાં બાજુવાળો મોટેથી તેનો જવાબ બોલી ગયો એટલે હિતેષે તે જવાબ ન લખ્યો. હિતેષે વિચાર્યું કે, 'ભલે એ જવાબ બોલી ગયો પરંતુ હવે હું એનો બોલેલો જવાબ લખું તો ચોરી કહેવાય. મહારાજ-ગુરુજી રાજી ન થાય. એક માર્ક અધિક કે રાજીપો !!' ગુરુજીને આ વાતની જાણ થઈ ત્યારે ખૂબ રાજીપો વરસાવી દિવ્યજીવનના માર્ગે આગળ વધવાનાં આશિષ આપ્યાં હતાં. આજેય હિતેષ પોતાનો અભિપ્રાય જણાવતાં કહે છે કે, "સ્વામિનારાયણ ધામ, ગુરુકુલમાં ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ આપેલા સંસ્કારો અને પૂજાપાઠના નિયમો હું રેગ્યુલર જાળવું છું. જ્યારે જ્યારે મારા ગુરુકુલના સંતોનો ફોન કે પત્રિકા આવે ત્યારે મારું હૃદય ગદ્‌ગદિત થઈ જાય છે. હર્ષનાં આંસુ આવી જાય છે. આજે હું જે કાંઈ છું તે ગુરુજી અને સંતોના દાખડાનું પરિણામ છે. હું સદાય એમનો ઋણી રહીશ."

વિદ્યાર્થીઓ ગુરુકુલમાંથી વિદાય લે ત્યારે ગુરુજી ગુરુદક્ષિણામાં આટલું માગે કે, "અમારે તમારી પાસેથી કાંઈ જોઈતું નથી પરંતુ જીવનમાં ક્યારેય અનીતિ, ચોરીનો પૈસો ભેગો ન કરતા. કોઈ પ્રકારનું વ્યસન ન કરતા. માતાપિતાની ખૂબ સેવા કરજો. સંતોના સંગમાં રહેજો."

આમ, ભારતીય સંસ્કૃતિને યાવદ્‌ચંદ્રદિવાકરૌ અમરત્વ આપવા, સંસ્કારની જ્યોત અખંડિત પ્રજ્વલિત રાખવા દેશના સંતો આદિકાળથી રક્ષક બનીને રહ્યા છે. આપણી બાળ, કિશોર, યુવાપેઢીને પણ ગુરુજીના તથા સંતોના દિવ્ય સાંનિધ્યમાં લાવી, સંસ્કારોથી મઘમઘતા દિવ્યજીવન તરફ આગળ વધારીએ, ભારતીય સંસ્કૃતિને અમર બનાવવામાં સહભાગી થઈએ.



સંતો એ સંસ્કારોનું જનરેટર છે.

# સંસ્કારોના સંવર્ધક : વાલી



અધ્યાત્મ ક્ષેત્રે કે વ્યવહાર ક્ષેત્રે જે કોઈ વ્યક્તિ મહાન બની છે કે શુદ્ધ આચરણને વરી છે કે પછી અધોગતિની ખાઈ ખોદી હોય તે તમામના વ્યક્તિત્વ નિર્માણમાં માતાપિતાનો ફાળો સર્વોત્કૃષ્ટ રહ્યો છે. કારણ, બાળકનો જન્મ થાય છે ત્યારે માતાપિતા જ બાળકની પ્રથમ પાઠશાળા છે.

વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી બાળક જ્યારે માતાના ગર્ભમાં આવે છે ત્યારથી લઈ સાત વર્ષ સુધીમાં બાળકના સમગ્ર જીવનનું બંધારણ રચાય છે. બાળકની વિચારધારા, દૃષ્ટિકોણ, જીવન જીવવાની શૈલી તથા માનસિક વલણો સાત વર્ષ સુધીમાં બંધાઈ જતાં હોય છે. પછી એ મુજબ સમગ્ર જીવન જિવાતું હોય છે. બાળક સાત વર્ષ સુધીના સમયગાળામાં વાલી સાથે તેમાંય વિશેષતઃ માતાના સહવાસમાં જ ઊછરતું હોય છે. ત્યારે બાળકના જીવનને સંસ્કારિત કરી આદર્શતા તરફ ગતિશીલ કરવાની જવાબદારી માતાની વિશેષ બની જાય છે. પિતાની ભૂમિકા પણ એટલી જ મહત્ત્વની છે.

તેમ છતાં આપણા સમાજની એક દુઃખદ છતાં વરવી વાસ્તવિકતા એ છે કે આપણે ત્યાં ડૉક્ટર બનવા, શિક્ષક બનવા, ઇજનેર કે વકીલ જેવી ડિગ્રી (ઉપાધિ) મેળવવા મહાશાળાઓ ખોલાઈ છે, તે માટેની તાલીમો અપાય છે પરંતુ જેના પર દેશ, સમાજ કે સંસ્થાની ભાવિ પેઢીનો આધાર છે તેવા બાળકોને જન્મ આપનારા માબાપને તાલીમ આપવાની કોઈ શાળા, મહાશાળાઓ ખોલાઈ નથી. કારણ, આ બાબત અંગે કોઈનું ધ્યાન પ્રેરાયું નથી. પરિણામે બાળકને જન્મ આપવાથી વ્યક્તિ માબાપનું શીર્ષક મેળવી લે છે પરંતુ વાલી બનવામાં ઊણા ઊતરે છે.

સોહનસિંહ ડાકુએ ૩૨ વર્ષની ઉંમરે ૧૦૮ ખૂન કર્યાં તેની સજા રૂપે તેમને જ્યારે ફાંસીના ફંદે ચડવાનું થયું ત્યારે પોતાની આ કપરી સજાનું મૂળ કારણ તેઓએ પોતાની માને ઠેરવ્યાં હતાં : "હું જ્યારે નાનો હતો ત્યારે કીડી-મંકોડા મારતો. તે સમયે મને મારી માએ રોક્યો નહિ, જીવહિંસાની ગંભીરતા સમજાવી નહિ પણ મને કીડી-મંકોડા મારવાનું પ્રોત્સાહન જ આપતી રહી, પરિણામે હું આજે માણસ મારતો થયો છું. પણ એ વખતે

જ કીડી-મંકોડા મારતા રોક્યો હોત તો મારી આવી નોબત ન આવત.''

સાપેક્ષમાં સમાજને એવા કેટલાય આદર્શ વાલીઓની ભેટ મળી છે જેમનાં સંતાનો વ્યવહાર કે અધ્યાત્મ ક્ષેત્રે મહાન બન્યા છે. રાજા ગોપીચંદ મહાન ચક્રવર્તી રાજા હતા. રૂપાળું શરીર અને દોમદોમ સાહેબીમાં મહાલતા ગોપીચંદને પોતાની માએ જ ચક્રવર્તી રાજ્ય તથા સંસારના મહાબંધનોથી વૈરાગ્ય કરાવી મોક્ષના માર્ગે પ્રેરિત કર્યા. ભારત દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને પોતાની માતાએ વિદેશગમન વખતે વ્યસન, વ્યભિચાર તથા માંસાહારથી સદૈવ દૂર રહેવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી.

આમ, બાળકને સંસ્કારી તથા આદર્શ બનાવવાની પ્રથમ જવાબદારી અન્ય કોઈની નહિ પરંતુ વાલીની છે. બાળક જ્યારે સંસ્કારવિહીન બને તથા સમાજમાં પોતાનું નામ ખરાબ થાય તેવું કંઈ પણ કાર્ય બાળક કરે ત્યારે સામાન્યતઃ વાલી આજના કલુષિત અને કળિયુગી વાતાવરણ, મિત્રવર્તુળ તથા આજની ટૅક્નૉલૉજી કે અન્ય કોઈ પણ બાબતને કારણભૂત ગણાવશે. પરંતુ વાલી જો એટલું જ સમજી જાય કે બાળકની સંસ્કારવિહીનતા તથા કુકર્મો પાછળ અમે જ (હું જ) કારણભૂત છીએ તો તે વાલી વર્તમાન પરિસ્થિતિને સુધારવા પ્રયત્નશીલ બની શકશે અને ભાવિ પેઢીને ઉજ્જ્વળ કરવામાં બહુ મોટો ફાળો આપી શકશે.

જરૂર પ્રશ્ન થાય કે બાળકોને સંસ્કાર કેવી રીતે આપવા ? બાળકને સંસ્કારમય કરવા તથા આદર્શ સજ્જનનું નિર્માણ કરવા ઇચ્છતા વાલીઓ માટેની આ શ્રેષ્ઠ છતાં સરળ તરકીબ.

| TBB Concept | | |
|---|---|---|
| **T** | **B** | **B** |
| Time (બાળકને સમય આપીએ) | Belief (બાળકના વિકાસ અંગેની માન્યતા બદલીએ) | Balance between love, understanding & punishment (બાળકને અપાતા પ્રેમ, સમજ અને શિક્ષાનું સંતુલન જાળવીએ) |

T : Time **(બાળકને સમય આપીએ)**

'અમૂલ' બ્રાન્ડના સર્જક ડૉ. કુરિયને 'માય ડ્રીમ' પુસ્તકમાં પોતાના જીવનની એક વાત બહુ અફસોસ સાથે લખી છે કે, "ઈ.સ. ૧૯૫૦માં ભગવાને મને એક પુત્રીની ભેટ આપી હતી. પરંતુ કામની અતિ વ્યસ્તતા તથા નામ કમાવવાની હોડમાં હું એટલો રચ્યોપચ્યો રહેતો કે મને મારી દીકરી નિર્મળાને સમય આપી તેનું ઘડતર કરવાનો વખત મળતો નહીં. તેથી એક વખત સરદાર પટેલનાં પુત્રી મણિબહેને મને ઘરે આવી ટકોર્યો કે, 'તમે જાણો છો ? તમે કેટલી મોટી ભૂલ કરી રહ્યા છો ?' ત્યારે મેં કહ્યું, 'ના.' પછી મણિબહેને કહ્યું, 'અમે રહ્યા ગુજરાતી પરિવાર. મારાં માતુશ્રી નાનપણમાં મને મૂકી ગુજરી ગયેલાં. બાપુ સરદાર પટેલ મને ખૂબ ચાહતા. પરંતુ ગુજરાતી પરિવારની મર્યાદા પ્રમાણે બાપુ મને પૂરતો સમય કે પ્રેમ નહોતા આપી શકતા. વળી, બાપુનો બધો જ સમય સ્વાતંત્ર્યની લડતમાં જ વીતતો તેથી હું માબાપના પૂરતા પ્રેમ વગર ઊછરી. નાનપણમાં માબાપનો સમય ને પ્રેમ ન મળે તો કેવું વીતે તે મને ખબર છે. શું તમારે તમારી દીકરીને પ્રેમ વગરની જડ ને અબુધ બનાવવી છે ?' ખૂબ જ ગભરાઈને મેં કહ્યું, 'ના મણિબહેન.' 'તો પછી તમે રોજ સાંજે છ વાગ્યે ઘરે આવતા થાવ. તમારે આઠ કલાક ડેરી માટે આપવાના ને બીજો સમય ઘરના સભ્યો તથા પુત્રી નિર્મળા માટે ફાળવવો જોઈએ. એમને પ્રેમ આપી ઘડતર કરો.' અને મને મણિબહેનની વાત હૃદય સોંસરી ઊતરી ગઈ.''

બાળકના ઉછેર માટે વાલીએ સમય આપવો પડે છે, પરંતુ આજકાલ વિભક્ત કુટુંબનાં શિક્ષિત માબાપ પોતપોતાના ક્ષેત્રમાં પ્રતિષ્ઠા પામવાના ચક્કરમાં પોતાની સાચી પ્રતિષ્ઠા વધારનાર સંતતિ સમાન બાળકોને સમય આપવાનું ચૂકી જાય છે. આજનાં માબાપ બાળકોને ભૌતિક સંસાધનો, સુખ-સગવડો, મોંઘા રમકડાંના ઢગલા કરી પોતાની ફરજ બજાવ્યાનો સંતોષ અનુભવે છે. પરંતુ વાલીના પ્રેમાળ સંગાથ વિના બાળકનો સર્વાંગી વિકાસ શક્ય નથી.

એસ.એમ.વી.એસ. સંસ્થાના વડા તથા આપણા સૌના પ્રેરણામૂર્તિ એવા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી આપણા સૌનું દિવ્ય માવતર છે. વિશેષતઃ ત્યાગી સમાજ તો તેઓના પહેલા ખોળાના દીકરા છે. તેથી સત્સંગ વિચરણ કે અન્ય સંસ્થાકીય સેવાઓને પ્રાધાન્ય ન આપતાં ગુરુજી દર વર્ષે પૂ. સંતોના જીવન ઘડતર માટે અચૂક સમય ફાળવી દે. વર્ષની શરૂઆતમાં ગુરુજીના હસ્તમાં જેવું વાર્ષિક પ્લાનર આવે કે તરત જ સૌપ્રથમ પૂ. સંતોની શિબિર માટે સમય ફળવાઈ જાય. દિન-પ્રતિદિન સંસ્થાનો વ્યાપ વધતો જાય તેમ ગુરુજીનો પૂ. સંતો માટે ફળવાતો સમય વધતો જાય છે. કારણ, ગુરુજી સુપેરે જાણે છે કે પૂ. સંતો સંસ્થાની ધરોહર છે. તેઓ જો સંસ્કાર તથા સત્સંગથી મઘમઘતા હશે તો જ હરિભક્ત સમાજ બળિયો રહેશે. આપણા ગુરુજીના દિવ્યજીવનમાંથી પ્રેરણા લઈ વાલી તરીકે આપણે પણ આપણા બાળકોનું ઘડતર કરવા તેઓ માટે સમય ફાળવીએ.

**B : Belief (બાળકના વિકાસ અંગેની માન્યતા બદલીએ)**

વિપ્રા ટીચરે નેહાબેનને કહ્યું, “તમારી દીકરી સુહાની ખૂબ સ્માર્ટ છે. વળી, તમે તેને યોગાસનો તથા ભરત નાટ્યમ્‌ના ક્લાસમાં જોડીને તેનું શરીર પણ ખૂબ કસ્યું છે એટલે જાણે સોનામાં સુગંધ જ જોઈ લ્યો.” આ સાંભળી નેહાબેને કહ્યું, “વિપ્રાબેન, બાહ્ય રૂપ તો પ્રભુની દેન છે. વળી, કોઈ પણ વ્યક્તિ યોગાસન કરતા શીખે તો શરીર કસાવાનું જ પણ એ કસાયેલા શરીરને વધુ નિખાર આપવા આપણે એનું આંતરિક સૌંદર્ય ખીલવવાનું છે. બાળકમાં આંતરિક સૂઝ, સમજ, વિવેક, દયા, લાગણી, પવિત્રતા જેવા આંતરિક ગુણો ખીલશે તો જ શરીરના લાવણ્યની કિંમત રહેશે ને. ઠીક છે આ સ્પર્ધાત્મક યુગમાં બાળકને ટકાવવા શિક્ષણ સાથે બીજી પ્રવૃત્તિમાં જોડવા પડે પણ મને તો મારી સુહાનીમાં આવા આંતરિક ગુણો કેળવાય એમાં જ રસ છે.”

દરેક વાલી આ નેહાબેનના દૃષ્ટિકોણને અપનાવી લે તો !! પરંતુ આજના વાલી બાળકમાં બાહ્યિક આવડતો તથા કુનેહ (skill) ખીલે તે માટે તેઓને શિક્ષણ પ્રવૃત્તિ સિવાય ડાન્સ, યોગ, સ્કેટિંગ, સ્વિમિંગ તથા સ્પીકિંગ ક્લાસ કરાવવા ખૂબ મથામણ કરે છે જ્યારે બાળકોમાં સંસ્કારનાં મૂલ્યો પીરસવા તરફ બહુધા દરેક વાલી બેધ્યાન છે. પરંતુ એટલું સમજાઈ જાય કે બાળકનો બાહ્યિક દેખાવ, skill, બુદ્ધિની પ્રચંડતા બધું જ સંસ્કારો અને સત્સંગને આધારે જ ટકશે; તો બાળકના ઘડતરમાં સંસ્કાર અને સત્સંગને જ વધુ સ્થાન આપવાનું જરૂરી લાગશે.

એક નામાંકિત હોટલના માલિક વિનીતભાઈ એક વખત પોતાના દીકરા શુભ્રને લઈ પોતાની હોટલની સામે આવેલા શારદાભુવનમાં લેખક સંમેલનમાં ગયા. વિનીતભાઈ હૉલમાં પ્રવેશ્યા ત્યારે કેટલાક લેખકો સ્ટેજ પર ઊભા હતા. સાથે આવેલા દીકરા શુભ્રે દરેક લેખકને ચરણસ્પર્શ કરી જય સ્વામિનારાયણ કર્યા. આ જોઈ દરેક લેખક પ્રભાવિત થઈ પૂછવા લાગ્યા, “બેટા, કયા સ્ટાન્ડર્ડમાં છો ?” “અંકલ, 6માં.” “ઇંગ્લિશ મીડિયમ કે ?” “હા અંકલ.” પછી તેમાંના એક લેખકે વિનીતભાઈને કહ્યું, “અત્યારે આ જમાનામાં તો પોતાનો સગો દીકરો પણ માબાપને પગે લાગતો નથી જ્યારે તમો ને તમારો દીકરો દેખાવ છો ફૉર્વર્ડ જમાનાના પણ તમે તમારા દીકરાને કેવા સંસ્કાર આપ્યા છે કે તમારા કહ્યા વગર અમને માન આપે છે. પગે લાગે છે.”

વિનીતભાઈ બોલ્યા, “ભલે આજના જમાના પ્રમાણે, સ્ટેટસ પ્રમાણે આપણે રહેવું પડે, બાળકને રાખવા પણ પડે પરંતુ આપણી સંસ્કૃતિના સંસ્કારો તો આપણું મૂળ છે. તે વગર કેમ ચાલે ? સંસ્કાર વગર ગમે તેટલો પૈસો, સંપત્તિ કે સત્તા હશે પણ તે ટકશે નહિ ને શોભશે પણ નહીં. એ તો નગ્ન બાળક પર પહેરાવેલા અલંકાર બરાબર છે. તેથી હું શુભ્રના સંસ્કાર માટે તો ખૂબ સજાગ છું.”

આમ, આપણે પણ વાલી તરીકે બાળકના બાહ્ય વિકાસની સાથે સંસ્કારને પ્રધાનતા આપીએ.

**B : Balance between love, understanding & punishment (બાળકને અપાતાં પ્રેમ, સમજ અને શિક્ષાનું સંતુલન જાળવીએ)**

બહુધા વાલી વર્ગ પ્રેમ, સમજ અને શિક્ષાનું બૅલેન્સ કરવામાં નિષ્ફળ જાય છે. તેથી સંતાનોની કેળવણીમાં અસંતુલન સર્જાય છે. જો આપણે બાળકોનો સર્વાંગી વિકાસ ઈચ્છતા હોય તો આ ત્રણેય બાબતોનું સંતુલન કેળવતા શીખવું પડશે.

આપણા ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણના દિવ્યજીવનને નિહાળીએ તો તેઓ પોતાના સંત-હરિભક્ત સમાજને પોતાની રુચિ મુજબ વર્તાવી મૂર્તિસુખભોક્તા કરવા આ ત્રણેય કળાઓમાં પાવરધા હતા.

શ્રીહરિનું દિવ્ય હાસ્ય, ઘોડા ખેલાવી આનંદ કરાવવો, પિરસણ લીલા દ્વારા સુખ આપવું, ભેટીને, પ્રસાદીનાં વસ્ત્રો-અલંકારો આપીને રાજીપો આપવો, રંગે રમાડવા કે રાસ રમાડીને સંતો-ભક્તોને પોતાના દિવ્ય પ્રેમથી ભીંજવી દેવા... શ્રીહરિ દ્વારા મળતાં આ સુખોની આગળ દુન્યવી પ્રેમ તેમને ફિક્કો લાગતો.

વળી સમયોચિત જ્ઞાનવાર્તા તથા કીર્તનભક્તિ દ્વારા નિજદર્શન કરાવી સંતો-ભક્તોને સાચી સમજ પૂરી પાડતા તેમજ ઘણી વખત નારાજગીના ભાવ દર્શાવીને, સંતોના ઘડતર માટે ૧૧૪ આકરાં પ્રકરણ ફેરવીને, આકરાં વેણ ઉચ્ચારીને નિજાશ્રિતનું ભલું ઈચ્છતા. જેના દ્વારા હજારો સંતો તથા લાખો હરિભક્તો શ્રીહરિને વશ વર્તતા અને મોક્ષ માર્ગ સરાધાર પાર પાડતા. આપણે તો માત્ર આપણા એક-બે બાળકોને આપણા કહ્યામાં વર્તાવી તેને સુસંસ્કારી તથા ચારિત્ર્યવાન બનાવવાનાં છે. તો બાળક સાથે ક્યારે, કેવી રીતે, કેવો વર્તાવ કરવો જોઈએ ?

આવો, વાસ્તવિક જીવનમાં આપણે કેવી ભૂલો કરતા હોઈએ છીએ અને શું કરવું જોઈએ તે સમજીએ :

**પ્રેમ :** દીકરો રોહિત શાળાએથી ખુશ થતો થતો ઘરે આવ્યો. તેના મુખ પરની હાસ્યરેખા કળવા છતાંય અમિતાબેન તેને નજરઅંદાજ કરી ઘરના કામમાં પરોવાયેલાં રહ્યાં. અમિતાબેનને થયું, ‘હમણાં રોહિતને તેના આનંદનું કારણ

**પ્રેમ, સમજ અને શિક્ષાનું ખરું સંતુલન કરે તે ખરા વાલી.**

પૂછીશ તો મને ઘરકામ કરવા નહિ દે ને બકબક ચાલુ કરશે.' રોહિત બિચારો મમ્મીનો પ્રતિભાવ ન મળતાં ગરીબડો થઈ રમવા જતો રહ્યો.

આમ કરવાથી દીકરો માતાપિતાથી દૂર થતો જાય. તે કરતાં અમિતાબેન દીકરાને નજીક બોલાવી આતુરતાપૂર્વક તેના આનંદનું કારણ પૂછી તેના આનંદમાં સહભાગી બને તો તે બાળક કેટલો રાજી થાય ! આપણે પણ એક મિનિટ આ અંગે વિચારીએ... આપણે શું કરીએ છીએ ? આમ, જ્યાં સુધી બાળક વાલીના કહ્યામાં રહે, વાલીની આજ્ઞા વિરુદ્ધ કશું જ ન કરે ત્યાં સુધી વાલીએ બાળકને પ્રેમ આપી જીતવા જોઈએ. એમાંય ટીનએઈજમાં (૧૩થી ૧૯ વર્ષની ઉંમર સુધી) પહોંચેલા તરુણોને સંસ્કારમય કરવા વાલીએ પ્રેમથી કામ લેવું જોઈએ. નહિ તો એની દિશા ને દશા બદલાઈ જાય.

**સમજ :** દીકરી પ્રેક્ષાને ગ્રૅજ્યુએશન પૂર્ણ કર્યા બાદ આગળ માર્કેટિંગ ફિલ્ડમાં માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કરવાની અંતરમાં ખૂબ મહેચ્છા હતી. પ્રેક્ષાનું પરિવાર બૅકગ્રાઉન્ડ જોતાં તેણીના માબાપની ઇચ્છા તેણી માર્કેટિંગ ફિલ્ડમાં માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કરે તેવી ન હતી. તેઓએ પ્રેક્ષાને કહી દીધું કે હવે આગળ ભણવાનું નથી. આનાથી ઘરમાં ઝઘડા-કંકાસ થયા.

આવા સમયે પ્રેક્ષા સાથે મિત્રભાવ કેળવી વાલીએ તેને સમજાવવાનો પ્રયત્ન કર્યો હોત તો... કદાચ પ્રેક્ષા સમજી જાત. આમ અપક્વ મતિએ બાળક કોઈ અયોગ્ય આચરણ ન કરે તે માટે સાર-અસારનો વિવેક આપવા વાલીએ બાળકને સમયોચિત સમજણ આપવી જોઈએ. શું આપણે વાલી તરીકે બાળક સાથે મિત્રભાવ કેળવ્યો છે ?

**શિક્ષા :** આમ તો દીકરો કુંજ દરરોજ પિતા વિમલભાઈના કહ્યા મુજબ રાત્રે ખેલકૂદ કરી ૧૦ વાગે આવી જતો પરંતુ સતત બે-ત્રણ દિવસથી કુંજને ઘરે આવતાં ૧૨ વાગી જતા. માતાએ સમજાવ્યો પણ છતાં કુંજ સમજ્યો નહીં. ત્રીજે દિવસે કુંજે રાત્રે ૧૨:૩૦ વાગે ઘરનો દરવાજો ખખડાવ્યો પણ વિમલભાઈએ ખોલ્યો નહીં. વારંવાર ખખડાવ્યા છતાં વિમલભાઈએ ખોલ્યો નહીં. અંતે વિમલભાઈ બોલ્યા, "કુંજ, તારે જેની જોડે હેત રહે છે તેના ઘેર જતો રહે જા. આજે તો દરવાજો નહિ ખૂલે." કુંજને ભૂલ બદલ પસ્તાવો થયો. બહાર બેસી રડ્યો ને માફી માગી પછી વિમલભાઈએ દરવાજો ખોલ્યો.

આમ, પૂરતો પ્રેમ અને સમજણ આપવા છતાં સંતાન અયોગ્ય આચરણ કરે તો તેના હિત માટે શિક્ષા પણ કરવી જોઈએ પરંતુ શિક્ષા કરવાનો અધિકાર તેવા જ વાલીને છે જે પોતાના બાળકને ભરપૂર પ્રેમ અને સમજ આપી શકતા હોય.

આ રીતે બાળકની સાથે પ્રેમ, સમજ અને શિક્ષાના સંતુલનથી વાલી વર્તે તો બાળકનો જરૂર સર્વાંગી વિકાસ શક્ય બને છે. શું આપણે વાલી તરીકે ત્રણ વાતોનું જીવનમાં સંતુલન કરી શક્યા છીએ ?

જો વાલી આ TBB Conceptથી બાળકનું ઘડતર કરશે તો તેઓ ગુરુજીના સંકલ્પ મુજબ આદર્શ વાલીની ભૂમિકા ભજવી શકશે. તે જ વાલી પોતાનો પરિવાર ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના સંકલ્પે સુખી પરિવાર બનાવી શકશે. તો રાહ શાની જુઓ છો ? TBB Conceptથી બાળકનું ઘડતર કરવું જ છે એવો દૃઢ સંકલ્પ કરીએ.

## SBS સ્પિરિચ્યુઅલ કૅમ્પ

"શ્રીજી અર્થે અમારું જીવન, નક્કી કર્યું છે એક કવન."

બાળપણથી જ એકમાત્ર શ્રીજીમહારાજના અર્થે જ જીવન જીવવાના પાઠ ભણી ઘડતર મેળવી રહેલા SBSના બાળમુક્તોનો બે ગ્રૂપમાં કૅમ્પ યોજાઈ ગયો. તા. ૨૩-૪-૨૦૨૪થી તા. ૨૭-૪-૨૦૨૪ દરમ્યાન એક ગ્રૂપ તેમજ તા. ૧-૫-૨૦૨૪થી તા. ૫-૫-૨૦૨૪ દરમ્યાન બીજું ગ્રૂપ એમ દસ દિવસ દરમ્યાન ગ્રૂપવાઈઝ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. 'વિચારશીલ જીવન' અને 'સંતો સાથે હેત' એમ બે થીમ આધારિત વિવિધ પ્રોગ્રામો દ્વારા આ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. થીમ આધારિત કથાવાર્તા, વિડિયોદર્શન અને ઍક્ટિવિટીનો લાભ લઈ બાળ-બાલિકામુક્તો ખૂબ જ બળિયા થયાં હતાં. કૅમ્પ દરમ્યાન તમામ બાળકોને પૂ. સંતો દ્વારા અને બાલિકા મુક્તોને પૂ. ત્યાગી મહિલામુક્તો દ્વારા પિરસણ લીલા તેમજ અંગત બેઠકનો વિશેષ લાભ આપવામાં આવ્યો હતો.

કૅમ્પ દરમ્યાન તમામ બાળમુક્તોને વ્હાલા ગુરુજીના દિવ્ય સાંનિધ્યનો લાભ મળ્યો હતો. પોતાના વ્હાલસોયા બાળમુક્તોને વ્હાલા ગુરુજીએ પ્રત્યક્ષ પધારી દર્શન-આશીર્વાદ તથા દિવ્યવાણીનો લાભ આપી રાજી કર્યા હતા. વળી, આ કૅમ્પ દરમ્યાન રાત્રિ સેશનોમાં વ્હાલા ગુરુજીએ દૂધપૌંઆ લીલા, તરબૂચ લીલા તથા ફૂલદોલોત્સવ જેવા વિવિધ પ્રોગ્રામોમાં લાભ આપીને આજીવન પર્યંત યાદ રહી જાય તેવી સ્મૃતિ આપી હતી. બાળમુક્તો પણ ગુરુજીના હસ્તે પ્રસાદીનો લાભ લઈ આનંદ-કિલ્લોલ કરવા લાગ્યા હતા.

આમ, આ કૅમ્પ દરમ્યાન ૩૦૦થી પણ વધુ સિલેક્ટેડ બાળ-બાલિકા મુક્તો લાભ લઈ રાજી કરવાના માર્ગે આગળ વધ્યાં હતાં.



વાલીના પ્રેમાળ સંગાથ વિના બાળકનો વિકાસ થતો નથી.

# સંસ્કારની
# પા પા પગલી



શિલાબેન અને દિપેશભાઈ પોતાના પાંચ વર્ષના દીકરા શૌર્યને લઈ બાળ કેળવણીકાર ડૉ. સંદીપ ધોળકિયાને મળવા માટે ગયાં. શિલાબેને જય સ્વામિનારાયણ કહી પોતાના પરિવારની વિગત આપી શૌર્ય તરફ આંગળી કરી કહ્યું, "સાહેબ, અમારો દીકરો શૌર્ય પાંચ વર્ષનો થયો છે. અમારે તેને સંસ્કારી – આદર્શ બનાવવો છે તો તેનામાં સંસ્કાર આપવાની શરૂઆત ક્યારથી કરવી ?"

ડૉક્ટર મર્મમાં હસ્યા અને કહ્યું, "સૉરી મૅડમ, તમે છ વર્ષ મોડાં પડ્યાં છો." દિપેશભાઈએ આશ્ચર્ય સાથે કહ્યું, "સર, શૌર્ય તો હજુ માંડ પાંચ વર્ષનો થયો છે છતાં તમે મોડાં પડ્યાં એમ કહો છો ? કાંઈ સમજાયું નહીં." શિલાબેને કહ્યું, "સર, હજુ શૌર્ય માંડ કંઈક સમજતો થયો છે તો પછી એ પહેલાં કેવી રીતે સંસ્કાર આપવા ?" "શિલાબેન, દિપેશભાઈ, બાળકમાં સંસ્કારનું સિંચન જન્મ પછી નહિ પરંતુ માતાના ગર્ભમાંથી કરવાનું હોય છે. એટલે મેં તમે છ વર્ષ મોડાં પડ્યાં એમ કહ્યું." ડૉક્ટરે સમજાવ્યું. "એટલે કે સાહેબ, શૌર્યની મમ્મી પ્રેગ્નન્ટ બને તે પહેલાં અમારે તમારી પાસે આવવું જોઈતું હતું એમ ને ?" શૌર્યના પિતા બોલ્યા. "હા, એમ જ." ડૉક્ટરે હા પુરાવી.

"ગર્ભમાં સંસ્કાર આપવાનું આટલું બધું મહત્ત્વ કેમ ?" શિલાબેને ઉત્સુકતાથી પૂછ્યું. ડૉક્ટરે સ્પષ્ટતાથી જવાબ આપ્યો, "બાળકના જન્મ પછી તેના જીવનમાં સંસ્કારનું સિંચન કરવા સો વર્ષ સુધી શ્રેષ્ઠ શાળાના શ્રેષ્ઠ શિક્ષકો મથે, શ્રેષ્ઠ ધર્મગ્રંથોનું બાળક પોતે વાંચન કરે, પોતે મંદિર દર્શન તથા સંત સમાગમ કરે, મારા જેવા શ્રેષ્ઠ કેળવણીકારો મથે તે કરતાં પણ નવ મહિના દરમ્યાન માતાએ કાળજીપૂર્વક આપેલા સંસ્કારોની અસર બાળક ઉપર વિશેષ થાય છે. અર્થાત્ જે કામ સો વર્ષમાં પણ ન થાય તે કામ નવ માસમાં માતાના ગર્ભના સંસ્કારો દ્વારા

થાય છે. નવ માસ દરમ્યાન માતા દ્વારા જેવા ઉચ્ચ આધ્યાત્મિક અને વ્યવહારિક જ્ઞાનના સંસ્કાર અપાય એવા સંતાનનો જન્મ થાય છે. માટે ગર્ભમાં જ સંસ્કાર આપવા અતિ મહત્ત્વનું છે. તેથી જ ભારતીય સંસ્કૃતિના ધુરાવાહક ઋષિમુનિઓએ ગર્ભ સંસ્કારની પ્રણાલિકા પ્રસ્થાપિત કરી છે. લાગે છે ને કે હવે તમે છ વર્ષ મોડાં પડ્યાં?"

"હા સાહેબ, અમે મોડાં પડ્યાં. બહુ મોડાં પડ્યાં પણ અમે બીજા સંતાનની પ્રાપ્તિ માટે આયોજન કરી રહ્યાં છીએ તો અમને ગર્ભ સંસ્કારનું વિશેષ મહત્ત્વ જણાવશો ?" શિલાબેને કહ્યું. "હા, ચોક્કસ. કેમ નહીં ?" ડૉક્ટરે આગળ વિશેષ સમજૂતી આપવા માંડી.

શેરીની કૂતરી ગલૂડિયાને જન્મ આપે અને એક માતા બાળકને જન્મ આપે એ બે વચ્ચે શું ફેર ? જો માતા ગર્ભમાં સંસ્કાર આપ્યા વિના અસંસ્કારી સંતાનને જન્મ આપે તો કાંઈ ફેર નહીં. પરંતુ ગર્ભમાં ઉચ્ચ સંસ્કારોનું સિંચન કરી શ્રેષ્ઠ સંસ્કારી બાળકને જન્મ આપે તો ઘણો ફેર જ નહિ; બેની તુલના જ ન થાય. એટલે જ માતાને ઉપદેશ અપાયો છે કે,

"જનની જણ તો ભક્ત જણ, કાં દાતા કાં શૂર,
નહિ તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર."

અર્થાત્ માતા તરીકે જન્મ આપવો હોય તો ભક્ત, દાનવીર કે શૂરવીર સંતાનને જન્મ આપજો. જો આવા સંતાનને જન્મ ન આપી શકાય તો નિઃસંતાન (વાંઝિયા) રહેવું પરંતુ સ્ત્રીત્વની શક્તિ (નૂર) ન ગુમાવવી.

જે કરુણામૂર્તિ પણ અફસોસ વ્યક્ત કરતાં કહેતા, "આપણે ઈજનેર કે શિક્ષક તૈયાર કરવા યુનિવર્સિટીઓ ખોલી છે પરંતુ સમાજમાં તેના કરતાં અનેકગણી જવાબદારી છે માતાપિતાની. પરંતુ માતાપિતા બનવા માટે કોઈ યુનિવર્સિટી નથી તે ખૂબ અફસોસજનક છે." એટલે કે સંસ્કારી માબાપ જ સંસ્કારી સંતાનને જન્મ આપી શકે.

સંતાનને જન્મ આપતા પહેલાં દંપતીને પોતાના જીવનમાં કેવા સંસ્કાર દૃઢ કરવા અને ગર્ભમાં કેવી રીતે સંસ્કાર આપવા તેનું શિક્ષણ અપાતું નથી.

પ્રશ્ન થાય કે સંસ્કાર એટલે શું ? તો, સંસ્કારની વ્યાખ્યા કરતાં ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી કહે છે, "શિલ્પી પથ્થરને કોતરી તેમાંથી નકામો ભાગ કાઢી નાખી સુંદર મૂર્તિ ઘડે તો તે શિલ્પીએ પથ્થરને સંસ્કાર આપ્યા કહેવાય. મિસ્ત્રી લાકડામાં કોતરણી કરી સુંદર મૂર્તિ બનાવે તો તે મિસ્ત્રીએ લાકડા ઉપર સંસ્કાર આપ્યા કહેવાય. લોટમાંથી સ્વાદિષ્ટ આઈટમ બનાવવી તે લોટ ઉપર આપેલા સંસ્કાર છે. સોની સોનાને ઘડીને સુંદર દાગીના બનાવે તો તે સોના ઉપર આપેલા  સંસ્કાર છે. તેમ ગર્ભમાં પ્રવેશેલા આત્માને સંસ્કાર આપવા માતા ઉત્કૃષ્ટ વિચારોના મનન-ચિંતવન અને ધાર્મિક ક્રિયાઓ દ્વારા જે અધ્યાત્મ અને વ્યવહારિક જ્ઞાન આપે તે ગર્ભ સંસ્કાર કહેવાય.

### ગર્ભ સંસ્કારની શરૂઆત ક્યારથી કરવી ?

#### ૧. સંતાન પ્રાપ્તિના સંકલ્પ સાથે

આજે સમાજમાં બહુધા માતાપિતા સંતાનના જન્મ પછી તેના સંસ્કાર માટે ચિંતિત બને છે પરંતુ સંતાન પ્રાપ્તિના સંકલ્પ સાથે જાગૃત બની જાય તો ? એક માતાપિતા દ્વારા દેશને, સમાજને, સત્સંગને આદર્શ બાળકની ભેટ આપી શકાય. આદર્શ બાળક જ આદર્શ નાગરિક, આદર્શ નેતા બને છે. અધ્યાત્મ માર્ગમાં પણ તે જ ઉત્કૃષ્ટ મુમુક્ષુ અને સ્થિતિવાળા અનાદિમુક્ત બની શકે છે. તે માટે...

- સંતાનપ્રાપ્તિના સંકલ્પની સાથે માતાપિતાએ કેવા બાળકને જન્મ આપવો છે તેની પરિકલ્પના કરી, મનસા વ્યક્તિત્વ નક્કી કરવું.
- પ્રભુને પ્રાર્થના કરવી.
- મોટાપુરુષના આશીર્વાદ લેવા.
- વિષયથી નિવૃત્તિ લઈ સંયમી બનવું.
- ભજન-ભક્તિમય સાત્ત્વિક જીવનશૈલી કરવી.
- સદ્‌ગુણી જીવન બનાવવું.

#### ૨. જેવું બિયારણ એવી ઊપજ

ખેતરમાં હાઈબ્રિડ સારી ક્વૉલિટીનું બીજ વાવીએ તો ફસલ રૂપે અનાજ પણ શ્રેષ્ઠ જ તૈયાર થાય છે. તેમ ગર્ભસ્થ સંતાનમાં જો માતા મહારાજ અને મોટાપુરુષના ઉચ્ચ આદર્શો-સંકલ્પોના મનન-ચિંતવન તથા ધાર્મિક ક્રિયાઓ દ્વારા શ્રેષ્ઠ સંસ્કારોનું સિંચન કરે તો શ્રેષ્ઠ સંતાનની પ્રાપ્તિ થાય છે.

જીજાબાઈએ શિવાજીને ગર્ભમાં શૂરવીર વીરોની કથાઓ સંભળાવી હતી. જન્મ પછી શૂરવીરતાનાં હાલરડાં ગાયાં હતાં. તેથી યુવાનીમાં પ્રવેશતાં જ શિવાજીએ ઔરંગઝેબને જીતી મુગલ સામ્રાજ્યનો અંત લાવી હિન્દુપત પાદશાહીની સ્થાપના કરી હતી.



માતા જે ધારે તે કરે; ચાહે તો કુળ તારે ને ચાહે તો ડુબાડે.

નેપોલિયન બોનાપાર્ટ મહાન યોદ્ધા બન્યા તેનું કારણ શું તમે જાણો છો ? તેમણે યુદ્ધનું જ્ઞાન કઈ શાળામાં લીધું હતું તે તમે જાણો છો ? માતાના ગર્ભની શાળામાં.

નેપોલિયનનાં માતા સગર્ભા હતાં ત્યારે તેમના પતિને ભારે સંઘર્ષમય યુદ્ધો ખેલવા પડ્યાં હતાં. યુદ્ધ દરમ્યાન નેપોલિયનના માતાને પણ પતિ સાથે ઘોડા પર બેસી યુદ્ધમાં જવું પડતું હતું. નવ માસ દરમ્યાન તેમણે યુદ્ધમાં સતત સતર્કતા, ચપળતા અને યુદ્ધ નીતિની વિચારણા કરવી પડતી હતી. યુદ્ધમાં વેઠવાં પડતાં કષ્ટો, દુઃખો તેમને સામાન્ય થઈ ગયાં હતાં. તેમને કદી ભય લાગતો ન હતો. પરિણામે ગર્ભમાં યુદ્ધનીતિનાં ઉચ્ચ સંસ્કારો પામી નેપોલિયન યુરોપના દેશોને થરથર ધ્રુજાવનાર મહાયોદ્ધા બન્યા.

કરમસદના લાડબા ઝવેરભાઈ પટેલ સગર્ભા હતાં ત્યારે નવ મહિના દરરોજ ચાલતાં વડતાલ મંદિરે હરિકૃષ્ણ મહારાજનાં દર્શન કરવા જતાં. હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ સામે બેસી દસ કીર્તન બોલતાં, સ્વામિનારાયણ મહામંત્રની માળા સાથે સો પ્રદક્ષિણા કરતાં. નવ માસ સુધી તેમણે આ ક્રમ અવિરતપણે ચાલુ રાખ્યો હતો. સતત સ્વામિનારાયણ મહામંત્રના રટણ અને મહારાજની મૂર્તિના ચિંતવનથી ગર્ભમાં રહેલા સંતાનમાં ઉચ્ચ સંસ્કારોનું સિંચન થયું. જેની ફલશ્રુતિ રૂપે ભારત દેશને સરદાર વલ્લભભાઈ પટેલ જેવા લોહપુરુષની ભેટ મળી.

સદ્. રામાનંદ સ્વામી રાજસ્થાનના ખાણ ગામે શંભુદાન ગઢવીના ઘરે રોકાયા હતા. રોકાણ દરમ્યાન તેઓ દરરોજ કથાવાર્તા, ભજન-કીર્તન કરતા. એ વખતે શંભુદાનજીનાં ધર્મપત્ની લાડુબા સગર્ભા હતાં. તેઓ એકાગ્રચિત્તે કથાશ્રવણ કરતાં. શ્રદ્ધાપૂર્વક ભજન-કીર્તનમાં જોડાતાં. તેમણે બાળકને ગર્ભમાં જ અધ્યાત્મ સંસ્કારોનું સિંચન કર્યું હતું. તેથી મહારાજની કૃપાએ તેમના કૂખે લાડુદાન ગઢવી અર્થાત્ સંત શિરોમણિ સદ્. બ્રહ્માનંદ સ્વામી જેવા સમર્થ સત્પુરુષનું પ્રાગટ્ય થયું. આ છે પ્રભાવ ગર્ભ સંસ્કારનો.

**માતાનાં વાણી, વર્તન, સંસ્કાર અને વાતાવરણની ગર્ભસ્થ સંતાન ઉપર અસર :**

ગર્ભાવસ્થા દરમ્યાન માતા જેવા વાતાવરણમાં રહે છે, જેવું બોલે છે, વિચારે છે, સૌની સાથે વ્યવહાર કરે છે તે બધાની અસર ગર્ભસ્થ સંતાન ઉપર પડે છે. માતાપિતાના ૫૦% સંસ્કાર સંતાનને જીન્સમાં (વારસામાં) મળતા હોય છે અને ૫૦% સંસ્કાર પોતે કેળવવાના હોય છે માટે માતાપિતાના સંસ્કારની બાળક પર બહુ મોટી અસર પડે છે.

શ્રીજીમહારાજ એક વખત કારિયાણી વસ્તાખાચરના દરબારમાં પધાર્યા હતા. વસ્તાબાપુએ મહારાજને પ્રાર્થના કરી કે, “અમારી ઘોડી ઊંચી જાતની છે છતાં તેને કાયમ એક આંખે કાણાં વછેરાં જ જન્મે છે. એનું કારણ શું હશે ?” શ્રીહરિએ મંદહાસ્ય સાથે કહ્યું, “બાપુ, તમારી ઘોડીનો રખેવાળ એક આંખે કાણો છે. રખેવાળ ઘોડીને બહુ સાચવે છે એટલે ઘોડીને એની સાથે બહુ પ્રીતિ છે. ઘોડીના ગર્ભમાં વછેરું હોય ત્યારે ઘોડીને હેતે કરી કાણા રખેવાળનું ચિંતવન થાય છે. આખો દિવસ તેને જ જુએ છે. તેથી ઘોડીની કૂખે કાણાં વછેરાં જન્મે છે. માટે તમે રખેવાળ બદલી નાખો.” વસ્તાખાચરે રખેવાળ બદલતાં ઘોડીને સારાં વછેરાં જન્મવા માંડ્યાં.

ઘરના વાતાવરણની પણ એટલી જ ઊંડી અસર પડે છે. એક પરિવારમાં સાસુ-વહુ વચ્ચે અણબનાવ. સાસુ-વહુ વચ્ચે ઉગ્ર બોલાચાલી, ઝઘડા ચાલતા રહેતા. આવા સંજોગમાં વહુ સગર્ભા બની. ઝઘડા દરમ્યાન સાસુ વહુને ખૂબ ગંદી ગાળો, અપશબ્દો બોલતાં. કટુ વાણીએ તુંકારા કરતાં. આ જ વાતાવરણમાં નવ માસ વીત્યા. દીકરાનો જન્મ થતાં વહુ દવાખાનેથી સીધા પિયર ગયાં. દીકરો ચાર માસનો થયા પછી તેઓ પિયરથી સીધા સાસુ-સસરાથી દૂર અલગ મકાન લઈ તેમાં રહેવા ગયાં.

દીકરો બે વર્ષનો થયો. બોલતા શીખ્યો ત્યારે સૌપ્રથમ મા, બા, કાકાને બદલે ગાળ જ બોલતા શીખ્યો. ગંદા અપશબ્દો બોલવા માંડ્યો. દીકરાએ જન્મ પછી દાદીને જોયા પણ નથી. એક દિવસ તેમની સાથે રહ્યો નથી છતાં દાદી જેવી જ ગંદી ગાળો, કટુ વચનો બોલતા શીખ્યો. કેવી રીતે ? તો ગર્ભાવસ્થાના સંસ્કારમાં આ જ મળ્યું હતું. આજે દીકરાની મા ગમે તેટલું સમજાવે, ધોલધપાટ કરે છતાં આ કુસંસ્કારો જતા નથી. ઘણી વાર માતાપિતા સત્સંગના યોગમાં હોય, નવ માસ દરમ્યાન પણ ધાર્મિક પ્રવૃત્તિ કરી હોય છતાં અસંસ્કારી, તોફાની, ખોડખાંપણવાળાં મંદબુદ્ધિનાં બાળકો જન્મે છે. આવું કેમ ?

રસોઈ માટે ગૉળ, તેલ, ઘી, લોટ બધું A ગ્રેડનું હોય,

રેસિપિ પણ સાચી હોય છતાં રસોઈ સારી ન બને એવું બનતું હોય છે તો તેમાં વાંક કોનો ? સીધાં-સામાનનો, રેસિપિનો કે બનાવનારનો ? જેવો રસોઈયો તેવી સ્વાદિષ્ટ રસોઈ બને છે. તેમ માતાપિતામાં જેવા સંસ્કાર હોય તેવા સંતાનમાં આવે છે. માતાપિતાનું અસંયમી જીવન હોય તો બાળક મંદબુદ્ધિનું, ખોડખાંપણવાળું જન્મે છે. ઘણી વાર આવું બને ત્યારે ભાગ્યને દોષ દેતા હોય તે કરતાં માતાપિતા બનતા પહેલાં પોતાના ચારિત્ર્યને, સંસ્કારને, આચરણને શુદ્ધ કરવું બહુ ફરિજયાત છે.

એક માતા તેમના દોઢ વર્ષના દીકરાની ફરિયાદ લઈ મારી પાસે આવ્યાં. તેને મોબાઈલનું ઍડિક્શન થઈ ગયું હતું. દીકરો મોબાઈલ વગર ન જમે, ન સૂવે, ન રમે. દોઢ વર્ષનો હોવા છતાં યૂ-ટ્યૂબ, સોશિયલ સાઈટ્સ બધું ખોલી નાખતો. માતાએ પ્રશ્ન પૂછ્યો, “મેં તો તેને આવું નથી શિખવાડ્યું તો તેને આવડ્યું ક્યાંથી ?”

જવાબ આપવાને બદલે તેમને સામે પ્રશ્ન પૂછ્યો કે, “નવ માસ દરમ્યાન તમે કઈ પ્રવૃત્તિ કરતાં ?” તેમણે કહ્યું, “મારું સ્વાસ્થ્ય સારું રહેતું નહિ તેથી હું બહુધા બેડમાં સૂતાં સૂતાં મોબાઈલમાં પિક્ચર, સિરિયલ અને સોશિયલ સાઈટ્સો જોતી.” તરત જ મેં કહ્યું, “તમારો દીકરો આ બધું ગર્ભમાંથી શીખ્યો છે. તમે એને ગર્ભાવસ્થા દરમ્યાન જે સંસ્કાર આપ્યા છે એ પ્રમાણે જ કરે છે.”

તેની સાપેક્ષમાં એક સગર્ભા માતા નવ માસ દરમ્યાન વિશેષે કરીને **SMVS** સ્વીટ સ્વામિનારાયણ ધૂન તેમને બહુ ગમતી હોવાથી સાંભળતાં. સ્વામિનારાયણ મહામંત્રનું શ્રદ્ધાપૂર્વક રટણ કરતાં, ક્યારેક ધીમા અવાજે સ્પીકરને ઉદર નજીક મૂકી ગર્ભસ્થ શિશુને સંભળાવતાં. જન્મ બાદ દીકરો જ્યારે પણ રડતો હોય ત્યારે આ ધૂન મૂકે કે તરત તે શાંત થઈ જતો. બીજી ધૂન કરતાં તેને આ ધૂન પ્રત્યે વિશેષ લગાવ રહેતો જાણે કે તે ધૂનના ટ્યૂનથી તે પરિચિત ન હોય ! આમ, માતા જે જુએ, સાંભળે કે વાંચે તે બધાની અસર ગર્ભસ્થ સંતાન ઉપર પડે છે.

**● નવ માસ દરમ્યાન માતાએ શું કરવું ?**

૧. નિત્ય મંદિર દર્શન કરવાં.
૨. ગુરુજીની દિવ્યવાણીનું શ્રવણ કરવું.
૩. વચનામૃત તથા બાપાશ્રીની વાતો આદિ સદ્‌ગ્રંથોનું વાંચન-મનન કરવું.
૪. સ્વામિનારાયણ મહામંત્રની ધૂન ૧૫થી ૩૦ મિનિટ કરવી.
૫. બાળકને જેવા સંસ્કારયુક્ત કરવું હોય તેવા ગુણો કેળવવા. તેવા ગુણનું મનન-ચિંતવન કરવું.
૬. ગાણિતિક પઝલ, કોયડા, યોગ-કસરત વગેરે કરવું.

**● નવ માસ દરમ્યાન શું ન કરવું ?**

૧. મોબાઈલ, ટી.વી., ઈન્ટરનેટ, ગંદાં-બીભત્સ ચિત્રો જોવાનો સદંતર ત્યાગ કરવો. ગંદું વાંચન ન કરવું.
૨. પોતાનું અને ભાવિ બાળકનું સ્વાસ્થ્ય સારું રહે તે માટે બજારુ ખાણીપીણીનો ત્યાગ કરવો.
૩. ઝઘડા-કંકાસ, માનસિક તણાવથી દૂર રહેવું.

ડૉક્ટરનું ગર્ભ સંસ્કારનું માર્ગદર્શન સાંભળી શિલાબેન અને દિપેશભાઈએ તેમનો આભાર માન્યો. આ વાતને આપણા પરિવારમાં પણ લક્ષ્યમાં લઈએ અને જન જન સુધી પહોંચાડી આદર્શ બાળપેઢી તૈયાર કરી સત્સંગના, દેશના આદર્શ યુવાનો તૈયાર કરવામાં સહભાગી બનીએ.

## સંસ્થા ગૌરવ

**રિયા પ્રવીણભાઈ નંદાણી – સ્વામિનારાયણ ધામ.**

સ્વામિનારાયણ ધામ સેન્ટરના બાલિકા રિયા નંદાણીએ ઈ.સ. ૨૦૨૪ દરમ્યાન ગુરુગ્રામ ખાતે આયોજિત સેકન્ડ ડાઉન્ડ સિન્ડ્રૉમ નૅશનલ ગેઈમ્સમાં નૅશનલ લેવલે સિલ્વર મેડલ (2nd રૅન્ક) મેળવીને સંસ્થાનું ગૌરવ વધારેલ છે. મહાપ્રભુના ચરણે એ જ પ્રાર્થના કે તેઓ ભવિષ્યમાં આ જ રીતે ઝળહળતી સફળતા પ્રાપ્ત કરતા રહે.



જે જેવું ચિંતવન કરે તે તેવા સંતાનને ઘડે છે.



# સંસ્કારી સમાજના ઉત્તમ માળી : શિક્ષક

આ વિશ્વને બદલવું હોય તો એનો આરંભ બાળકથી કરવો પડે અને બાળકનું ભણતર, ગણતર અને ઘડતર સુજ્ઞ શિક્ષકબંધુઓના હાથમાં છે. શિક્ષણ જીવન સાધનાનો એક વિષય છે. શિક્ષક જીવન સાધક છે. એના વર્ગખંડમાં એ વિશ્વ ઘડે છે. આમ, શિક્ષકનો વ્યવસાય પવિત્ર અને બહુ જવાબદારી ભર્યો છે. આવા પવિત્ર વ્યવસાયમાં પ્રૉફેશનલ અભિગમ કેમ ચાલે ? એ માટે શિક્ષણ પ્રવૃત્તિ કરનાર દરેક વ્યક્તિએ સૂક્ષ્મ વિવેકશક્તિ દાખવવાની છે. જરા સરખી બેદરકારી કેટકેટલાનાં જીવન સ્થગિત કરી દે; કેટકેટલાનાં જીવન ખીલ્યા વગરનાં રહી જાય ! માત્ર પુસ્તકિયું જ્ઞાન આપે તે શિક્ષક નહિ પરંતુ પુસ્તકના જ્ઞાનને આચરણમાં મુકાવી ખાસ આદર્શો સાથે વિદ્યાર્થીનું સર્વાંગ ઘડતર કરે તે શિક્ષક.

શિક્ષકનું ક્ષેત્ર ઘણું વિરાટ છે. એનું કાર્ય ક્રાંતિકારી છે. બાળકે કેવી રીતે ભણવું, લખવું, વાંચવું, બોલવું એ શીખવવું અઘરું નથી. હા, એનાથી બાળક હોશિયાર બને છે. પણ આ બધો એનો એકાંગી વિકાસ છે. આજનો વિદ્યાર્થી કારકિર્દીલક્ષી બન્યો છે પરંતુ આદર્શલક્ષી કે સંસ્કારલક્ષી બન્યો નથી.

**આમાં વાંક કોનો ? વિદ્યાર્થીનો કે શિક્ષકનો ?**

આજની શિક્ષણ પદ્ધતિમાં શિક્ષકોની એવી વિચારધારા હોય છે : વિદ્યાર્થીઓને પરીક્ષામાં સારામાં સારા માર્ક્સ કેમ અપાવવા અને શાળા તથા પોતાનું નામ કેમ રોશન કરવું ? આ માટે કેટલાક શિક્ષકો પરીક્ષા ખંડમાં વિદ્યાર્થીઓ ચોરી કરતા હોય તો આંખ આડા કાન કરતા હોય છે. તે તેમને ચોરી કરવાની ડાઈરેક્ટ-ઇનડાઈરેક્ટ પ્રેરણા આપી જાય છે !!

ઉપરોક્ત વાસ્તવિકતાને સમર્થન આપતું જીવંત દૃષ્ટાંત મહાત્મા ગાંધીજીએ પોતાની આત્મકથામાં લખ્યું છે.

“હું હાઈસ્કૂલના પહેલા વર્ષમાં હતો ત્યારે પરીક્ષા વખતે કેળવણી ખાતાના ઈન્સ્પેક્ટર જાઇલ્સ નિશાળ તપાસવા આવ્યા હતા. વિદ્યાર્થીઓને તેમણે પાંચ શબ્દો લખાવ્યા. તેમાં એક શબ્દ ‘કેટલ’ (Kettle) હતો. તેની જોડણી મેં ખોટી લખી.

માસ્તરે મને પોતાના બૂટની અણી મારી ચેતવ્યો. પણ મને ખબર ન પડી કે માસ્તર મને સામેના છોકરાની પાટીમાં જોઈ લઈ જોડણી સુધારવાનું કહે છે. માસ્તર તો અમે એકબીજામાંથી ચોરી ન કરીએ એ જોતા હતા એવું મેં માનેલું.''

આમ, શિક્ષક જ્યારે પોતાની ભૂમિકા ચૂકી જાય છે ત્યારે માત્ર વિદ્યાર્થીનું જ નહિ, સમગ્ર વિશ્વનું પતન થાય છે.

બૅચલર્સ, માસ્ટર્સ અને ડૉક્ટરીનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે દક્ષિણ આફ્રિકાની એક યુનિવર્સિટીના પ્રોફેસરે યુનિવર્સિટીના પ્રવેશદ્વાર પર એક અર્થસભર સંદેશો દર્શાવતું બોર્ડ મૂક્યું કે, ''કોઈ પણ રાષ્ટ્રના પતન માટે અણુબૉમ્બ કે લાંબી રેઈન્જની મિસાઈલના ઉપયોગની જરૂર નથી. રાષ્ટ્રના પતન માટે જરૂર હોય છે શિક્ષણની ગુણવત્તાના ઘટાડાની અને વિદ્યાર્થીઓને પરીક્ષામાં છેતરપિંડી કરવા છૂટ આપવાની.''

કારણ, આવી રીતે તૈયાર થયેલા ડૉક્ટર કેટલાય દર્દીના જીવ લે, આવી રીતે તૈયાર થયેલા એન્જિનિયરના હાથે બનેલા પુલ તૂટતાં કેટલાયના જીવ જોખમમાં મુકાય. આવી રીતે તૈયાર થયેલા જજ તથા વકીલ દ્વારા કેટલાયને અન્યાય સહન કરવો પડે. આવી રીતે તૈયાર થયેલા શિક્ષકોના હાથે ભાવિ પેઢીની કારકિર્દી અંધકારમાં જ સરી જાય કે બીજું કાંઈ?

આવું ન થાય તે માટે શિક્ષકે ખૂબ જાગ્રત થવાની જરૂર છે. ભારતીય સંસ્કૃતિમાં સચવાયેલા વિનય, વિવેક, આદર, સત્ય, અહિંસા, પ્રેમ, દયા-કરુણા, પ્રામાણિકતા, કુટુંબભાવના, અરસપરસ આત્મીયભાવના જેવા સંસ્કારો જતે દહાડે રખે ધ્વંસ થઈ જાય બલ્કે પેઢી દર પેઢી આ આદર્શો, મૂલ્યો જળવાયેલાં રહે. આ કાર્ય માબાપથીય વિશેષ સુજ્ઞ શિક્ષકબંધુઓ કરી શકે તેમ છે. કારણ કે ક્યાંક વિદ્યાર્થી પર માતાપિતાનો પ્રભાવ હોય છે તેથી વિશેષ શિક્ષકોનો પ્રભાવ હોય છે.

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ જ્ઞાનસત્ર-૧૭માં જણાવેલું કે, ''શિક્ષકો એ સંસ્કારોનું જનરેટર છે. સંસ્કારી શિક્ષકો જ સંસ્કારી વિદ્યાર્થીઓ પકવી શકે. શિક્ષકો બીડી-સિગારેટ પીતા હોય, માવા-મસાલા ખાતા હોય તો વિદ્યાર્થીમાં નિર્વ્યસની થવાના સંસ્કાર ક્યાંથી સીંચી શકશે? માટે વિદ્યાર્થીમાં સંસ્કારની પ્રેરણા આપવાની શિક્ષકની બહુ મોટી જવાબદારી છે.'' શિક્ષકો કેવા હોવા જોઈએ? તે અંગે જાણીએ.

### ૧. શિક્ષક : સંસ્કારદાતા

માતાપિતાને પગે લાગવામાં બાળકને શરમ આવતી હોય છે. સ્વતંત્રતાની હોડમાં આજે બાળક માતાપિતાનો આદરભાવ ચૂકે છે. માતાપિતાની છત્રછાયા તેને જેલના સળિયા ગણવા બરાબર લાગે છે. આવા સમયમાં શિક્ષકમિત્રોએ જ બાળકોના માનસમાં શ્રવણ જેવા સંસ્કારી પુત્રોની કથા કહી માતાપિતાનું મહત્ત્વ ઉપસાવવું જોઈએ. પૂર્વે શિક્ષકો કેવી યુક્તિથી વિદ્યાર્થીઓને માતાપિતા પ્રત્યેનો આદરભાવ શીખવતા!!

એક શ્રીમંત યુવક પરદેશથી ભારત પરત આવવાના હતા. એ જ દિવસે તેમના પ્રમુખપદે એક ધાર્મિક સભાનું આયોજન નક્કી થયું હતું. એરપોર્ટ પરથી ગાડીમાં બેસી સીધા તેઓ સભા સ્થળે પહોંચ્યા. સભામંચ પર આવીને પ્રમુખપદની ખુરશી પર બેસવા જાય છે ત્યાં જ તેમની નજર મહિલાઓના વિભાગમાં બેઠેલા તેમનાં માતુશ્રી પર ગઈ. તેઓ ખુરશી પર બેસવાનું પડતું મૂકી મંચ પરથી ઊતરીને માતાના ચરણમાં પડી ગયા. આશિષ લીધા પછી જ ખુરશીમાં બેઠા.

શ્રોતાગણમાંથી કોઈકે તેમની માતૃભક્તિનું કારણ પૂછ્યું ત્યારે યુવકે કહ્યું, ''અમે નાના હતા ત્યારે પાઠશાળામાં ભણવા જતા. એ વખતે અમારા માસ્તર જે વિદ્યાર્થી માબાપને પગે લાગે તેને રોજ પાંચકો ઈનામમાં આપતા. પાંચકાની લાલચે એ સંસ્કાર મારા જીવનમાં વણાઈ ગયા. આજે મને રાત્રિ-દિવસ રહે છે કે, હું જે કાંઈ છું તે મારા માતાપિતાના આશિષથી જ છું. વિશેષ ઋણી મારા સાહેબનો છું કે જેમણે સ્વખર્ચે અમને પાંચકાની લાલચ આપીને પણ આવા ઉમદા સંસ્કાર આપ્યા.''

વિદ્યાર્થીઓમાં શિક્ષણની સાથે વડીલો પ્રત્યે આદરભાવ સીંચવાની માસ્તરની કેવી સરળ પદ્ધતિ!!

### ૨. શિક્ષક : સંસ્કૃતિદાતા

આરતી, પૂજાપાઠ, ધર્મગ્રંથોનું વાંચન, સંત સમાગમ, દેવ દર્શનાર્થે રોજ મંદિરે જવું વગેરે ભારતીય સંસ્કૃતિની ધાર્મિક પરંપરાઓ આજે બાળ-કિશોર-યુવા વર્ગમાં નામશેષ થઈ રહી છે. ઈન્ટરનેટના માધ્યમ દ્વારા સ્માર્ટ ફોનમાં ફેસબુક, ચૅટિંગ, વૉટ્સઍપ તથા મનને નશો ચડાવનાર ગેઈમની પાછળ સમય વિતાવતો બાળક ધાર્મિક પ્રવૃત્તિથી છેટો ભાગતો ફરે છે. પરંતુ શિક્ષકોએ દેશની સંસ્કૃતિ યથાવત્ જળવાયેલી રહે તે માટે સજાગ થવાની જરૂર છે.

ઈ.સ. ૨૦૧૧ની સાલમાં સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલી શ્રી સંકલ્પ વિદ્યાલયમાં ધોરણ ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીને જન્મદિન નિમિત્તે વાણિજ્ય વ્યવહારના શિક્ષકે ભેટમાં 'ધર્મગ્રંથો' આપી શિક્ષણની સાથે સત્સંગ અને

સંસ્કારના માર્ગે ચાલવાની દિશા પ્રેરી ભારતીય સંસ્કૃતિને ઉજાગર રાખવાનો પ્રયાસ સાધ્યો હતો.

અત્યંત ગૌરવની વાત કહેવાય કે આજે મતલબી શિક્ષણ પદ્ધતિની વચ્ચે પણ આવા સંસ્કાર, સત્સંગ અને સંસ્કૃતિનું જતન કરનારા વિરલ શિક્ષકો દેશમાં મોજૂદ છે.

### ૩. શિક્ષક : ઉજ્જ્વળ ભાવિજીવન પ્રદાતા

શિક્ષકનું કામ એક સુંદર બગીચો બનાવનાર માળી જેવું છે. માળી દરેક છોડની સંભાળ છોડના ગુણધર્મ પ્રમાણે જુદી જુદી રીતે લેતા હોય છે અને બાગને સુંદર બનાવે છે. તેમ શિક્ષક દરેક વિદ્યાર્થીની કાળજી તેના સ્વભાવને અનુરૂપ જુદી જુદી પદ્ધતિથી લઈ તેના જીવનને સમૃદ્ધ બગીચા સમાન બનાવે છે. શિક્ષક વિદ્યાર્થીનું ભાવિ ઘડે છે.

નિમિષના વર્ગશિક્ષક એક એક વિદ્યાર્થીનું નામ જાણતા, એના માતાપિતાના વ્યવસાય વિષે જાણતા. પરિણામે દરેક વિદ્યાર્થીને એ સમજી શકતા. નિમિષના પિતા સુથારી કામ કરતા હતા એ વર્ગશિક્ષક જાણતા હતા. નિમિષના પિતા કારીગર હોવાથી એ શરમ અનુભવતો. એ પોળમાં રહેતો હતો. બીજા વિદ્યાર્થીઓ જ્યારે પોતાના પિતાના વ્યવસાય તથા માનમોભાની વાત કરે ત્યારે નિમિષ ચૂપ રહેતો. એ કોઈ વિદ્યાર્થી સાથે મિત્રતા બાંધી શકતો નહીં. કોઈને પોતાના ઘરે બોલાવી શકતો નહીં. આની અસર તેના અભ્યાસ પર પડતી. જે તેના વર્ગશિક્ષકના ધ્યાનમાં હતું.

એક દિવસ વર્ગશિક્ષકે નિમિષની લઘુતાગ્રંથિ ટાળવા તેને સ્ટાફ ઑફિસમાં બોલાવી કહ્યું, “બેટા, તારા પપ્પા તો બહુ સરસ કબાટ બનાવે છે. મારા ઘરે કબાટ બનાવવાનો છે. તું એમને મારા ઘરે મોકલજે અને તું પણ સાથે આવજે.”

નિમિષ પિતાને લઈને વર્ગશિક્ષકના ઘરે ગયો ત્યારે સાહેબે ખૂબ નમ્રતાથી બંનેનો સત્કાર કર્યો. વળી, નિમિષના પિતા કોઈ મોટા અને મહત્ત્વના વ્યક્તિ હોય તે રીતે માનથી વાત કરી. આ જોઈ તેને તેના પિતા પ્રત્યે ખૂબ ગૌરવ થયું. અને પિતાના વ્યવસાય વિષેની લઘુતાગ્રંથિ એના મનમાંથી નીકળી ગઈ. સ્કૂલમાં હવે તે એના પિતા માટે ગૌરવથી વાત કરવા લાગ્યો. અભ્યાસમાં પણ ખૂબ ધ્યાન આપવા લાગ્યો. મોટા થઈ તેઓ નામાંકિત ડૉક્ટર બન્યા. ડૉક્ટર બન્યા બાદ તેઓને પોતાની સફળતાના પ્રેરણાસ્રોત વિષે કોઈ પૂછતા ત્યારે તેઓ સમગ્ર યશ પોતાના શિક્ષકને આપતા. શિક્ષક પ્રત્યેના આદરભાવના કારણે ડૉ. નિમિષભાઈ આ શિક્ષકનો ફોટો પોતાના ટેબલ પર જ રાખતા. શિક્ષક જ્યારે વિદ્યાર્થીના જીવનમાં આવું ઊંચું સ્થાન પ્રાપ્ત કરે છે ત્યારે તે ઔપચારિક શિક્ષક મટી પૂજનીય ગુરુ બને છે. મહાનતાને પામેલ દરેક વ્યક્તિના જીવનમાં એકાદ-બે શિક્ષકો તો એવા હશે જ જેમનું સ્થાન તેમના હૃદયમાં હશે !! કારણ, તેઓ માનતા હોય છે કે પોતે જે કાંઈ છે તે પોતાના એ આદરણીય શિક્ષકને કારણે છે.

### ૪. શિક્ષક : ઉચ્ચ આચરણ પ્રદાતા

હિન્દીમાં કોઈ એક લેખકે કહ્યું છે,

“एक शिक्षक किताबी ज्ञान देता है। एक विद्यार्थी को विस्तार समझाता है। एक स्वयं कार्य करके दिखाता है और एक विद्यार्थी को रास्ता दिखाकर उस पर चलने के लिए छोड़ देता है। ताकि विद्यार्थी अपना स्वतंत्र व्यक्तित्व बना सके।”

અમદાવાદ-પાલડી વિસ્તારની નામાંકિત ઉન્નતિ સ્કૂલના એક વર્ગશિક્ષક દવે સાહેબનો આ પ્રેરણાદાયી પ્રસંગ છે. તેઓ આપણા વ્હાલા ગુરુજીના પૂર્વાશ્રમના અતિ પ્રિય શિક્ષક હતા. તેઓ ઉચ્ચ આચરણ વડે વિદ્યાર્થીઓનું જીવનપરિવર્તન કરતા. સ્વજીવન દ્વારા ઉચ્ચ આચરણના માર્ગે વળવાની પ્રેરણા આપતા.

એક વખત ક્લાસમાં એક ગરીબ વિદ્યાર્થીએ રિસેસના સમયમાં એક વિદ્યાર્થીની બૅગમાંથી રૅમન્ડ કંપનીની નવી ઘડિયાળ ચોરી લીધી. સાહેબ આગળ ફરિયાદ જતાં સાહેબે ક્લાસમાં જાહેરાત કરી કે, “જેણે ભૂલથી ઘડિયાળ લઈ લીધી હોય તે અહીં આગળ આપી જાવ.” પણ પેલા વિદ્યાર્થીની હિંમત ન ચાલી. સાહેબે યુક્તિ કરી. બધા વિદ્યાર્થીઓને પાટલી પર ઊંધા બેસાડી આંખ બંધ કરાવી દીધી. એક પછી એક વિદ્યાર્થીને બૅગ લઈ આગળ આવવાનું કહ્યું. જેની પાસે ઘડિયાળ હોય તેણે ટેબલ પર મૂકી દેવાની. સાતમા-આઠમા નંબર પર આ વિદ્યાર્થીનો વારો આવ્યો. તેણે ઘડિયાળ ટેબલ પર મૂકી દીધી. વિદ્યાર્થી ગયો પછી સાહેબે ઘડિયાળ પોતાના ખિસ્સામાં મૂકી દીધી. છતાં તમામ વિદ્યાર્થીઓને આગળ બોલાવ્યા. બધાને આંખ ખોલાવી ત્યારે ઘડિયાળ સાહેબના હાથમાં હતી. બધાના મનમાં પ્રશ્ન રમ્યા કરતો હતો કે ઘડિયાળ કોણે લીધી હતી ?

સ્કૂલથી છૂટતી વખતે આ ગરીબ વિદ્યાર્થી જેને અવારનવાર ઘનશ્યામભાઈ (ગુરુજી) તરફથી સહાનુભૂતિભર્યો પ્રેમ મળતો તેથી તેણે નિકટતાના નાતે તેમની આગળ આવી ભૂલની કબૂલાત કરી કે, “આપણા સાહેબ કેવા વિશાળ દિલના છે !

સાહેબે મને ચોર ઠેરાવતો બચાવી લીધો. જો હું ખુલ્લો પડી ગયો હોત તો આખી જિંદગી માટે ચોર ઠરત. સાહેબ મને માફ કરી દે તો સારું.''

બીજા દિવસે ઘનશ્યામભાઈએ દવે સાહેબને નામ આપી વાત કરી કે, ''સાહેબ, બિચારા પેલા વિદ્યાર્થીની પરિસ્થિતિ સારી નથી. તેને ઘડિયાળ બહુ ગમતી હતી એટલે લીધી હતી. પણ હવે એણે મારી આગળ કબૂલાત કરી લીધી છે. તેને માફ કરી દેજો.'' આટલું સાંભળતાં દવે સાહેબ જરા લાલપીળા થઈ ગયા ને બોલ્યા, ''તેં મને એ વિદ્યાર્થીનું નામ આપ્યું જ કેમ ?'' ઘનશ્યામભાઈએ આશ્ચર્ય સાથે પૂછ્યું, ''કેમ સાહેબ ? તમને તો ખબર જ હતી ને કે આણે ચોરી કરી છે.'' સાહેબે કહ્યું, ''ના. વિદ્યાર્થી આવે એ પહેલાં હું મારી આંખ બંધ કરી દેતો અને બેસી જાય પછી આંખ ખોલતો. માટે મને ખબર નહોતી કે કોની પાસેથી ઘડિયાળ નીકળી હતી. આજે તેં એનું નામ આપીને મારા મનમાં ખોટો મુદ્દો મૂકી દીધો.''

ઘનશ્યામભાઈએ સાહેબને આવું કરવા પાછળનો ઉદ્દેશ પૂછ્યો ત્યારે કહ્યું, ''બેટા, આ સ્કૂલમાં અમે સાત ગરણે ગાળીને વિદ્યાર્થીઓને ઍડમિશન આપતા હોઈએ છીએ. કદાચ ભૂલ થઈ તો બાળક છે. એને સાચી દિશા આપી સુધારવાનો હોય. ક્યાંક એનું નામ જાણી લીધા બાદ તેની સાથે અન્યાય કરી બેસું તો ! માટે મેં પણ આંખો બંધ જ રાખી હતી.''

આવા શિક્ષકો પોતાના ઉચ્ચ આચરણ દ્વારા વિદ્યાર્થીઓમાં જીવનપરિવર્તન અને સંસ્કારિતાની ચિનગારી પ્રગટાવતા હોય છે. તેથી આજે પણ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી જેવા સમર્થ દિવ્ય સત્પુરુષ તેમને યાદ કરી રાજીપો જણાવે છે.

વિશ્વના ભાવિ ઘડવૈયા શિક્ષકોને નમ્ર અપીલ કે, ચાણક્યનું એક સુવાક્ય હંમેશાં સ્મૃતિપટ પર રાખીએ : ''શિક્ષક કભી સાધારણ નહિ હોતા. પ્રલય ઔર નિર્માણ ઉનકી ગોદ મેં પલતે હૈ.'' સમગ્ર વિશ્વની, દેશની, સમાજની, પરિવારની સલામતી માટે આપના હાથ નીચે તૈયાર થનાર વિદ્યાર્થી પુષ્પોને શિક્ષણની સાથે સંસ્કાર અને જીવન જીવવાની સમજ આપી આપણી શિક્ષક તરીકેની ભૂમિકાને ખરા અર્થમાં સાકાર કરીએ.


5 વર્ષ વિશ્વાસનાં

5 વર્ષ સહકારનાં

5 વર્ષ તમારી પોતાની
SMVS સ્વામિનારાયણ હોસ્પિટલનાં

માત્ર 5 જ વર્ષનાં ટૂંકા સમયગાળામાં

7 લાખથી વધુ દર્દીઓનો વિશ્વાસ






SMVS SWAMINARAYAN HOSPITAL
A Humanitarian Hospital

SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ
SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ રોડ, સ્વામિનારાયણ ધામની બાજુમાં,
કોબા -ગાંધીનગર હાઇવે, ગાંધીનગર - 382 007.
વધુ માહિતી માટે કોલ કરો : 63 59 77 07 25
info@smvshospital.com

Emergency Help Line : 73 73 73 39 04 / 05 I www.smvshospital.com

Follow us :

જ્યાં પ્રાપ્ત થાય છે દવાના રૂપમાં શ્રીહરિની દુવા.





# સંસ્કારનું સિંચન વાણીથી

સજીવ સૃષ્ટિમાં પ્રભુએ મનુષ્યને આપેલી અણમોલ ભેટ એટલે વાણી. મનુષ્ય કરતાં પણ મોટાં મહાકાય શરીરવાળાં ડાયનોસોર, વહેલ, શાર્ક, હાથી જેવા અનેક જીવને પ્રભુએ સર્જ્યાં છે પણ એમને વાણી ન આપી. શું આપણે કદી વિચાર કર્યો છે કે પ્રભુએ પશુ-પંખી, જીવજંતુ કે વનસ્પતિ કોઈને નહિ અને આપણને જ વાણીની ભેટ શા માટે આપી ? વાણીનો ઉપયોગ કરવા બુદ્ધિની ભેટ શા માટે આપી ? તો મનુષ્ય પોતાનું અને સમગ્ર જીવ સૃષ્ટિનું હિત કરી શકે; વ્યવહાર કરી શકે તે માટે વાણીની ભેટ આપી છે.

શ્રીજીમહારાજે ગઢડા પ્રથમ પ્રકરણના ૧૨મા વચનામૃતમાં કહ્યું છે, “શબ્દ જે તે અર્થમાત્રનો આશ્રય છે, ને વ્યવહારમાત્રનો કારણ છે.” અર્થાત્ સમગ્ર વિશ્વમાં જે કાંઈ વ્યવહાર થાય છે, વિશ્વ ચેતનવંતું રહે છે તેનું કારણ વાણી, શબ્દો છે. શબ્દોનો જેવો ઉપયોગ થાય એવું પરિણામ મળે છે.

શબ્દ ઘાવ પણ છે અને મલમ પણ છે. શબ્દથી સર્જન પણ થાય છે અને વિનાશ પણ થાય છે. શબ્દ આત્મીયભર્યા હૂંફાળા સંબંધો પણ બાંધે છે અને ક્લેશ કરાવી સંબંધોને વેરણછેરણ પણ કરે છે. શબ્દો મરતાને જીવતદાન પણ આપે છે અને જીવતાને મોતને ઘાટ પણ ઉતારે છે. શબ્દો બુદ્ધિને દૂષિત પણ કરે છે અને શબ્દોથી સંસ્કારોનું સિંચન પણ થાય છે. તેથી જ વાણી વિષે કહ્યું છે,

“એકની વાણી લાખ લે, એકની લાકડીઓ ખાય,
એક વિદેશ ગયો ન વીસરે, એક પાસે બેઠો ન પોસાય;
જો થાય મીઠી જીભ તો, સર્વે કાર્ય થાય સિદ્ધ,
જીભમાં રાખે ઝેર તો, આખા મુલકથી થાય વેર;
મધુર મીઠે વચન સે, સુખ ઊપજત સહુ ઓર,
યે હી વશીકરણ મંત્ર હૈ, તજિયે બચન કઠોર.”

વિચાર્યા વિના ઉચ્ચારાયેલી કટુ, કુત્સિત, કટાક્ષભરી અને

તોછડી વાણી સામેનાના હૃદયને દૂભવી નાખે છે. કુસંસ્કારનાં બીજ રોપે છે. જ્યારે મીઠાં મધુરાં અમૃત સમ વચનો સામેનાનું દિલ જીતી વશ કરી લે છે. ઉત્કૃષ્ટ સંસ્કારોનું સિંચન કરે છે. પરિવારને સુખી અને આત્મીય બનાવે છે.

વાણી એ વ્યક્તિની આંતરિક સ્થિતિનું અને પરિવારની સંસ્કારિતાનું પ્રતિબિંબ છે. મુખથી ઉચ્ચારાયેલા શબ્દો આપણા આંતરજીવનની સોનોગ્રાફી અને એક્સ-રે છે. જેના અંતરમાં ઈર્ષ્યા, વેરઝેર, દ્વેષ, ક્લેશ, અપરાધવૃત્તિ હોય તેની વાણીમાં તો એ જ નીકળે પરંતુ સામામાં પણ કુસંસ્કારો જ રેડે. જેના જીવનમાં વિવેક, સુહૃદતા, દયા-કરુણા, પવિત્રતા, નિઃસ્વાર્થતા જેવા અનેક સદ્‌ગુણો ધરબાયેલા હોય તેની વાણીમાં અમૃત ઝરતું હોય; જે અનેકમાં સંસ્કારોનું સિંચન કરે, ઉજ્જવળ ભાવિ ઘડે.

દાહોદના એક પરિવારમાં દીકરાનો જન્મ થયો તે પૂર્વેથી ઘરનું વાતાવરણ ઝઘડા-કંકાસવાળું હતું. પરસ્પર ગાળાગાળી અને ઉગ્ર બોલાચાલી થતી. પરિણામે બાળક બોલતા શીખ્યો ત્યારે સૌપ્રથમ ગાળ જ બોલ્યો. વિશેષ તેમના પાડોશી તે જ્યારે ગાળ બોલે ત્યારે તેને ચૉકલેટ અથવા કંઈ ને કંઈ વસ્તુ ઇનામ તરીકે આપતા. બાળકને અણસમજમાં એવી માનસિકતા બંધાઈ ગઈ કે, ‘હું ગાળો, અપશબ્દો બોલું છું તો સૌના આકર્ષણનું કેન્દ્ર બનું છું. બધાને ગમે છે. મને મહત્ત્વ અપાય છે.’ તેથી તે વધુ ને વધુ ગાળો અને અસભ્યતાયુક્ત બોલતો થયો. ઉંમર વધતાં વાણીમાં કટુતા અને કુત્સિતતા પણ વધતી ગઈ.

એક દિવસ ઘરે મહેમાન આવ્યા હતા. પિતાજી મહેમાનને સાંજનું વાળુ કરવા માટે આગ્રહ કરતા હતા પરંતુ તેઓ ના પાડતા હતા. ૧૮ વર્ષીય યુવકે કહ્યું, “કાકા, આમેય વધેલું કૂતરાની ચાટમાં જ નાખવાનું હતું. જમી લો તો એમ માનશું કે કૂતરો ઘરમાં આવીને જમી ગયો. ચાટમાં નાખવાનું કામ ઓછું થયું.”

યુવકની અસભ્ય વાણી સાંભળતાં મહેમાન જમવા તો નહિ, પાણી પીવા પણ ઊભા ન રહ્યા. બંને પરિવાર વચ્ચે સંબંધોમાં તિરાડ પડી ગઈ. આમાં વાંક કોનો ? યુવકનો કે માતાપિતાનો ? અસભ્યતાયુક્ત વાણીએ પરિવારના સંબંધો તોડાવ્યા. તો આપણે પણ આપણા પરિવારને બચાવવા સભ્ય વાણી બોલીએ.

કુત્સિત, તોછડી અને અસભ્ય વાણી નિંદાને પાત્ર બને છે. એક વખત એક ગામમાં બે મુસાફર વિશ્રામ માટે રોકાયા. સવારે એક મુસાફર ગામમાં પટેલના ઘરે ભિક્ષા માગવા ગયા. અહાલેક નાખી, “મૈયા મૈયા, હમકો ભિક્ષાન્ન દે દો.” પટલાણી તરત ઊભાં થયાં અને ગૉળ, ઘી ને લોટનાં સીધાં આપ્યાં. સીધાંમાંથી રસોઈ કરી બંને જમ્યા.

સાંજે બીજા મુસાફરે ભિક્ષા લેવા જવાની હતી. તેણે પેલાને સવારે તેણે શું કર્યું હતું ? ક્યાં ગયા હતા ? તે બધું વિગતે પૂછી લીધું. મુસાફર તો પટેલના આંગણામાં જઈને ઊભા રહ્યા. પટલાણીને સંબોધીને કહ્યું, “ઓ મેરે બાપ કી ઔરત, ભિક્ષા દે દો.” પટલાણી તો અસભ્ય શબ્દો સાંભળતાં જ ક્રોધાયમાન થઈ ગયાં. સીધું તો ન આપ્યું પણ ધોકાથી મેથીપાક આપતાં આપતાં સીધી ગામ બહાર જતી વાટ પકડાવી દીધી. બંનેના સંબોધનોનો અર્થ તો એક જ હતો પરંતુ વાણીના ભેદને કારણે પરિણામ વિભિન્ન આવ્યું.

ઘર એક, પટલાણી એક, ભિક્ષા માગવાનો પ્રસંગ સરખો છતાં બંને અભ્યાગતની પરોણાગતિમાં ભેદ શાથી પડ્યો ? તો વાણીના કારણે. પટલાણીને તથા ગામલોકોને મુસાફરના માતાપિતા તથા કુળના સંસ્કાર પણ જણાઈ આવ્યા. આથી તોછડી વાણીના પ્રયોગથી બચીએ ને મીઠી વાણી બોલીએ.

આજે પશ્ચિમી સંસ્કૃતિના અનુકરણમાં ઘણા પરિવારોમાં પતિ-પત્ની એકબીજાને નામથી તથા તુંકારે બોલાવતા હોય છે. પરિણામે બાળક પણ માતાપિતાને નામથી બોલાવતા હોય તેવા ઘણા પ્રસંગો જોવા મળે છે. કારણ, બાળક પણ માતાપિતાના વાણી-વ્યવહારનું જ અનુકરણ કરે છે.

**સંસ્કારી વાણીનો પ્રભાવ :**

સૂપડાથી અનાજ સાફ કરીને વાપરીએ છીએ તેમ વાણીને વિચારરૂપી સૂપડા વડે સાફ કરી મધુર વાણી જ બોલવી. આપણે રસોઈમાં જરૂર પૂરતા મસાલા અને દૂધમાં જરૂર પૂરતી ખાંડ નાખીએ છીએ. તેમ આપણા વ્યવહારમાં પણ જરૂર પડે તેટલું જ બોલીએ. સંસ્કારી, મૃદુ, મધુર વાણીનો જ ઉપયોગ કરીએ. જે આપણા જીવનને ક્લેશ રહિત અમૃતમય બનાવે છે. કારણ, મધુર વાણી અતિ પ્રભાવશાળી છે.

**૧. ચમત્કારિક પરિવર્તન લાવે**

ધાક, ધમકી અને કુત્સિતતાથી બોલાયેલા લાખ-કરોડ શબ્દો કરતાં પ્રેમભરી, સંસ્કારી મધુર વાણીના દસ શબ્દોનું વાક્ય જીવનમાં ચમત્કારિક બદલાવ લાવે છે. પરિવારના કંકાસ ટાળે છે.

ગર્ભશ્રીમંત ગિરિધર શેઠનો દીકરો રવિન્દ્ર ભારે તોફાની અને ખૂબ ચંચળ. તેનાં તોફાનો હદ વટાવતાં સ્કૂલમાંથી શિક્ષકો, શેરીમાંથી પાડોશીઓ ફરિયાદ કરતા. શેઠને ઘણું નીચાજોણું થતું. શેઠ દીકરાને ઘણું વઢતા, ધાક-ધમકી આપતા, ક્યારેક ધોલધપાટ પણ કરતા, આકરા થઈ બોલતા, "સાલા નપાવટ, બાપની આબરૂ લેવા બેઠો છું. આના કરતાં પથરો પાક્યો હોત તો સારું. બુદ્ધિનો બારદાન અને મૂરખનો સરદાર છે. આ તો બાપના પૈસે તાગડધિન્ના કરે છે. એક દિવસ તારા હાથમાં ચપણિયું જ આવશે." આમ, શેઠ ન બોલવાનાં ઘણાં વેણ બોલતા છતાં રવિન્દ્ર નેભર થતો જતો.

લેશમાત્ર જીવનમાં બદલાવ ન આવતાં શેઠે એક વિદ્વાનને મળી પોતાના દીકરાને સુધારવાનું બીડું સોંપ્યું. વિદ્વાને શરત કરી, હું કંઈ પણ કરું તેમાં તમારે વિરોધ ન કરવો. બીજા દિવસે વિદ્વાન હૅટ પહેરી તેમની પેઢીએ આવ્યા. રવિન્દ્ર એકાએક વિદ્વાનની બાજુમાંથી ધસ્યો અને માથા ઉપરની હૅટ હાથની થપાટ મારી ફગાવી દીધી. વિદ્વાને ગુસ્સે થવાને બદલે તેની સાથે પ્રેમભર્યો વ્યવહાર કર્યો અને મધુર વચને કહ્યું, "શાબાશ મારા દીકરા, તું બહુ ડાહ્યો છે. જા, જલદી પેલી હૅટ દોડતો લઈ આવ." રવિન્દ્ર દોડતો ગયો. હૅટ લઈ પાછો આવ્યો. વિદ્વાને કહ્યું, "બેટા, તારું કામ તો ખૂબ ચોક્કસ અને ચોખ્ખું છે. જો આ હૅટ ઉપર માટી ચોંટી છે તેને સાફ કરી દે." તરત જ રવિન્દ્રે ગૂંજામાં રહેલો રૂમાલ કાઢી હૅટ લૂછીને ચોખ્ખી કરી વિદ્વાનના હાથમાં મૂકી દીધી.

પછી તો દરરોજ વિદ્વાન આવતા અને રવિન્દ્ર સાથે પ્રેમભર્યો વાર્તાલાપ અને વ્યવહાર કરતા. કોઈ પણ બાબત કરવા-ન કરવાનો વિવેક ઉપદેશાત્મક રીતે નહિ પણ વાત વાતમાં મીઠી વાણી દ્વારા સમજાવતા અને તેની પાસે પ્રૅક્ટિકલ કરાવતા. રવિન્દ્રને અવનવી પ્રવૃત્તિમાં વ્યસ્ત રાખી તેમાંથી વિવેકના, સભ્યતાના પાઠ શીખવતા. પરિણામે રવિન્દ્રની તોફાન કરવાની આદત તો જડમૂળથી ટળી ગઈ પરંતુ દરરોજ માતાપિતાને પગે લાગવું, પ્રાર્થના કરવી, સૌને આદરથી બોલાવવા એવા અનેક સદ્‌ગુણો વિકસ્યા. સમય જતાં શ્રીમંત રવિન્દ્ર શેઠ બની ગયા. તેના મૂળમાં વિદ્વાનની સંસ્કારી અને મીઠી વાણી હતી.

આપણે પણ આપણા બાળક તથા પરિવારના સભ્યો સાથે સંસ્કારી ને પ્રેમભરી વાણીનો ઉપયોગ કરીશું તો ઘરમાં કે ધંધા-વ્યવહારમાં સંસ્કારી ને સ્નેહસભર વાતાવરણ સર્જાશે.

### ૨. સૌના આત્મીય કરે

મધુર વાણી અંતરની આંટીને તોડી સ્નેહના તાંતણે જોડે છે. પોરસ રાજા સિકંદર રાજા સામે હારી ગયા. તેમને કેદ કરી લીધા. બીજા દિવસે હારી ગયેલા પોરસ રાજાને સિકંદરે પૂછ્યું, "હવે મારે તારી સાથે કેવો વ્યવહાર કરવો જોઈએ ?" પોરસ રાજાએ મધુર અને વિનમ્ર શબ્દોમાં જવાબ આપ્યો, "એક રાજા બીજા રાજા સાથે કરે તેવો જ હોય ને !!!" પોરસ રાજાના વિનમ્ર શબ્દોથી સિકંદર રાજા ખુશ થઈ ગયા. તેમણે પોરસ રાજાને કેદમાંથી મુક્ત કર્યા. સજા કરવાનું છોડી પરસ્પર મૈત્રી કરાર કર્યા.

ઈ.સ. ૧૮૯૩માં સ્વામી વિવેકાનંદ અમેરિકા ખાતે વિશ્વધર્મ પરિષદમાં ભારત વતી ગયા હતા. ત્રીજા દિવસે સંન્યાસીના વસ્ત્રોમાં વિવેકાનંદ મંચ ઉપર આવ્યા. શ્રોતાગણને સંબોધતાં કહ્યું, "અમેરિકાવાસી બહેનો અને ભાઈઓ." લેડિઝ એન્ડ જૅન્ટલમૅનના ઔપચારિક સંબોધનના બદલે બહેનો અને ભાઈઓના સ્નેહાળ સંબોધનથી સમગ્ર શ્રોતાગણ અતિશે રાજી થઈ ગયો અને સતત બે મિનિટ સુધી તાળીઓના ગડગડાટથી તેમના પ્રવચનને વધાવી લીધું. એટલું જ નહિ, તેમની મધુર, સભ્ય અને સ્પષ્ટ વાણીના કારણે સતત ત્રણ દિવસ સુધી તેમના પ્રવચનને સૌએ મંચની બાજુના ખંડમાં ટોળે વળીને સાંભળ્યું હતું. વિશ્વના ફલક ઉપર ભારતીય સંસ્કૃતિનું ગૌરવ તેઓ ગાઈ શક્યા કારણ, તેમની શરૂઆત મીઠી, સભ્ય વાણીથી થઈ હતી. તેમ આપણે પણ આપણા જીવનમાં વાણીના વ્યવહારમાં સભ્યતા, સુહૃદતા અને મીઠાશથી વાત કરવાની ટેવ પાડીશું તો સૌ આપણું સાંભળશે, સૌને પ્રિય લાગીશું.

ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની પરભાવી વાણીથી સૌનાં અંતર ભેદાઈ જાય એમ અવરભાવમાં સ્નેહભરી મીઠી વાણીથી સૌને ગુરુજી પોતાના આત્મીય સ્વરૂપ લાગે છે. આજે સમગ્ર વિશ્વ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને 'ભઈલાવાળા સ્વામી' તરીકે નવાજે છે. ગુરુજીના 'ભઈલા'ના વ્હાલભર્યાં વચન સાંભળતાં સૌને અદ્‌ભુત અનુભૂતિ થાય છે. ગુરુજીનું 'ભઈલા'નું સંબોધન સાંભળતાં તેઓ સ્નેહમાં તરબતર થઈ જાય છે. ગુરુજીની સ્નેહાળ અમૃતમય વાણીથી એસ.એમ.વી.એસ.ના એક એક સંત, એક એક હરિભક્ત ચાહે બાળક હોય, યુવક હોય કે વડીલ હોય સૌને 'ગુરુજી મારા આગવા છે' એવો મમત્વભાવ રહે છે.

તા. ૪-૫-૨૦૨૪ના રોજ AYPના મુક્તોને ગુરુજી પ.પૂ.

**મધુર વાણી એ સૌને વશ કરવાનો વશીકરણ મંત્ર છે.**

સ્વામીશ્રી લાભ આપી રહ્યા હતા. તેમાં કુવૈતના રોનકભાઈ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીનો ઑનલાઇન લાભ લઈ રહ્યા હતા. સભા પૂરી થયા બાદ તેમના મુક્તરાજ ઘનશ્યામ બાજુમાં આવીને દર્શન માટે બેઠા. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ તેમને જોતાં જ સામેથી વ્હાલભર્યા જય સ્વામિનારાયણ કહ્યા. વળી, અગાઉ મળ્યા હતા ત્યારે કીર્તન મુખપાઠ કરવાની રુચિ જણાવી હતી તેની સ્મૃતિ કરાવતાં કહ્યું, “મુક્તરાજ, અત્યારે કયું કીર્તન ચાલે છે ?” એમ કહી તેમની પાસે કીર્તન મુખપાઠ બોલાવ્યું. સમગ્ર AYPના મુક્તો તથા ઑનલાઇન જોડાયેલા બધા મુક્તોને સંભળાવી રાજી કર્યા. બાળમુક્તને ગુરુજી પોતીકા આગવા અનુભવાયા.

ગુરુજીના જીવનમાંથી પ્રેરણા લઈ આપણે પણ સૌની સાથે મીઠી વાણી બોલી આત્મીય બની રહીએ.

### ૩. બીજ વિશાળ ફલક પર પાંગરે

જમીનમાં જેવું બીજ વાવીએ એવું વૃક્ષ પાંગરે છે. તેમ બાળકમાં જેવા સંસ્કારનાં બીજ રોપાય તેવા તે યુવા અવસ્થામાં બને છે. મીનાબેન તેમના સાતમા ધોરણમાં ભણતા દીકરા ધૈર્યને સ્કૂલે મૂકવા જતાં હતાં. ચાર રસ્તા ઉપર લગ્નમંડપમાં જતી શણગારેલી ગાડી જોઈ ધૈર્ય બોલ્યો, “મમ્મી, આ ગાડીને ઍક્સિડન્ટ થાય તો ?” મીનાબેને તરત જ ધૈર્યના મોં પર હાથ દબાવી બોલતાં અટકાવી દીધો. પ્રેમથી શીખવ્યું કે, “મારા દીકરા, આપણે હંમેશાં સૌનું ભલું ઇચ્છવું. કોઈ દુઃખી થાય તેવો વિચાર સુધ્ધાં ન કરવો. હવેથી જ્યારે આવી ગાડી જોઈએ ત્યારે આપણે મહારાજને પ્રાર્થના કરીશું કે એમના સુખી જીવનની શરૂઆત થાય એવી દયા કરો.” મીનાબેન પ્રસંગોપાત્ત ખૂબ પ્રેમથી ધૈર્યમાં સંસ્કારોનું સિંચન કરતાં. જે ધૈર્યના જીવનમાં જીવસટોસટ વણાઈ ગયા છે.

આજે ધૈર્ય ૨૪ વર્ષનો થયો છે ત્યારે કહે છે, “હું આજે પણ કોઈ લગ્નમાં જતી શણગારેલી ગાડી જોઉં છું તો તેમના માટે હૃદયપૂર્વક સ્વામિનારાયણ ભગવાનને પ્રાર્થના થઈ જાય છે. મને બાલ્યાવસ્થામાં મમ્મી તરફથી જે કાંઈ ઉત્તમ સંસ્કારો અપાયા છે તેના કારણે જ આજે હું જે કાંઈ છું તે બની શક્યો છું. C.A. જેવી ઉચ્ચ કારકિર્દી પામી સૌનો આદરણીય બની શક્યો છું.”

મીનાબેનની જેમ આપણે પણ આપણા દીકરા-દીકરીઓને સદ્ચિંતનવાળી, સૌનું સારું થાય તેવી હિતકર વાણી બોલવાના સંસ્કાર આપી તેમને યશસ્વી માર્ગે આગળ લઈ જઈએ.

મધુર વાણી એ વ્યવહાર માર્ગને સુગમ કરવાનો અને અધ્યાત્મ માર્ગમાં મોટાપુરુષ અને સંતો-હરિભક્તોનો અંતરનો રાજીપો પામવાનો કીમિયો છે. સૌને વશ કરવાની વશીકરણ વિદ્યા છે. જે વિદ્યાને આપણા જીવનમાં સુપેરે ભણીએ. ઘણી વાર કેટલાકને પ્રથમથી જ અસભ્ય, કટુ વાણી બોલવાની ટેવ પડી ગઈ હોય છે અથવા એવા જ વાતાવરણમાં ઉછેર થયો હોય તેથી સ્વાભાવિકપણે એવું બોલાતું હોય તો તેમાં સુધારો કરવા તથા ‘અનાદિમુક્ત વિશ્વમ્’માં પ્રવેશ લેવાની પાત્રતા કેળવવા આપણી વાણીમાં આટલો બદલાવ જરૂર લાવીએ.

**● આટલું કરીએ તો આપણો પરિવાર Happy Family જરૂર બનશે :**

૧. કંઈ પણ બોલતા પહેલાં શું હું આ યોગ્ય બોલું છું ? તેવો વિચાર કરીએ.

૨. મીઠી, મધુર, સંસ્કારી વાણી બોલનારી વ્યક્તિના ગુણાનુવાદ કરવા. તેઓ ક્યારે, કેવી વાણી બોલે છે તે સાંભળી સ્વજીવનમાં અમલ કરીએ.

૩. ‘દયાળુ, રાજી રહેજો’થી વાતની શરૂઆત અને અંત લાવીએ તથા સૉરી, થૅન્ક યૂ જેવા સભ્ય શબ્દોનો વ્યવહારમાં વિશેષ ઉપયોગ કરીએ.

૪. સૌને માનવાચક શબ્દોથી બોલાવવાનો આગ્રહ રાખીએ. કોઈને તુંકારો ન કરીએ.

૫. કોઈની ઉપર ગુસ્સો ન કરીએ. અકળાઈને કે ઍક્સાઇટ થઈને ન બોલીએ.

૬. કોઈને કંઈ કહેવું હોય તો એક પ્રાર્થના છે, એક વિનંતી છે, એક સૂચન છે એવી રીતે કહીએ.

૭. ઊંચા અવાજે, બૂમો પાડીને ન બોલીએ. શાંતિથી વાત કરીએ.

૮. ઉપરી કે મોટા સાથે વાત કરીએ ત્યારે હાથ જોડીને વાત કરીએ. ગમે તેવા સંજોગમાં પણ ઉપરીની આમન્યા, મર્યાદા-વિવેક કદી ન ચૂકીએ.

૯. જરૂર પૂરતું જ બોલીએ. બિનજરૂરી ચર્ચાઓ ન કરીએ.



મધુર વાણી અંતરની આંટીને તોડી, સ્નેહના તાંતણે જોડે છે.



# સંસ્કારનું સિંચન વર્તન દ્વારા

માતાપિતા વચ્ચેનો ઝઘડો, મારામારી જોઈ મોન્ટુ જોરથી બરાડ્યો, ''Stop it. – બંધ કરો.'' ત્યારે પિતા નિશીથભાઈ બોલ્યા, ''બેટા, હું ને તારી મમ્મી તો ગેઈમ રમીએ છીએ.'' થોડા સમય બાદ મોન્ટુ પોતાની નાની બહેન પિંકીને મારતો હતો ત્યારે પિતા નિશીથભાઈ તાડૂક્યા, ''ઓય મોન્ટુ, કેમ પિંકીને મારે છે ?'' ''પપ્પા... હું ને પિંકી તમારી જેમ ગેઈમ જ રમીએ છીએ.''

•••

ત્રિભોવનદાદાએ નોકર રામુભાઈને બૂમ પાડી, ''એય રામલા, છેલ્લા કેટલા દિવસથી જોઉં છું તું આળસુનો પીર થઈ ગયો છે. ઘરની સફાઈ સરખી કરતો નથી. જા, આ વખતે તારો ૫૦% પગાર કપાઈ જશે.''

બે-ત્રણ દિવસ પછી પિન્ટુએ રામુભાઈને બૂમ પાડી, ''એય રામલા, મને રૂમમાં જમવાનું આપી જા, હમણાં સરખું કામ કરતો નથી.'' આ સાંભળી પિન્ટુના પિતા કૌશલભાઈ પિન્ટુને વઢ્યા, ''બેટા, રામુકાકા ભલે આપણા ઘરની સેવા કરે છે પણ તારા કરતાં ઉંમરમાં કેટલા મોટા છે ! તારાથી આ રીતે રામુકાકા જોડે વાત થાય ?'' ત્યારે પિન્ટુ બોલ્યો, ''પપ્પા, એ તો હું તેમને રામુકાકા કહીને જ બોલાવતો પણ હમણાં દાદા તેમને રામલા કહીને વઢતા હતા તે મેં જોયું એટલે મેંય રામલા કહીને બોલાવ્યા.''

•••

''એ વિન્યા, જા પેલા ઉપરવાળા અંકલની વેગનાર ગાડીના પાછલા ટાયરમાંથી હવા કાઢી આવ. રોજ આપણી ગૅલરીમાં પાણી ઢોળે છે. પણ જોજે હોં, કોઈને ખબર ન પડે એ રીતે.''

બે દિવસ પછી કામિનીબેને વિશાખાબેનને વિનીતની ફરિયાદ કરતાં કહ્યું, ''વિનીતે મારા સૌમિલની સાઈકલના ટાયરની હવા કાઢી નાખી છે. એનું ટ્યૂશન પડ્યું. હવે બીજી વાર આવું કરશે તો હું વિનીતને માર્યા વિના નહિ છોડું. થોડું છોકરાને સંભાળતા શીખો.'' તેમના ગયા પછી વિશાખાબેન

ઠપકાના સૂરમાં બોલ્યાં, "વિનીત, તેં સૌમિલની સાઇકલમાંથી હવા કાઢી છે?"

"હાસ્તો વળી." "કેમ? આવું ક્યાંથી શીખ્યો?" "મમ્મી, હું પપ્પા જોડેથી શીખ્યો. બે દિવસ પહેલાં પપ્પાએ મને કૌશિક અંકલની ગાડીમાંથી હવા કાઢવાની કહી હતી." "કેમ ?" "એમની સાથે આપણી ગૅલરીમાં પાણી પડવા બાબતે ઝઘડો થયો હતો એટલે. આજે મારેય સૌમિલ જોડે ઝઘડો થયો તેથી મને એમ કે જેની જોડે ઝઘડો થાય તેના વિહિકલમાંથી હવા કાઢી નાખવાની."

•••

દીક્ષિતા ઘરેથી ઑફિસે જવા તૈયાર થતી હતી. હજુ નાસ્તો પણ બાકી હતો. ફોન રણક્યો. નાનો ભાઈ વિવાન ઉપાડવા જાય તે પહેલાં દીક્ષિતાએ ફોન ઉપાડ્યો. સામે પુછાયેલા પ્રશ્નના જવાબ આપવા લાગી : "સૉરી સર.. હું ટ્રાફિકમાં ફસાઈ ગઈ છું. બસ ટ્રાફિક છૂટે એટલે પાંચ મિનિટમાં પહોંચી સમજજો." બે-ત્રણ દિવસ પછી વિવાને સ્કૂલનું હોમવર્ક નહોતું કર્યું. ટીચરે પૂછ્યું, "વિવાન, કેમ હોમવર્ક વગર આવ્યો?" તો કહે, "ટીચર, કાલે બહુ જ પેટમાં દુખતું હતું." ખોટું બોલવાની પ્રેરણા દીદી જોડેથી મળી.

•••

વનિતાદાદી દરરોજ જમવા બેસે ત્યારે ભાણામાં વહુ માખણ પીરસે. માખણ જોઈ ટીની દાદી પાસે પહોંચી જાય ને ફટ દઈને રોટલા ઉપરનો માખણનો લોંદો ચાટી જાય. દાદીને ગુસ્સો આવે પણ કરે શું ? તેણીએ એક ઉપાય શોધ્યો. એક દિવસ ટીની જેવી માખણનો લોંદો લેવા ગઈ કે તરત દાદીએ ટીનીની આંગળી ગરમાગરમ કઢીમાં બોળી દીધી. ટીની રડતી રડતી જતી રહી. બે-ત્રણ દિવસ આવું થતાં ટીની ખો ભૂલી ગઈ.

બે વર્ષે દાદી પ્રભુના ઘરે સિધાવ્યાં. ટીની મોટી થઈ. ઘરમાં નાના ભાઈ ચિન્ટુનો જન્મ થયો. ચિન્ટુ ટીની જમતી હોય ત્યારે તેની ડિશમાંથી કંઈ ને કંઈ લઈ લે. ટીનીને આ ન ગમે પણ કરે શું ? તેને દાદી યાદ આવ્યાં. ટીનીએ ચિન્ટુની આંગળી ગરમ કઢીમાં બોળી દીધી. આ જોઈ ટીનીની મમ્મી ગુસ્સે થઈ ગઈ : "ટીની, ક્યાંથી આવું શીખી?" "દાદી જોડેથી..."

•••

રાજનીતિથી લઈ સામાજિક, ધાર્મિક કે આધ્યાત્મિક ક્ષેત્રોમાં વક્તાઓની અછત નથી. વ્યવહાર માર્ગને સુગમ કરવા, પારિવારિક શાંતિ માટે કે અધ્યાત્મ પંથ ખેડવા રોજેરોજ કેટલાય વિષયો પર પ્રવચનો થતાં હોય છે. પરંતુ દરેક વક્તાઓનો પ્રભાવ પડતો નથી. દરેક વાલી, શિક્ષક કે સંતની ભલામણ, ટકોર કે ઉપદેશથી જીવનપરિવર્તન થતું નથી. કારણ, વર્તન વગરની પોકળ ંવાણી. સ્વયંનું વર્તન જ સામેનામાં પરિવર્તન લાવી શકે છે એ નક્કી નિર્વિવાદ વાત છે.

વિશેષતઃ બાળ અવસ્થા એવી છે કે જે કોઈના કહ્યા કરતાં આચરણ દ્વારા વધુ શીખે છે. બાળપેઢીમાં શબ્દથી કરેલી વાતની અસર ૧૦% જ્યારે ૯૦% અસર વર્તનની થતી હોય છે.

જે મોભી પરિવારને સુધારવા ઇચ્છતા હોય તથા જે ઉપરી કે લીડર નીચેના વર્ગનો સુધારો ઇચ્છતા હોય તેઓએ સૌપ્રથમ સ્વયંનું આચરણ શુદ્ધ કરવું ફરજિયાત છે. કદાચ ઉપદેશ કે ટકોર દ્વારા સામેનાને સંસ્કારી જીવન અંગે જાણપણું આપી શકીશું પરંતુ પરિવર્તન નહિ લાવી શકાય. સામેનાના અયોગ્ય સ્વભાવ, અસંયમી વિચારો, અસભ્ય વર્તનને બદલવા માટે ઉપદેશ કરતાં પૂર્વે સ્વનિરીક્ષણ કરી સ્વજીવનને બદલવું જરૂરી છે. પોતાનું જીવન વર્તનવાળું જોઈએ.

એક મહાત્મા પાસે એક માતા બાળકને લઈને ગયાં. બાળકની ફરિયાદ કરતાં કહ્યું, "મહાત્માજી, આ મારો મુન્નો ગૉળ બહુ ખાય છે તો તેને કંઈક ઉપદેશ આપો ને." મહાત્માએ કહ્યું, "બહેન, આજે નહિ, અઠવાડિયા પછી આવજો." અઠવાડિયા બાદ મહાત્માએ બાળકને કહ્યું, "દીકરા, ગૉળ બહુ ન ખવાય; નુકસાન કરે." બાળકે તરત ગૉળ ન જમવાની પ્રતિજ્ઞા લઈ લીધી. બહેને પૂછ્યું, "મહાત્માજી, આવો ઉપદેશ તો આપ અઠવાડિયા પૂર્વે પણ કરી શક્યા હોત તો પછી આટલો સમય લેવાનું શું કારણ?" ત્યારે મહાત્માજી બોલ્યા, "બહેન, અઠવાડિયા પૂર્વે હું પણ ગૉળ જમતો હતો. આથી એ વખતે મારી વાતની કાંઈ અસર ન થાય. તમારા બાળકને ગૉળ ન જમવાનો ઉપદેશ આપતાં પૂર્વે મેં પણ અઠવાડિયાથી ગૉળ છોડી દીધો છે. તેથી મારી વાતની નહિ પણ વર્તનની અસર તમારા બાળક પર પડી છે." આમ, વાત નહિ વર્તન અસર કરે.

જે જાગૃત વાલી, ઉપરી, લીડર કે ગુરુ હોય તે આ વાતને સુપેરે સમજે છે કે, 'અમારે અમારાં બાળકો, શિષ્યો કે નીચેના વર્ગને સંસ્કારિત કરવા હશે, આદર્શતાના માર્ગે ચલાવવા હશે તો વાતો કે ઉપદેશ કરતાં સ્વયંનું વર્તન નક્કર બનાવવું પડશે.' સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ આ વાતની પુષ્ટિ ૨૦૦ વર્ષ પૂર્વે આપી છે કે, "ગુરુ સોળ આની વર્તે ત્યારે ચેલો ચાર આની

વર્તે.'' આ વાત સર્વે જવાબદાર ઉપરી વર્ગને સ્પર્શે છે.

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી સ્વયં પરભાવી સ્વરૂપ છે છતાં સ્વયંનું વર્તન એવું નક્કર છે, સાધુતાએ યુક્ત છે કે જેમની સામે સંપ્રદાયની કોઈ વ્યક્તિ આંગળી ચીંધી ન શકે. શ્રીહરિ કથિત શિક્ષાપત્રીની તમામ આજ્ઞા તથા મરજીનું લક્ષ્યાર્થ સ્વરૂપ એટલે જ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી. એટલે જ વર્તમાનકાળે એસ.એમ.વી.એસ.ના પૂ. સંતો તથા હરિભક્તો ગુરુજીના આદેશ તથા ઉપદેશ ઉપરાંત તેઓના દિવ્યજીવનમાંથી પ્રેરણા લઈ સ્વયંના જીવનની દિશા કંડારતા હોય છે. પૂ. સંતો-હરિભક્તોના મુખેથી સરતાં વચનો આ વાતની પુષ્ટિ કરે છે :

''દયાળુ, આપણા ગુરુજી સંસ્થાના વડા હોવા છતાં નાનામાં નાના હરિભક્ત આગળ દાસભાવે વર્તી શકે તો હું કઈ વાડીનો મૂળો !! મારે વર્તવું જ જોઈએ ને.''

''ગુરુજી તો નિર્બંધ સ્વરૂપ છે છતાં મને સાધુતાની રીત શીખવવા મીઠાઈ ગ્રહણ કરતા નથી તો મારે ન લેવાય.''

''કેટકેટલાંય માન-અપમાનો કે અઘટિત ઘટનાઓ બનવા છતાં મારા ગુરુજી એ તમામ પરિસ્થિતિમાં પણ સ્થિતપ્રજ્ઞ રહે છે તો મારે નાની એવી બાબતોમાં શા માટે અકળાવું જોઈએ ?''

''ગુરુજી ગુરુપદે બિરાજે છે છતાં નાના બાળકને પણ 'તમે' કહીને બોલાવે. ક્યાં ગુરુજી ને ક્યાં હું ! તો મારાથી મોટા કે નાનાને કેવી રીતે તુંકારે બોલાવાય ? માટે કોઈનેય તુંકારો નહિ કરું.''

આમ, હરિભક્તોના જીવનમાં આવતા આમૂલ પરિવર્તનનું કારણ ગુરુજીનું શુદ્ધ વર્તન છે.

એક વાલી તરીકે આપણું જીવન પણ કેટલું વર્તનશીલ અને નક્કર જોઈએ ત્યારે બાળક સંસ્કારોથી સભર બને. સત્સંગી હરિભક્ત કરણભાઈ તથા તેઓનાં ધર્મપત્ની ખ્યાતિબેન સાથે જ બિઝનેસ સંભાળતાં હતાં. કરણભાઈ વિશાળહૃદયી તેથી ખ્યાતિબેનને બિઝનેસમાં પોતાની રીતે નિર્ણયો લેવાની સ્વતંત્રતા આપતા. એક વખત ખ્યાતિબેનથી ધંધામાં નુકસાની આવે એવો ખોટો નિર્ણય લેવાઈ ગયો.

કરણભાઈને ખ્યાલ આવ્યો તેથી રાત્રે ઘરે આવ્યા બાદ દીકરા દિવ્યાંગને ખબર ન પડે તેમ એક રૂમમાં જઈ કરણભાઈ ખ્યાતિબેનને હળવો ઠપકો આપતા હતા પણ ખ્યાતિબેનને પોતાની ભૂલ ન દેખાતાં સામે દલીલ કરતાં હતાં. એ દરમ્યાન દિવ્યાંગને ખ્યાતિબેનનું કામ પડતાં રૂમમાં દાખલ થયો. તરત ખ્યાતિબેન વાતને બદલી નાખતાં કરણભાઈને કહેવા લાગ્યાં, ''દયાળુ, તમે મને ગુરુજીની રુચિમાં વર્તાવવા પ્રયત્ન કરો છો. હું તમને વચન આપું છું કે આજથી એક પણ દિવસ પાડ્યા વગર હું નિજદર્શન ડાયરી લખીશ.'' કરણભાઈને ખ્યાતિબેનનો ઈશક ખબર પડતાં વાતાવરણ હળવું કરી દીધું કે, ''It's ok. હવેથી લખશો જ પણ કદી બ્રેક ન પાડતાં. ચાલો, આજે આપણે ઘરસભા કરી લઈએ.'' પછી ત્રણેયે સાથે મળી સમૂહ ભોજન તથા સમૂહ ઘરસભા કરી.

બીજે દિવસે દિવ્યાંગ શાળાએ ગયો ત્યારે બંનેએ અધૂરી વાતના ખુલાસા કરી સમાધાન કરી લીધું. આગલી રાત્રે તો બંનેને વિચાર આવ્યો કે દિવ્યાંગની હાજરીમાં એકબીજા સાથે દલીલ, દોષારોપણ તથા ઊંચા અવાજે બોલવાનું ચાલુ રાખશું તો દિવ્યાંગમાં કેવા સંસ્કારો આવે ! આમ, દિવ્યાંગના સંસ્કારત્વનો ખ્યાલ રાખી બંનેએ પોતાની વાતને દબાવી દીધી. બાળકની હાજરીમાં ઝઘડો ન કર્યો. કરણભાઈ તથા ખ્યાતિબેન કેટલા સજાગ વાલી હશે કે રખે ને પોતાના વર્તનથી બાળકના માનસમાં કુસંસ્કારોનાં બી ન રોપાઈ જાય.

શું વાલી તરીકે આપણે બાળકો સામે લડીએ છીએ કે એકબીજાની અયોગ્ય વાતો કરીએ છીએ ? જો કરતા હોઈએ તો પાછા વળીએ.

એક ચૅરિટેબલ સંસ્થાના ટ્રસ્ટી મોહનભાઈ કૅબિનમાં બેઠા હતા. ઘરના કામ માટે છૂટા પૈસા જોઈતા હતા. સામે જ સંસ્થાની ગલ્લાપેટી હતી પણ તેમાંથી છૂટા પૈસા ન લેતાં પટ્ટાવાળાને બોલાવી સામેની દુકાનમાંથી છૂટા પૈસા લેવા મોકલ્યા. એક કર્મચારીએ પૂછ્યું, ''સાહેબ, તમે આમ કેમ કર્યું ? ગલ્લામાંથી છૂટા પૈસા લઈ લીધા હોત તો ?''

ત્યારે મોહનભાઈએ કહ્યું, ''ભાઈ, આ ગલ્લો મારો આગવો નથી; સંસ્થાનો છે. કદાચ હું પૈસા મૂક્યા વગર છૂટા પૈસા લઈ લઉં તોપણ મને કહેનાર કોણ છે ? પણ આજે હું ૧૦ રૂપિયાની નોટ મૂકી ૧૦ રૂપિયાના છૂટા આ ગલ્લામાંથી લઈશ તો મારું જોઈ મારા દીકરાઓ ને સ્ટાફ સભ્યો નહિ શીખે ? માટે મારે બહુ સજાગ રહેવું પડે.''

આમ, મોહનભાઈ ટ્રસ્ટી તરીકેના અણીશુદ્ધ વર્તન દ્વારા પોતાના સંતાન તથા સ્ટાફને વ્યવહાર શુદ્ધિના અને નીતિમત્તાના પાઠ શીખવે છે.

આ સમયે ગુરુજી રચિત પંક્તિ વાગોળીને વર્તનવાળા થવા કટિબદ્ધ થઈએ :

''વાતો કરે વર્તન અમારું, ગમતું કરું તમારું... ''




## સંસ્કારનું શ્રેષ્ઠ માધ્યમ

# SMVSની સત્સંગ સભા

બુદ્ધિજીવી મનુષ્ય કેવી અશક્ય ખોજ આદરી શક્યો છે !

પૃથ્વીના પેટાળને ફાડી ખનીજો બહાર કાઢી શક્યો છે !

દરિયાના પેટાળમાંથી કીમતી મોતી બહાર લાવી શક્યો છે !

અવકાશની સફર કરી ઉપગ્રહો છોડી શક્યો છે !

સમગ્ર વિશ્વને ક્ષણમાં ભસ્મ કરી દેનારો પરમાણુ બૉમ્બ બનાવી શક્યો છે ! પરંતુ દુઃખની વાત છે કે આવાં અશક્ય અને મહાન કાર્યો કરનાર માનવી પોતાને અધોગતિના માર્ગે દોરી જતાં સ્વભાવ, સ્વજીવનના પડી ગયેલા ઢાળ, આદતો, માનીનતા, વિચારધારા, ટેવ-કુટેવ છોડી શકતો નથી. પોતે હેરાન-પરેશાન થવા છતાં તેને વળગી રહે છે.

બુદ્ધિ ચાતુર્યથી વૈજ્ઞાનિક શોધખોળ કરી શકાય છે પરંતુ પોતાના દોષો-સ્વભાવો, ટેવ-કુટેવોથી બચવાના ઉપાયની કોઈ શોધખોળ થઈ શકતી નથી. તે માટે સત્સંગ અને સંસ્કાર જ એકમાત્ર ઉપાય છે, ઉત્તમ જડીબુટ્ટી છે.

નિયમિત અને આગ્રહપૂર્વક સત્સંગ સભાઓમાં પૂ. સંતોનો સમાગમ કરવાથી જીવન પવિત્રતાના માર્ગે આગળ વધે છે. સંસ્કારોનો આવિર્ભાવ થાય છે. જીવન સદાચારી અને સદ્‌ગુણી બને છે. કરવા-ન કરવા યોગ્યનો વિવેક આવે છે. મોક્ષ માર્ગે વિઘ્નકર્તા અને પારિવારિક સુખ-શાંતિને હણી લેતા દોષો-સ્વભાવો ઓળખાય છે અને ટાળવાનું બળ મળે છે. ચૈતન્ય પ્રભુના માર્ગે પ્રગતિ સાધે છે.

### વર્તમાનકાળે સંસ્કારનો ઉદ્દીપક :
### એસ.એમ.વી.એસ.ની સત્સંગ સભાઓ

બાળ-કિશોર-યુવાપેઢીમાં સંસ્કારનું સિંચન કરનારું શ્રેષ્ઠ માધ્યમ એટલે એસ.એમ.વી.એસ.ની સત્સંગ સભાઓ. એસ.એમ.વી.એસ.ની સત્સંગ સભાઓનો લાભ લઈ જીવનપરિવર્તનની દિશા પામેલા, સંસ્કારોથી મઘમઘતું જીવન પ્રાપ્ત કરેલા, પારિવારિક સુખ-શાંતિનો ઉપાય પામેલા કેટલાક હૈયાઓના ઉદ્‌ગારોને માણીએ આ લેખમાળા દ્વારા...

### એસ.એમ.વી.એસ.ની સત્સંગ સભાઓ દ્વારા બંધાયો પરિવારમાં આત્મીયતાનો સેતુ...

"એસ.એમ.વી.એસ.ની અઠવાડિક સત્સંગ સભાએ તો અમારા વિખરાયેલા પરિવારને એક તાંતણે બાંધ્યો છે. **સત્સંગ સંસ્કારોનું ઉદ્‌ગમ સ્થાન છે.**

માતાપિતાથી મન ઊંચું થતાં હું અને મારાં ધર્મપત્ની બે બાલિકામુક્તો સાથે ગાંધીનગર, સેક્ટર-૨૬માં રહેવા આવી ગયેલાં. જોગાનુજોગ સ્વામિનારાયણ ધામ ખાતે થતી મંગળવારની અઠવાડિક સભાનો સંપર્ક થયો. નિયમિત સભા તથા પૂ. સંતોના નિકટ સાંનિધ્યમાં આવતાં મારા જીવનપરિવર્તનની દિશા ખૂલી. અઠવાડિક સભામાં પૂ. સંતોએ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીનો આગ્રહ જણાવ્યો કે, દરેક પરિવારે માતૃ-પિતૃ વંદના પ્રોગ્રામનો લાભ લેવો. અમે ઘણા વર્ષોથી માતાપિતા સાથે સારો વ્યવહાર પણ કર્યો નહોતો. પરંતુ ગુરુજીના સંકલ્પને પૂરો કરવા મેં મારા પિતાશ્રીને અને મારા ધર્મપત્નીએ મારાં માતુશ્રીને ફોન કરી મારા ઘરે આવવા આમંત્રણ આપ્યું. તેઓને પણ ખૂબ આશ્ચર્ય લાગ્યું. અમારી વિનંતી સાંભળી તેઓ અમારા ઘરે આવ્યાં. માતૃ-પિતૃ વંદના પ્રોગ્રામમાં માતાપિતા બંનેનું પૂજન કર્યું. ક્ષમાયાચના કરી, આભાર વ્યક્ત કર્યો. પરંતુ તેઓ અમારા ઘરે જમવા નહિ જ રોકાય એવું માની રસોઈ બનાવી નહોતી પણ માતૃ-પિતૃ વંદના બાદ તેઓ ખૂબ ગળગળા થઈ ગયાં. અમે અરસપરસ એકબીજાને ભેટી ખૂબ રડ્યાં. સાથે મળી રસોઈ બનાવી સમૂહ ભોજન કર્યું. સત્સંગ તથા ગુરુજીના મહિમાની વાતો કરી.

આજે અમે દર વર્ષે ગામડે માતાપિતા સાથે રહેવા જઈએ છીએ; તેઓ અમારા ઘરે રહેવા આવે છે પરંતુ આ બધો કમાલ છે એસ.એમ.વી.એસ.ની સત્સંગ સભાનો, તથા ત્યાંના પૂજનીય સંતોનો અને વિશેષ કમાલ તો છે દિવ્યજીવન પ્રદાતા વ્હાલા ગુરુજીનો હોં !''

(પટેલ જિજ્ઞેસભાઈ : સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર)

●●●

''એસ.એમ.વી.એસ.ની સત્સંગ સભાએ તો મારા પારિવારિક સંબંધોની રોનક બદલી નાખી છે. એક ઘરમાં, એક જ રસોડામાં, એક જ ટાઈમે બે વખત રસોઈ બનતી. પહેલાં હું મારા દીકરા અને એના પપ્પા માટે રસોઈ બનાવી દઉં. પછી મારાં સાસુ એમના માટે ફરી રસોઈ બનાવે. અમારે એકબીજા સાથે બોલવા વ્યવહાર નહોતો. હું સમજતી વાંક મારા સાસુનો જ છે પરંતુ મેં ચાંદખેડા વિસ્તારમાં નિર્માણ પામેલા એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ મંદિરની અઠવાડિક સભામાં જવાનું શરૂ કર્યું. સભામાં વ્હાલા ગુરુજીના હેપી ફેમિલિ સંકલ્પને આનુષંગિક લાભ લઈ મેં નક્કી કર્યું કે મારે મારા ઘરમાં આત્મીયતાનું સર્જન કરવું જ છે. મેં મારા સાસુની માફી માગી. મારે જે જતું કરવું પડે તે કર્યું. આજે અમે સાસુ-વહુના સંબંધ ભૂલી મા-દીકરીની જેમ હળીમળીને રહીએ છીએ. સાથે રસોઈ બનાવી સાથે જ જમીએ છીએ. એનો શ્રેય હું મારી અઠવાડિક સત્સંગ સભાને આપું છું.''

(એક મહિલા હરિભક્ત : ચાંદખેડા)

**● એસ.એમ.વી.એસ.ની સત્સંગ સભાઓ દ્વારા ખીલ્યા સંસ્કારો બાળ પુષ્પોમાં...**

'' 'મમ્મી, કોઈને પૂછ્યા વિના ફૂલ ન તોડાય, ચોરી કહેવાય. એના માલિકને પૂછવું જોઈએ. આવું અમને અમારી બાલિકા સભામાં શિખવાડ્યું હતું.' મારી પાંચમા ધોરણમાં અભ્યાસ કરતી દીકરી મેશ્વાએ મને ફૂલ સરખી બાબત પણ ધણીને પૂછ્યા વિના ન લેવા અંગેનો જે વિવેક શીખવ્યો તે સાંભળી હું આશ્ચર્ય પામી ગઈ હતી. મને ગૌરવ છે કે મારી દીકરી કેટલી નીતિમત્તાને વરેલી છે ! એક નાનું ફૂલ પણ તેના માલિકને પૂછ્યા વિના લેવાનો ઈન્કાર કરે છે. હું ખરેખર મારી એસ.એમ.વી.એસ. સંસ્થાને ખૂબ આભારી છું કે જે સંસ્કાર અમે માબાપ ન આપી શકીએ તે એને મંદિરે બાલિકા સભામાંથી મળી રહ્યા છે.'' (ઠાકોર કૈલાસબેન ભરતભાઈ : પાટણ)

●●●

''આજની બાળપેઢી માબાપને છોડી દેવા તૈયાર થાય પરંતુ મોબાઇલ અને ટી.વી.ને ન છોડે. મારી દીકરી કાવ્યા દસ વર્ષની છે. દિવસના ઓછામાં ઓછા ૧૦થી ૧૨ કલાક મોબાઇલ અને ટી.વી. જોવામાં વિતાવતી. ઘણું સમજાવવા છતાં તે અમારું માનતી નહીં. ચાંદખેડા મંદિરે તેણે તેનાં મમ્મી સાથે સભામાં જવાનું શરૂ કર્યું. ધીમે ધીમે તેનું મોબાઇલ, ટી.વી. જોવાનું પ્રમાણ ઘટવા લાગ્યું. એક દિવસ મેં તેને કારણ પૂછ્યું તો તેણે કહ્યું, 'પપ્પા, મને પૂ. મુક્તોએ કહ્યું છે કે ટી.વી. જોવાથી આંખો ખરાબ થઈ જાય. મહારાજ રાજી ન થાય. ગુરુજી રાજી ન થાય માટે બહુ ટી.વી., મોબાઇલ ન જોવા જોઈએ.' આજે તેણે ટી.વી. અને મોબાઇલ જોવાનું સાવ ઓછું કરી દીધું છે. પૂ. મુક્તોના નિકટ સાંનિધ્ય અને સભાથી મારી દીકરી કાવ્યાને મોબાઇલ, ટી.વી.નું વળગેલું ભૂત નીકળ્યું છે. સંસ્થાનો હું ખૂબ આભાર માનું છું.''

(મિસ્ત્રી વિપુલભાઈ : ચાંદખેડા)

**● એસ.એમ.વી.એસ.ની સત્સંગ સભાઓ દ્વારા પામ્યા ઉચ્ચ આદર્શો**

''સત્સંગમાં આવ્યા પૂર્વે હું ખૂનખાર ડાકુ જેવું જીવન જીવતો હતો. દારૂના કેફમાં તોફાનો કરી છરાબાજીના કેસમાં ત્રણ ત્રણ વખત જેલની સજાઓ ભોગવી છે પરંતુ ગુરુદેવ પ.પૂ.

બાપજીની દૃષ્ટિએ ચડ્યો અને વીંધાઈ ગયો. આજે ચા સરખું વ્યસન પણ નથી. આજે વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની કૃપાએ મુક્ત જીવન જીવવાનું બળ મળી રહ્યું છે.''

(રાઠોડ દીપસીંગ : લકડીપોરડા)

•••

''કારણ સત્સંગના યોગ પૂર્વે આ સેવકનું જીવન ખૂબ જ રજોગુણી હતું. આ સેવકને ચૂરમાના લાડુ બહુ ભાવતા. વ્હાલા ગુરુજીને આ વાતની જાણ થઈ. મને સંપૂર્ણ પાત્ર કરવાના આગ્રહી ગુરુજી મારી આ અલ્પ કસર કેમ ચલવી લે? મને પ્રભુના ગમતા પાત્ર કરવા એ જ દિવસથી ચૂરમાના લાડુ ન જમવાનો નિયમ આપી લાડુમાંથી આસક્તિ ટળાવી દીધી. વળી, રજવાડી ઢોલિયામાં સૂતો. ગુરુજીની મારા ઘરે પધરામણી હતી ત્યારે રુચિ બતાવી કે આવો રજોગુણી ઢોલિયો ભક્તને ન શોભે. તે દિવસથી નીચે કાર્પેટ પર પોઢવાનું શરૂ કરી દીધું. આ દિવ્યપુરુષના સંગે આજે મારું જીવન સાત્ત્વિકતામાં પરિણમ્યું છે.''

(પટેલ જગાભાઈ : બોસ્ટન)

•••

''મારો દીકરો નાનપણથી બાળસભામાં જતો. અમે ત્યારે ઘરમાં કોઈ સત્સંગી નહોતા. ગુરુજી નિકોલ વિસ્તારમાં પધાર્યા ત્યારે મારા દીકરાની પ્રાર્થનાથી મારા ઘરે પધરામણીએ પધારેલા. એ વખતે મને ગુરુજીએ પૂછેલું કે, 'તમારી સોસાયટીમાં કેટલા કિશોરો રહે છે?' મેં કહ્યું કે, 'બસો ઘર છે. તેમાં ઓછામાં ઓછો એક તો ખરો જ.' ગુરુજીએ આગળ પૂછ્યું કે, 'એમાં વ્યસની કેટલા હશે?' મેં કહ્યું, 'એક પણ છોકરો વ્યસનમાં બાકી નથી. બધા દારૂ અને જુગારની લતે ચડી ગયા છે. પણ મને ગૌરવ છે કે મારો દીકરો હીરા જેવો છે. એનામાં કોઈ વ્યસન નથી. એનું કારણ તેની બાળસભા અને પૂ. સંતો સાથેની નિકટતા. જો તેને આ સંતો અને સભા ન મળ્યા હોત તો તે પણ આ બધા છોકરાઓમાંનો એક હોત!' ''

(પટેલ વિનુભાઈ : નિકોલ)

આ પાત્રોના હૈયાના ઉદ્‌ગારોને માણી આપણે પણ દૃઢ સંકલ્પ કરીએ કે નિયમિત સત્સંગ સભામાં જઈએ અને આપણી બાળ-કિશોરપેઢીને સત્સંગ સભામાં લઈ જઈ વ્હાલા ગુરુજી અને પૂ. સંતોની નિકટ રાખી દિવ્યજીવનના રાહે આગળ વધારીએ.

**'ઘનશ્યામ' એટલે...**

- **શ્રેષ્ઠ સંગ... શ્રેષ્ઠ મિત્ર... શ્રેષ્ઠ માર્ગદર્શક...**
- **જીવનધ્યેયનું સ્પષ્ટીકરણ આપનાર.**
- **શ્રીજીમહારાજના રહસ્ય જ્ઞાનનો ખજાનો.**
- **વ્યવહારિક અને આધ્યાત્મિક પ્રશ્નોનો ઉકેલ આપનાર.**
- **દિવ્યજીવનના રાહ પર લઈ જતું, ચલાવતું અને દોડાવતું.**

**ઘનશ્યામ MP3 Audio**
**ઘનશ્યામ સામયિકના તમામ લેખો ઓડિયો સ્વરૂપે શ્રવણ કરવા મળશે.**
www.smvs.org/Audio

**ઘનશ્યામ PDF**
**ઘનશ્યામ સામયિક PDF સ્વરૂપે વાંચવા મળશે.**
www.smvs.org/Download

**ઘનશ્યામ Jukebox**
**ઘનશ્યામ સામયિકના તમામ લેખો હવે youtube પર માણવા મળશે.**
www.youtube.com/smvs

**તો આવો, ઘનશ્યામ સામયિકને વાંચન અને શ્રવણ કરી આપણા આધ્યાત્મિક ક્ષેત્રને નવો આયામ આપીએ...**

**ઘનશ્યામ સામયિક MP3 Audio, Jukebox તથા PDF સ્વરૂપે www.smvs.org વેબસાઇટ ઉપર દર માસે વાચકો માટે નિઃશુલ્ક ઉપલબ્ધ છે...**

**આપ પણ ઘનશ્યામ સામયિક વાંચવા અને સાંભળવા smvs.org વેબસાઇટની મુલાકાત લેશો અને લેવડાવશો...**



# વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે ગુરુજીનું
# ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલૅન્ડ ખાતે સત્સંગ વિચરણ

અનંત મુમુક્ષુઓને મુક્ત કરી પોતાની મૂર્તિનું અત્યુત્તમ અવિચળ સુખ આપવા માટે જ શ્રીજીમહારાજ આ બ્રહ્માંડને વિષે પધાર્યા. અને આ જ હેતુની પુષ્ટિ માટે મોટાપુરુષનું આ બ્રહ્માંડને વિષે પ્રાગટ્ય હોય છે. આ જ સંકલ્પથી આ વર્ષે વ્હાલા ગુરુજીનું ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલૅન્ડ ખાતે સત્સંગ વિચરણ યોજાયું હતું.

તા. ૨૮-૩-૨૦૨૪ ને ગુરુવારની રાત્રિ વેળાએ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીએ સંત મંડળ સહિત એરપોર્ટ જવા માટે પ્રસ્થાન કર્યું. સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર પર બિરાજિત સંત મંડળ તથા હરિભક્તો અને ગુરુકુલના વિદ્યાર્થીઓ વ્હાલા ગુરુજીનાં દર્શન-આશીર્વાદ માટે ઊમટી પડ્યા હતા. વ્હાલા ગુરુજી સાથે પૂ. સંતોમાં પૂ. આશીર્વાદસ્વામી, પૂ. કરુણામૂર્તિસ્વામી તથા હરિભક્તોમાં પ.ભ. શ્રી રમેશભાઈ સુહાગિયા, અર્પણભાઈ પટેલ, હિતેષભાઈ સોની તથા ઘનશ્યામભાઈ અનઘણ આદિક મુક્તોને વિચરણનો લાભ મળ્યો હતો.

વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીનું ૨૪ દિવસીય વિચરણ આ મુજબ યોજાયું હતું. જેમાં ગુરુજીએ તા. ૨૯ માર્ચથી ૫ એપ્રિલ દરમ્યાન સિડની ખાતે; તા. ૫ એપ્રિલથી ૧૦ એપ્રિલ દરમ્યાન ઑકલૅન્ડ (ન્યૂઝીલૅન્ડ) ખાતે; તા. ૧૦ એપ્રિલથી ૧૬ એપ્રિલ દરમ્યાન બ્રિસ્બેન ખાતે તથા તા. ૧૬ એપ્રિલથી ૨૧ એપ્રિલ દરમ્યાન મેલબોર્ન ખાતે લાભ આપી હરિભક્તોને સુખિયા કર્યા હતા.

કેવળ કષ્ટભર્યું વિચરણ એ જ ગુરુજીની દેહાતીત સ્થિતિનું પ્રતિક છે.

### દિવ્ય આગમનો

ઑસ્ટ્રેલિયા ખાતે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ તથા ગુરુજીના પરભાવી પ્રથમ ચરણસ્પર્શનો લહાવો સિડનીની કૃપાવંત ભૂમિને મળ્યો હતો. કોવિડ કાળ બાદ ૫ વર્ષે વ્હાલા ગુરુજી પધારતા હોવાથી સર્વે ભાવિક ભક્તોના હૈયે હરખનો પાર નહોતો. તા. ૨૯ માર્ચથી ૧ એપ્રિલ એમ ૪ દિવસ Easter Public Holidays (જાહેર રજા) હોવાથી સમગ્ર ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલૅન્ડના હરિભક્તોની સંયુક્ત શિબિર સિડની ખાતે શહેરથી દૂર જંગલ વિસ્તારમાં scouts site ઉપર આયોજિત થઈ હતી.

વ્હાલા ગુરુજીને આગળના દિવસોમાં થયેલ અનાદિમુક્ત વિશ્વમ્ શિલાન્યાસ પ્રોગ્રામની સતત વ્યસ્તતા અને થાક હતો જ, એમાં પણ ફ્લાઇટની મુસાફરીનો ઉપવાસ હોવા છતાં વ્હાલા ગુરુજી ભાવિક ભક્તોને શિબિરનો લાભ ન કપાય એટલે સિડની એરપોર્ટથી સીધા જ શિબિર સ્થળે આવી પહોંચ્યા. ધન્ય હો ! આ દિવ્યપુરુષને કે જેમણે ઊંઘ-ભૂખ-થાકને તિલાંજલિ આપી પોતાનું જીવન અન્ય માટે જ ન્યોછાવર કરી દીધું છે. શિબિરની આગલી રાત્રે શિબિર સ્થળ પર આવી ગયેલા તમામ હરિભક્તોએ તા. ૨૯ માર્ચના રોજ વ્હાલા ગુરુજીના આગમનને વધાવી લીધું હતું. ધોતી-ઉપરણીમાં સજ્જ સહજાનંદી બાળસેના, સફેદ વસ્ત્રધારી યુવાનો તથા **SMVS**ની લહેરાતી વિજયપતાકાઓ વ્હાલા ગુરુજીના આગમનના આનંદની ઊર્મિઓ વ્યક્ત કરતી હતી. સૌ કોઈ પોતાના હસ્તમાં રહેલ પુષ્પપાંદડીઓ દ્વારા પોતાની ભાવોર્મિઓ નતમસ્તકે અર્પણ કરતા હતા. વ્હાલા ગુરુજીના દિવ્ય આગમનથી સર્વે વૃક્ષ-વેલીઓ પણ જાણે ચેતનવંતાં બન્યાં હતાં અને ચોમેર અનેરી સુવાસ પ્રસરી ગઈ હતી.

તા. ૫-૪-૨૦૨૪ ને શુક્રવારે એકાદશીને દિવસે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીનું ન્યૂઝીલૅન્ડ ખાતે ઑકલૅન્ડમાં આગમન થયું. ઑકલૅન્ડ ખાતે ૭ વર્ષે વ્હાલા ગુરુજી પધાર્યા હોવાથી સૌના હૈયે આનંદની હેલી સમાતી નહોતી. મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ ઑકલૅન્ડ એરપોર્ટ પર વ્હાલા ગુરુજીના આગમનને વધાવી લીધું હતું.

એવી રીતે જ્યાં જ્યાં ગુરુજી પધાર્યા ત્યાં સર્વે મુક્તોને વ્હાલા



ગુરુજી પધાર્યાનો આનંદ હતો પણ વ્હાલા ગુરુજીને મન સર્વે હરિભક્તોનાં દર્શનનો આનંદ અધિકગણો જણાતો હતો અને એટલે જ વ્હાલા ગુરુજી પોતાના વ્હાલસોયા દીકરાઓને ભેટીને દિવ્યાનંદ પ્રસરાવતા હતા.

**જીવન ઘડતરરૂપી સત્સંગ શિબિર (AUS-NZ સંયુક્ત શિબિર)**

વ્હાલા ગુરુજીનો ઑસ્ટ્રેલિયા ખાતે ૫ વર્ષે લાભ મળનાર હોવાથી ઘર ઘરના સમાજની ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલૅન્ડ ખાતેની સંયુક્ત શિબિર scouts site ખાતે યોજાઈ. આ શિબિરમાં લગભગ ૩૨૦ જેટલા હરિભક્તોએ ઉપસ્થિત રહી ચાર-દિવસીય શિબિરનો લાભ લીધો હતો.


વહેલી સવારથી અસ્ખલિત ચાલુ થઈ જતી વ્હાલા ગુરુજીની દિવ્યવાણી મધ્યાહ્ન સમયે ભોજન માટે વિરમતી. ત્યારબાદ વળી સાંજે શરૂ થઈ છેક રાત્રિના ૧૧ વાગ્યે વિરમતી. વ્હાલા ગુરુજીની દિવ્યવાણીમાં ભીંજાઈ સૌ કોઈ શીતળતાનો અનુભવ કરતા હતા. સૌના ઘાટ-સંકલ્પ સમી જતા અને સૌ કોઈ દિવ્યાનંદમાં ગરકાવ થતા હતા.

સત્સંગ કથાવાર્તાની સાથે દરરોજ સાંજે વ્હાલા ગુરુજી સંગે વિધ વિધ વિશિષ્ટ કાર્યક્રમોનો લાભ મળતો. જેમાં camp fire, રાસોત્સવ, ગુરુવંદના પ્રોગ્રામ, ગુણાનુવાદ કાર્યક્રમ, પિરસણ લીલા, દૂધપાક લીલા, કુલ્ફી લીલા વગેરે જેવી લીલાઓની અવિસ્મરણીય સ્મૃતિ લાભાર્થીઓના સ્મૃતિપટ પર સદાય રહેશે. દરરોજ રાત્રે થતા વિશિષ્ટ કાર્યક્રમોમાં તા. ૩૧ માર્ચ, ૨૦૨૪ના રોજ યોજાયેલ ગ્રૂપ સભાઓમાં મળેલ ગ્રૂપ વાઈઝ લાભમાં કેટલાક સભ્યોને વ્હાલા ગુરુજીના દિવ્ય હસ્તે ટી-શર્ટ પર ચંદનના ધબ્બાનો અદ્ભુત લાભ મળ્યો હતો, તો કેટલાકને વ્હાલા ગુરુજીના દિવ્ય હસ્તાક્ષરમાં ટી-શર્ટ પર અલગ અલગ સંકલ્પોનો લાભ મળ્યો હતો. વળી, કેટલાક સભ્યોને વ્હાલા ગુરુજીના દિવ્ય હસ્તે ભાલમાં કુમકુમના ચાંદલાનો લાભ મળ્યો હતો, તો અન્ય બાકી રહેલા મુક્તોને વ્હાલા ગુરુજીના દિવ્ય હસ્તે ચંદન અર્ચનનો લાભ મળ્યો હતો. આમ, આજરોજ આ સર્વે હરિભક્તોનો એક જ ઉદ્‌ગાર હતો કે, ફાવી ગયા ! ભાઈ ફાવી ગયા ! વ્હાલા ગુરુજીએ 'બસ, રાજી કરી જ લેવા છે' થીમ














ધરાવતી ચાર-દિવસીય સત્સંગ શિબિરમાં રાજીપાનો ધ્યેય, મોટાપુરુષનું મહાત્મ્ય, life managementના ચાર ઉપાયો : પંચવર્તમાન, સંતોષી જીવન, હું કોણ છું ?ની સ્પષ્ટતા, આત્મબુદ્ધિ તથા Happy Family બનાવવાના ઉપાયો પર ઊંડાણપૂર્વક લાભ આપ્યો હતો.

અહીં ઉપસ્થિત સર્વે મુક્તોના જીવનની એક અવિસ્મરણીય સ્મૃતિઘટના શિબિર સ્થળ પર યોજાઈ. વિદેશનો સમગ્ર સમાજ ઇન્ડિયા ખાતે યોજાયેલ અનાદિમુક્ત વિશ્વમ્‌ના શિલાન્યાસ પ્રોગ્રામમાં ન આવી શક્યો હોવાથી વ્હાલા ગુરુજીએ આ સૌ મુક્તોને શિલાન્યાસના પૂજનનો લાભ મળી રહે તે માટે શિલાન્યાસની પ્રસાદીભૂત એક શિલાના પૂજનનો લાભ આપ્યો. સર્વે હરિભક્તોને પૂજનનો લાભ લઈ આ દિવ્ય ઐતિહાસિક પળના સાક્ષી બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

### ગુરુવંદના પ્રોગ્રામ

શિબિરમાં ઉપસ્થિત સર્વે ભક્તોને ગુરુમહિમા તથા કરુણાથી ભીંજવતો ગુરુવંદના કાર્યક્રમ યોજાઈ ગયો. આ પ્રોગ્રામમાં સૌ મુક્તોને ગુરુજીના પૂજન-અર્ચન અને પ્રદક્ષિણાનો લાભ મળ્યો હતો. એકસાથે તમામ મુક્તો દ્વારા થતા દંડવત ગુરુમહિમાની અભિવૃદ્ધિ કરતા હતા. આ પ્રસંગે વ્હાલા ગુરુજીએ સમગ્ર સમાજને આત્મબુદ્ધિના માર્ગે પ્રયાણ કરાવતાં ગુરુદક્ષિણામાં જીવનના સારરૂપ એક અદ્‌ભુત સૂત્ર : “તમને ગમે તે અમને ગમે, રુચિમાં તમારી રહેવું ગમે.” માગી ગુરુમુખી જીવન જીવવાની ભલામણ કરી હતી. જેણે સદાય ગુરુનાય ગુરુ એક સહજાનંદ સ્વામીને જ ગુરુ માન્યા છે – સહજાનંદ ગુરુમ્‌ ભજે સદા... અને તેમાં જ પોતે સમાયા છે એવા ગુરુજીને કોટાનકોટિ ધન્ય હજો !

### આશીર્વચનોની હેલી

તા. ૧-૪-૨૦૨૪ ને સોમવારના રોજ સિડની ખાતેની શિબિરમાં પ્રાતઃ સેશનમાં ‘ભૂમિકા બદલવાના ઉપાય’ વિષય પર લાભ ચાલુ હતો. તે સમયે વ્હાલા ગુરુજીએ આશીર્વચનોરૂપી સંકલ્પો વહાવ્યા કે, “જેમ આજ સુધી આ બ્રહ્માંડમાં આવી અજોડ ને શુદ્ધ ઉપાસના આવી નથી, અને ગુરુદેવ બાપજી કહેતા કે આવી શુદ્ધ ઉપાસના સમજાવવામાં અમારે આ ફેરે આટલું પણ કાચું નથી રાખવું, એ જ રીતે અમારે પણ અનાદિમુક્તની સ્થિતિ માટે આટલું પણ કાચું રાખવું નથી.” તા. ૧૧-૪-૨૦૨૪ ને ગુરુવારે બ્રિસ્બેન ખાતે વ્હાલા






ગુરુજી રાત્રિ સભામાં 'રાજીપાના ઉપાયો' વિષય પર લાભ આપતા હતા. આ અંતર્ગત વ્હાલા ગુરુજીએ સૌને સ્વભાવ ટાળવાની ભલામણ કરતાં કહ્યું કે, "જેમ બુલડોઝર ફેરવવાથી જૂનું ઘર પડી જાય છે, તેમ અમે તો ઠેઠનું બુલડોઝર લઈને આવ્યા છીએ. તમારા સ્વભાવોની ઉપર એવું બુલડોઝર ફેરવવું છે કે આ વખતે તમારે સ્વભાવ ટાળવો હોય કે ન ટાળવો હોય પણ અમારે તમારા સ્વભાવમાત્ર ટાળી દેવા છે."

તા. ૧૨-૪-૨૦૨૪ ને શુક્રવારે વ્હાલા ગુરુજી બ્રિસ્બેન ખાતે રાત્રિ સભામાં 'પ્રાર્થના અને પ્રગટભાવ' વિષય પર લાભ આપી રહ્યા હતા. તે વખતે વ્હાલા ગુરુજીએ સમગ્ર સમાજને સંબોધતા પ્રૉમિસ આપીને કહ્યું કે, "તમને બધાને એક પ્રૉમિસ આપું છું, જીવનમાં ગમે તેવી મુશ્કેલી કે તકલીફ આવે, તો એ સમયે સાચા ભાવે ગદ્‌ગદ થઈને મહારાજને આ પ્રાર્થના 'હરિ દાસનાં તે દુઃખડાં કાપજો, મુજ રાંકનો પ્રભુજી ઘણો વાંક છે...' કરશો, તો મહારાજ આ પ્રાર્થના પૂરી નહિ થવા દે. એ પહેલાં જ સૉલ્યુશન લાવી દેશે, અમે અનુભવીને-અજમાવીને કહીએ છીએ; મહારાજ જરૂર રક્ષા કરશે."

તા. ૧૩-૪-૨૦૨૪ ને શનિવારે બ્રિસ્બેન ખાતે આયોજિત સત્સંગ શિબિરમાં વ્હાલા ગુરુજી લાભ આપી રહ્યા હતા. 'પોતાપણાની બુદ્ધિ' વિષય પર લાભ ચાલુ હતો તે સમયે વ્હાલા ગુરુજીએ જણાવ્યું કે, "જો તમારા લિસ્ટમાં અમારું નામ હશે તો અમે પ્રૉમિસ આપીએ છીએ કે, જ્યાં તમને બધા વળોટાવા આવશે, ત્યાંથી અમે મહારાજને લઈને તમને તેડવા આવશું. અમારા રૂંવાડે રૂંવાડે સ્વામિનારાયણ સિવાય બીજું કાંઈ નથી."

### ફદલમાં કલ્યાણ

તા. ૭-૪-૨૦૨૪ ને રવિવારે વ્હાલા ગુરુજી ઑકલૅન્ડ ખાતેના સત્સંગ કેન્દ્રમાં સત્સંગ શિબિરનો લાભ આપી રહ્યા હતા. એ વખતે સભા હૉલમાં ઉપરના roof (છાપરાં) ઉપર એક પક્ષી આવીને અવાજ કરતું હતું. ગુરુજીએ ઉપર દૃષ્ટિ કરી ને પક્ષી તરત ઊડી ગયું. ત્યારે વ્હાલા ગુરુજીએ મર્મમાં હસતાં હસતાં આશીર્વાદ વહાવતાં કહ્યું, "તું તારું પૂરું કરવા માટે અહીં આવ્યું હતું ને ! જા, તારું પૂરું, પૂરું ને પૂરું." આવી રીતે ફદલમાં ફવડાવનાર આ સત્પુરુષને ધન્ય હો ! ધન્ય હો !

તા. ૮-૪-૨૦૨૪ ને સોમવારે સવારે ઑકલૅન્ડ ખાતેના









barry curtis parkમાં વ્હાલા ગુરુજી પૂ. સંતો અને હરિભક્તો સહિત માળા કરવા માટે પધાર્યા હતા. એ વખતે વ્હાલા હરિકૃષ્ણ મહારાજને પ્રાર્થના કરતાં આશીર્વાદ વહાવ્યા કે, "હે મહારાજ ! આ પાર્કમાં રહેલાં વૃક્ષ-વેલી-છોડ-પશુ-પક્ષી સર્વેનું પૂરું કરજો. વળી, આ પાર્કમાં જે જે આવે એ બધાનું પૂરું કરજો અને સૌને કારણ સત્સંગમાં ખેંચી લેજો." આ રીતે વગર દાખડે, વગર સાધને, કેવળ કૃપાથી કલ્યાણના કોલ દેનાર આ દિવ્યપુરુષને ધન્ય હો !

### દાસત્વભાવની પરાકાષ્ઠા

વ્હાલા ગુરુજી બાળ શિબિરમાં પધારતા હતા તે સમયે બાળમુક્તોએ ગુરુજીને રીઝવવા બાળનૃત્ય કર્યું હતું. પ્રસ્થાનમાં એક બાળમુક્ત નીલકંઠ વર્ણીનો વેશ ધરીને તપ કરતા ઊભા હતા. વ્હાલા ગુરુજીએ આ બાળમુક્તને જોઈ દંડવત કર્યા અને ખૂબ વ્હાલ આપ્યું. ગુરુજી પોતે પણ તપની મુદ્રામાં ઊભા રહી સૌને સુખ આપતા હતા. ત્યારબાદ એક બાળમુક્ત પોથી લઈને વચનામૃત વાંચતા હતા, ત્યાં વ્હાલા ગુરુજી ધૂળમાં તેમને દંડવત કરી તેમની આગળ સાવ નીચે ધૂળમાં બિરાજી વચનામૃતનો લાભ લેવા લાગ્યા. ધન્ય છે આ દિવ્યપુરુષના દાસત્વપણાને કે જે નાનકડા બાળવક્તાને પણ મહારાજના ભાવે દંડવત કરી તેનો લાભ લેવા ધૂળમાં બેસી શકે છે !

તા. ૧૪-૪-૨૦૨૪ ને રવિવારે રાત્રે બ્રિસ્બેન ખાતે વ્હાલા ગુરુજી, પૂ. સંતો તથા હરિભક્તો ઉતારાની પાછળના બૅક યાર્ડમાં નિયમચેષ્ટા કરતા હતા. જગ્યા સાંકડી હોવાને કારણે બધા મુક્તો એક જ લાઈનમાં ચાલતા હતા. તેથી એક મુક્તરાજે હરિભક્તોનાં કપડાં સૂકવવાનું સ્ટેન્ડ જે સીધું હતું તેને આડું પાડી નીચેની બાજુ કરી દીધું, જેથી ચાલવામાં વધારે મોકળાશ મળે. ચેષ્ટા પૂર્ણ થયા બાદ સૌ કોઈ સભાની તૈયારી માટે જતા હતા, પણ વ્હાલા ગુરુજી તો ચેષ્ટા બાદ તે સ્ટેન્ડ સીધું કરવા લાગ્યા. વ્હાલા ગુરુજીને જોઈ જોડેવાળા હરિભક્તોએ ઉતાવળે જઈ સ્ટેન્ડ સીધું કરી દીધું. વ્હાલા ગુરુજીએ આ વખતે સમજાવ્યું કે, "સવારે જે મુક્તો અહીં કપડાં સૂકવવા આવશે તેને તકલીફ ન પડે તેનું આપણે ધ્યાન રાખવું જોઈએ." ધન્ય છે આ દિવ્યપુરુષને ! કે જે ધારત તો અન્ય બે મુક્તોને મોકલી સ્ટેન્ડ સીધું કરાવી શકત, પરંતુ જેમને આવી નાની સેવા કરવામાં પણ નાનપ નથી એવા






વ્હાલા ગુરુજીના દાસત્વપણાને ધન્યવાદ હજો !

ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલૅન્ડનું વિચરણ પૂર્ણ કરી વ્હાલા ગુરુજી મેલબોર્નથી સિંગાપુર એરપોર્ટ પર પધાર્યા હતા. ઇન્ડિયાથી આવેલા હરિભક્તો પણ જોડે હતા. પૂ. સંતોને ફ્લાઇટની જર્નીના કારણે ઉપવાસ હોવાથી વ્હાલા હરિકૃષ્ણ મહારાજને ધરાવેલો પ્રસાદીનો થાળ સાથેવાળા કિશોરોને જમાડવા માટે આપી દીધો. એરપોર્ટ ઉપર જ્યારે કિશોરો પ્રસાદી જમાડતા હતા ત્યારે વ્હાલા ગુરુજી તેમને દંડવત કરવા લાગ્યા. જેઓ કિશોરોમાં પણ મહારાજનાં દર્શન કરીને દંડવત કરી શકે છે તેવા ગુરુજીના દાસત્વપણાને કોટિ કોટિ ધન્યવાદ હજો !

**હરિભક્તોના મનોરથો પૂર્ણ કરવા માટે યોજાઈ પધરામણી**

વ્હાલા ગુરુજી પાંચ વર્ષ બાદ ઑસ્ટ્રેલિયા પધાર્યા હોવાથી ઘણાબધા પ્રેમી હરિભક્તોને સહેજે સહેજે ગુરુજીની પધરામણીનો આગ્રહ હોય જ. સવારની કથાવાર્તા પૂર્ણ થયા બાદ તુરંત ચાલુ થઈ જતી પધરામણી બપોરે કેટલા વાગે વિરમશે તે અનિશ્ચિત હતું. દરરોજ કેટલીક પધરામણી વધી જતાં કે ટ્રાફિક આવી જતાં પરત આવતાં બપોરે અઢી કે ત્રણ વાગી જતા છતાં, આ પરોપકારી દિવ્યપુરુષે ક્યારેય ઊંઘ, ભૂખ કે થાક સામું જોયું જ નથી. બપોરે પધરામણી બાદ ઇન્ડિયાથી હરિભક્તોના ફોનના ઉત્તર આપવાના થતાં વ્હાલા ગુરુજીને આરામ તો થતો જ નહીં.

તા. ૧૮-૪-૨૦૨૪ ને ગુરુવારે મેલબોર્ન ખાતે સવારે ૧૧ વાગ્યે ઠાકોરજીના થાળ કરી શરૂ કરેલ પધરામણીમાં એક હરિભક્તના ઘરે બીજા પાંચ-સાત હરિભક્તો દર્શને આવેલ. એકે કહ્યું કે, “મારું ઘર આ સ્ટ્રીટની પાછળ જ છે તો કૃપા કરી પધારો ને !” ગુરુજીએ પ્રાર્થના સ્વીકારી ત્યાં પધારવા માટે કહ્યું. ત્યાં ગયા પછી બીજા હરિભક્તે કહ્યું કે, મારું ઘર આની સામેની સ્ટ્રીટમાં જ છે. એમ કરતાં કરતાં ચાર પધરામણીઓ વધી ગઈ. હજુ તો તેમનાં ઘરો બનવાનાં ચાલુ થયાં હતાં છતાંય સૌની મા સમાન ગુરુજીએ પ્રેમીભક્તોના મનોરથ પૂર્ણ કરવા ના ન પાડી. આ પધરામણીમાંથી પરત આવતાં એ દિવસે બપોરના ૩ વાગી ગયા. વ્હાલા ગુરુજીને મન તો એક જ ચિંતા હતી કે ઠાકોરજીને પોઢવાનું મોડું થયું અને સંતોને હજુ જમાડવાનું બાકી છે. છતાંય

**વેંચાણ તમારા સદા બની રહેવાના.**





એ દિવ્યપુરુષે વારંવાર પૂ. સંતોની ચિંતા વ્યક્ત કરતાં માફી માગી કે મારા કારણે તમારે જમાડવામાં મોડું થઈ ગયું. ધન્ય હો આ દિવ્યપુરુષના દાખડાને, એમના દાસત્વપણા અને માતૃવાત્સલ્યને !

### માતૃવાત્સલ્યનો અનુભવ કરાવતી અંગત બેઠકો

સવારે પ્રાતઃ સભા પૂર્ણ થયા બાદ કે સાંજે સંધ્યા સભા પૂરી થયા બાદ કે પધરામણીમાંથી પરત આવીને જ્યારે જ્યારે જ્યાં જ્યાં સમય મળે કે તુરંત સૌની મા સમાન વ્હાલા ગુરુજી પોતાના વ્હાલસોયા દીકરાઓને મળવા માટે બોલાવી લેતા. આ સમગ્ર વિચરણ દરમ્યાન લગભગ ૧૦૫થી વધુ હરિભક્તોએ વ્હાલા ગુરુજી સાથે અંગત બેઠકનો લાભ લઈ નિકટતા કેળવી હતી.

રૂબરૂ મળતા હરિભક્તોની અંગત બેઠકો તો થાય, પરંતુ વ્હાલા ગુરુજીએ જે હરિભક્તો હજારો કિલોમીટર દૂર રહ્યા છે અને કોઈ કારણોસર આવી શક્યા ન હોય તેવા હરિભક્તોની પણ વિડિયો કૉલ કરીને સાર-સંભાળ લીધી છે અને આશીર્વાદ આપ્યા છે. ન્યૂઝીલૅન્ડમાં દંડીડીન ખાતે રહેતા હાર્દ મહારાજ તો વ્હાલા ગુરુજીનો સામે ચાલીને આવેલ વિડિયો કૉલ જોઈ ગળગળા થઈ ગયા અને એમના મુખે શબ્દો સરી પડ્યા : “ગુરુજી ! તમે આટલા બધાની વચ્ચે આટલી વ્યસ્તતામાં પણ મારા જેવા નાના હરિભક્તને સંભાર્યો ! મારી આટલી બધી ચિંતા રાખી ! ધન્ય હો... ધન્ય હો... આપને ! હે વ્હાલા ગુરુજી ! શું હું માનું આભાર તમારો !”

### રાજીપાદર્શન તથા ગુણાનુવાદ સભાના કાર્યક્રમો

દરેક સેન્ટરોમાં પૂ. સંતોની ગેરહાજરીમાં પણ સેન્ટરની નાનામાં નાની સેવા બજાવતા તમામ સંચાલક-કાર્યકર વર્ગ ઉપર વ્હાલા ગુરુજીએ રાજીપો વરસાવ્યો હતો. કેટલાક મુક્તોને ભેટીને રાજીપો આપ્યો હતો. વ્હાલા ગુરુજીએ સત્સંગ વિકાસની સાથે સ્વવિકાસમાં પણ એટલી જ ગંભીરતાથી આગળ વધવા માટેની પ્રેરણા કરી હતી. આવા તમામ મુક્તોને વ્હાલા ગુરુજીના હસ્તે દિવ્ય પ્રસાદ લીલાનો લાભ પણ મળ્યો હતો. આ ઉપરાંત વ્હાલા ગુરુજીએ તમામ સેન્ટરોમાં એકબીજા હરિભક્તોના અરસપરસ ગુણ ગાવાની પ્રેરણા કરી સૌને એકબીજાના મહિમા આકારે કર્યા હતા. સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ લખ્યું છે કે, “ગુણ ગાવાથી જીવ બ્રહ્મરૂપ થઈ જાય છે.” તેની સાક્ષાત્ અનુભૂતિ સૌ કોઈ ઉપસ્થિત મુક્તોને આ ગુણાનુવાદ સભામાં થઈ હતી.









### ઑકલેન્ડ સત્સંગ કેન્દ્ર મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજી બિરાજતા હતા ત્યારથી ગુરુદેવ બાપજીનો સંકલ્પ હતો કે ઑકલૅન્ડમાં પણ કારણ સત્સંગનું એક ભવ્ય કેન્દ્ર થાય અને તા. ૬-૪-૨૦૨૪ ને શનિવારનો મહામંગલકારી દિન ઑકલૅન્ડના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાઈ ગયો.

આજરોજ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સાથે વ્હાલા ગુરુજી ઑકલૅન્ડ સત્સંગ કેન્દ્ર પર પધાર્યા. વ્હાલા ગુરુજીએ રિબિન કાપી સૌને પ્રવેશ કરાવ્યો. વ્હાલા ગુરુજીએ સ્વહસ્તે મંદિરના પડદા ખોલી સદાયને માટે આત્યંતિક કલ્યાણનાં સદાવ્રત ખુલ્લાં મૂક્યાં. ત્યારબાદ વ્હાલા ગુરુજીએ સિંહાસનમાં બિરાજિત ઘનશ્યામ મહાપ્રભુ તથા અમીરપેઢીનું ચંદનથી પૂજન કર્યું. ગદ્ગદભાવે વ્હાલા ગુરુજી દ્વારા થયેલ પ્રાર્થના, પૂજન-અર્ચન, મહાપૂજા વિધિનો લાભ લઈ સૌ કોઈ આનંદોત્સવમાં ઝૂમી રહ્યા.

આજરોજ પ્રતિષ્ઠા પ્રસંગે મહાપ્રભુને ભવ્ય અન્નકૂટ








ધરાવવામાં આવ્યો હતો. આજરોજ વ્હાલા ગુરુજીએ ‘મહારાજનું પ્રગટપણું’ તથા ‘Happy Family બનાવવાના ઉપાયો’ વિષય પર લાભ આપ્યો હતો. જેમાં લગભગ ૨૧૦થી વધુ હરિભક્તો લાભ લઈ ધન્યભાગી બન્યા હતા.

**ઇન્ડિયા ખાતે ભવ્ય આગમન**

આ રીતે કુલ ૨૪ દિવસનું ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલૅન્ડ ખાતેનું વિચરણ પૂર્ણ કરી વ્હાલા ગુરુજીએ સંત મંડળ સહિત મેલબોર્નથી ઈન્ડિયા જવા માટે પ્રસ્થાન કર્યું. મેલબોર્નના ભાવિક ભક્તોએ વ્હાલા ગુરુજીને અશ્રુભીની આંખે વિદાય આપી હતી. વ્હાલા ગુરુજીએ સૌને મીઠો લાભ આપતાં જણાવ્યું હતું કે, “અમે સદાય તમારી ભેળા જ છીએ.” આ વિચરણમાં વ્હાલા ગુરુજી સાથે વિતાવેલી હરએક પળ હરિભક્તોના માનસપટ પર સદાય માટે અવિસ્મરણીય બની રહેશે.

વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે ગુરુજીના ૨૪ દિવસીય વિચરણના વિયોગ બાદ દર્શન થવાના હોવાથી ઈન્ડિયા ખાતે અમદાવાદ એરપોર્ટ પર પ્રેમી હરિભક્તોનાં ટોળેટોળાં એવા ઊમટ્યાં કે જાણે આજે વર્ષોના વિયોગ પછી વ્હાલા ગુરુજીનાં દર્શન થવાનાં હોય ! એરપોર્ટ ઉપર ઉપસ્થિત લગભગ ૧૫૦૦થી વધુ હરિભક્તોની સંખ્યા દ્વારા થતા સ્વામિનારાયણ મહામંત્રના જયઘોષથી વાતાવરણમાં દિવ્યતા પ્રસરી ગઈ હતી. એરપોર્ટ સ્ટાફ પણ આજે વ્હાલા ગુરુજીનાં દર્શન પામી ધન્યતા અનુભવી નતમસ્તકે મનોમન વંદી રહ્યો હતો.










## વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોનું ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલેન્ડ ખાતે દિવ્ય સત્સંગ વિચરણ

વ્હાલા ગુરુજી ઑસ્ટ્રેલિયા ખાતે વિચરણમાં પધાર્યા તે પૂર્વે તા. ૨૬ માર્ચ, ૨૦૨૪ ને મંગળવારના રોજ પૂ. પૂર્ણસ્વામી, પૂ. હરિવદનસ્વામી તથા પૂ. આનંદસ્વામી એમ કુલ ત્રણ પૂ. સંતોનું મંડળ તથા હરિભક્તોમાં પ.ભ. શ્રી ગૌતમભાઈ પટેલ, યજ્ઞેશભાઈ પટેલ તથા વિશ્વભાઈ પટેલ પૂર્વતૈયારીના ભાગ રૂપે સૌપ્રથમ ઑસ્ટ્રેલિયામાં સિડની સત્સંગ કેન્દ્ર ખાતે રવાના થયા હતા. ઈસ્ટર હૉલિડેઝ હોવાથી સિડની ખાતે થનાર શિબિરમાં સમગ્ર ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલૅન્ડથી હરિભક્તો વ્હાલા ગુરુજીનો લાભ લેવા પધારવાના હતા. આ શિબિરની પૂર્વતૈયારી રૂપે પૂ. સંતો scouts site - શિબિર સ્થળે પહોંચ્યા હતા. વ્હાલા ગુરુજી પધાર્યા બાદ પૂ. સંતો ગુરુજી સાથે વિચરણમાં જોડાયા હતા.

વ્હાલા ગુરુજી વિચરણ પૂર્ણ કરી તા. ૨૧ એપ્રિલના રોજ ઇન્ડિયા ખાતે પધાર્યા ત્યારબાદ પૂ. પૂર્ણસ્વામીના સંત મંડળ દ્વારા ઑસ્ટ્રેલિયાના વિવિધ સેન્ટરોમાં વ્હાલા ગુરુજીએ આપેલ લાભની પુષ્ટિ માટે વિચરણ ચાલુ હતું. જેમાં અનુક્રમે મેલબોર્ન, સિડની, બ્રિસ્બેન તથા એડીલેટ ખાતે પૂ. સંતોનું સત્સંગ વિચરણ યોજાયું હતું. તા. ૨૨ એપ્રિલથી ૧૯ મે એમ ૨૯ દિવસીય વિચરણ દરમ્યાન પૂ. સંતોએ ૧૭ પ્રાતઃ સભા, ૨૨ સંધ્યા સભા, ૪ સત્સંગ શિબિર, ૨ સત્સંગ પ્રવાસ, ૩ બાળ સમર કેમ્પ, ૬ જાહેર સભા તથા લગભગ ૭૦થી વધુ પધરામણીનો લાભ આપી હરિભક્તોને બળિયા કર્યા હતા. આ ઉપરાંત પૂ. સંતોના સાંનિધ્યમાં હરિનવમીનો ઉત્સવ ખૂબ રંગચંગે ઊજવાઈ ગયો. જેમાં વ્હાલા હરિકૃષ્ણ મહારાજને પારણિયામાં ઝુલાવી સૌ કોઈ કૃતકૃત્ય બન્યા હતા. આ ઉપરાંત કિશોરો-યુવકોનો પ્રવાસ પૂ. સંતોના સાંનિધ્યમાં યોજાયો હતો. આ પ્રવાસમાં સર્વે મુક્તોને વ્હાલા હરિકૃષ્ણ મહારાજના અભિષેકનો તથા જ્ઞાન સાથે ગમ્મતરૂપી વિવિધ ઍક્ટિવિટીનો અણમોલ લહાવો પ્રાપ્ત થયો હતો.

આ રીતે અંતમાં એડીલેટ ખાતેનું વિચરણ પૂર્ણ કરી હરિભક્તોને મહિમા આકારે કરી ૧૯ મે, ૨૦૨૪ના રોજ પૂ. પૂર્ણસ્વામીના મંડળે ઇન્ડિયા પ્રયાણ કર્યું. એડીલેટના ભાવિક ભક્તોએ ભારે હૃદયે સંત મંડળને વિદાય આપી હતી.

કેવળ પરમાર્થથી રસતરબોળ સ્વરૂપ એટલે વ્હાલા ગુરુજી.










## વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોનું દુબઈ- આફ્રિકા ખાતે દિવ્ય સત્સંગ વિચરણ

વ્હાલા ગુરુજીની આજ્ઞાથી દુબઈ-આફ્રિકા ખાતે પૂ. સંતોનું સત્સંગ વિચરણ યોજાયું. આ વિચરણમાં વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. મૂર્તિસ્વામી, પૂ. સહજાનંદસ્વામી તથા પૂ. કીર્તનસ્વામી એમ કુલ ત્રણ પૂ. સંતોનું મંડળ તથા હરિભક્તોમાં મનિષભાઈ જોબનપુત્રા, રાહુલભાઈ દરજી આદિ હરિભક્તો પૂ. સંતો સાથે વિચરણમાં જોડાયા હતા. તા. ૨ એપ્રિલ ને મંગળવારની સંધ્યાએ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંત મંડળનું સૌપ્રથમ દુબઈ ખાતે આગમન થયું.

દુબઈ ખાતેના દસ-દિવસીય સત્સંગ વિચરણમાં ૧૧મો વાર્ષિક પાટોત્સવ યોજાઈ ગયો. દુબઈ ૧૧મા વાર્ષિક પાટોત્સવમાં 'સંત પરમહિતકારી' વિષય ઉપર તથા અન્ય સભાઓમાં લાભ લઈને સમગ્ર વિચરણ દરમ્યાન ૧૨૦૦થી વધારે હરિભક્તો ધન્યભાગી બન્યા હતા. આ ઉપરાંત યોજાયેલ સત્સંગ શિબિર, બાળ શિબિર, કાર્યકર ડે, કીર્તન સંધ્યા, ૩૮ જેટલી પધરામણી તથા અંગત બેઠકો દ્વારા હરિભક્તો મહારાજ અને મોટાપુરુષના મહિમા આકારે થઈ વિશેષ બળિયા થયા હતા. આ ઉપરાંત મંદિરના આજુબાજુના વિસ્તારો જેવા કે મીરદીફ, બર દુબઈ, શારજાહ, અજમાન વગેરેમાં એરિયા સભાઓ દ્વારા પૂ. સંતોનો લાભ લઈ હરિભક્તો બળને પામ્યા હતા.

દુબઈ વિચરણ બાદ પૂ. મૂર્તિસ્વામીનું મંડળ આફ્રિકા સત્સંગ વિચરણ અર્થે રવાના થયું. જ્યાં અનુક્રમે બોટ્સવાના, નાઈરોબી, કિસુમુ તથા કમ્પાલા ખાતેના પૂ. સંતોના કુલ ૨૯ દિવસીય વિચરણ દરમ્યાન પાટોત્સવ, શાકોત્સવ, શ્રીહરિ પ્રાગટ્યોત્સવ, સમૂહપૂજા, બાળ વિન્ટર કેમ્પ, બે-દિવસીય સત્સંગ શિબિર, ક્રિયાશુદ્ધિ શિબિર, કાર્યકર ડે, આદર્શ પ્રૉજેક્ટ સભા, કીર્તન સંધ્યા, કિશોર-યુવક પ્રવાસ, ૧૮૫ જેટલી પધરામણી તથા અંગત બેઠકો જેવા વિવિધ પ્રોગ્રામો દ્વારા હરિભક્તો મહારાજ, મોટાપુરુષ અને સંસ્થાની અસ્મિતા દૃઢ કરી મહિમા આકારે થયા હતા. તા. ૫ મે, ૨૦૨૪ ને

રવિવારના રોજ કમ્પાલા ખાતે યોજાયેલ ૮મા વાર્ષિક પાટોત્સવ ઉપક્રમે યોજાયેલ બ્લડ ડોનેશન કેમ્પમાં પૂ. સંતો તથા હરિભક્તોએ મોટી સંખ્યામાં બ્લડ ડોનેટ કરી સમાજ સેવાનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ દિવસે પૂ. સંતોની કથાવાર્તામાં 'મંદિર અને દર્શન શા માટે ?' વિષય પર તથા અન્ય સભાઓમાં લાભ લઈને સમગ્ર વિચરણ દરમ્યાન ૩૮૦૦થી પણ વધારે હરિભક્તો કૃતકૃત્ય બન્યા હતા. આ ઉપરાંત મંદિરની આજુબાજુના વિસ્તારો જેવા કે કામોચા, મુકોનો વગેરેમાં એરિયા સભાઓ દ્વારા પૂ. સંતોનો લાભ લઈ હરિભક્તો બળને પામ્યા હતા.

કમ્પાલા ખાતેનું વિચરણ પૂર્ણ કરી તા. ૧૧ મે, ૨૦૨૪ના રોજ પૂ. મૂર્તિસ્વામીના મંડળે ઇન્ડિયા તરફ પ્રયાણ કર્યું. કમ્પાલાના ભાવિક ભક્તોએ ભારે હૃદયે આ સંત મંડળને વિદાય આપી હતી.

## વીરપુર શિલાન્યાસ સમારોહ





"શ્રીજી વિજયના ધ્વજો ફરકાવજો, રસબસનાં સૂત્રો ગવાય, સુણ ભાઈ કારણ સત્સંગમાં..."

વીરપુર ખાતે સત્સંગની શરૂઆત એક નાનકડી ઓરડીથી થઈ હતી. સત્સંગ વિચરણ દરમ્યાન ગુરુદેવ પ.પૂ. બાપજી તથા વ્હાલા ગુરુજી અનેક વાર અહીં પધારતા અને સંકલ્પો વહાવતા કે, "ભવિષ્યમાં અહીં કારણ સત્સંગનું કેન્દ્ર થશે અને સર્વોપરી નિષ્ઠા તથા અનાદિમુક્તની સ્થિતિના દાનની વિજયપતાકાઓ લહેરાશે." એનાં આપેલાં વરદાનો ખોટાં હોય નહિ એ ન્યાયે વીરપુર ખાતે ભૂમિ સંપાદનની કામગીરી પૂર્ણ થતાં તા. ૮-૫-૨૦૨૪ના રોજ દિવ્ય શિલાન્યાસ સમારોહ શાનદાર રીતે સંપન્ન થયો. ગામના આબાલવૃદ્ધ સૌ કોઈને મન અપાર આનંદ હતો. સાયંકાળે ૬:૩૦ વાગ્યે પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીના આગમનને સૌ કોઈએ તાળીઓના નાદ અને જયઘોષ સાથે વધાવી લીધું હતું. પૂ. સંતોએ તથા યજમાન હરિભક્તોએ હરિકૃષ્ણ મહારાજ તથા ગુરુજીનું પૂજન કર્યા બાદ વીરપુર ચોકડીથી મંદિર સુધી સામૈયું કરવામાં આવ્યું હતું. ત્યારબાદ યજમાનો તથા મોટેરા હરિભક્તો સાથે દિવ્ય મહાપૂજા વિધિની શરૂઆત થઈ હતી. વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના હસ્તે શિલા તથા પ્લાનનું પૂજન થયું. ત્યારબાદ વ્હાલા ગુરુજી અને યજમાનો દ્વારા સુશોભિત સ્થાનમાં શિલારોપણ તથા આરતી કરવામાં આવી હતી. આજરોજ વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ લઈ હજારો હરિભક્તો કૃતાર્થ બન્યા હતા. ગુરુદેવ પ.પૂ. બાપજીએ વિડિયો રૂપે આશીર્વર્ષાની હેલી વરસાવી સૌને રાજી કર્યા હતા. ઉત્સાહી સ્વયંસેવક મુક્તોએ પૂ. નિર્ગુણસ્વામી, પૂ. નિઃસ્વાદસ્વામી, પૂ. વૈરાગ્યસ્વામી, પૂ. નિર્લોભસ્વામીની દેખરેખ હેઠળ સમગ્ર સેવાયજ્ઞને દીપાવ્યો હતો.

આમ, આ શિલાન્યાસ સમારોહમાં ૨૭૦૦થી વધુ હરિભક્તોએ વ્હાલા ગુરુજીનાં દિવ્ય દર્શન-આશીર્વાદ અને પ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

## મૂર્તિસુખે સુખિયા

કારણ સત્સંગના દિવ્ય પરિવારના પરમ કૃપાપાત્ર મુક્તો કે જેઓ શ્રીહરિની ઇચ્છાથી મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓની નામાવલિ અત્રે આલેખેલ છે :

**મૂ.નિ. પ્રમોદભાઈ વિક્રમભાઈ પારેખ, ઉંમર વર્ષ-૪૬, હાલોલ; તા. ૨૧-૩-૨૦૨૪**

**મૂ.નિ. કોદરભાઈ પરમાભાઈ પટેલ, ઉંમર વર્ષ-૭૭, સંઘરી(ગોધર); તા. ૨૩-૩-૨૦૨૪ :** ગોધર ખાતે સંચાલક તરીકે સેવા બજાવી રહેલા જયંતિભાઈના પિતાશ્રી મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓના પિતાશ્રી ગુરુદેવ પ.પૂ. બાપજીનો અને વ્હાલા ગુરુજીનો અપાર રાજીપો કમાયા છે.



**મૂ.નિ. નાનુભાઈ નારણદાસ પરમાર, ઉંમર વર્ષ- ૭૧, ગોતા; તા. ૩-૪-૨૪ :** ગોતા સેન્ટરના ઘરધણી મુક્ત નાનુભાઈ પરમાર મહારાજની મૂર્તિના સુખે સુખિયા થયા છે. તેઓ ગુરુદેવ પ.પૂ. બાપજીનો અને વ્હાલા ગુરુજીનો ખૂબ રાજીપો કમાયા છે. તેઓના બંને દીકરા ઉદય અને ઉમંગ સંચાલક તરીકેની સેવા બજાવી રાજીપો કમાઈ રહ્યા છે. મહાપ્રભુના ચરણે એ જ પ્રાર્થના કે તેઓના પરિવારમાં સત્સંગનો અને સમજણનો વારસો જળવાઈ રહે.

**મૂ.નિ. રજનીકાંતભાઈ મણિલાલ મોદી, ઉંમર વર્ષ-૮૫, સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર; તા. ૧૬-૪-૨૦૨૪**

**મૂ.નિ. ઘનશ્યામભાઈ અમથાભાઈ દરજી, ઉંમર વર્ષ-૭૩, હિંમતનગર; તા. ૨૧-૪-૨૦૨૪**

**મૂ.નિ. મૂળજીભાઈ બાલાભાઈ પટેલ, ઉંમર વર્ષ-૯૩, તલોદ; તા. ૨૩-૫-૨૦૨૪**

**મૂ.નિ. સવિતાબેન ઈશ્વરભાઈ વસાવા, ઉંમર વર્ષ-૭૦, ભરૂચ; તા. ૨૮-૨-૨૦૨૪**

**મૂ.નિ. અનસૂયાબેન મનહરભાઈ મુલાણી, ઉંમર વર્ષ-૮૦, સેટેલાઇટ; તા. ૨૯-૪-૨૦૨૪**

**મૂ.નિ. મોતીબેન ગાંડાભાઈ પ્રજાપતિ, ઉંમર વર્ષ-૯૨, વાસણા; તા. ૧૫-૫-૨૦૨૪**

આ મુક્તોએ ઘરધણી થઈ તન, મન અને ધનથી સંસ્થાને વફાદાર રહીને મમત્વભાવે સેવાઓ કરી છે અને ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો રાજીપો મેળવેલ છે. શ્રીજીમહારાજ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના ચરણોમાં પ્રાર્થના કે તેમના ચૈતન્યને મૂર્તિના અવિચળ સુખભોક્તા કરે.


**www.smvs.org**
સંસ્થાની મુખ્ય વેબસાઇટ

એસ.એમ.વી.એસ. પ્રસ્તુત કરે છે...
www.smvs.org ઉપરથી આપને મળશે...



- **Event** : વિવિધ ઉત્સવો તેમજ કાર્યક્રમોનો દૃશ્ય-શ્રાવ્ય લાભ
- **Darshan** : દેશ-પરદેશનાં જુદાં જુદાં મંદિરોનાં નિત્ય મૂર્તિદર્શન
- **Publication** : વિવિધ પ્રકાશનોની માહિતી
- **Download** : ઓડિયો, વિડિયો, બુક્સ, મેગેઝિન, વૉલપેપર ફ્રી ડાઉનલોડ
- **Essay** : જીવનઉપયોગી વિષયો ઉપરના નિબંધ
- **Video** : કથાવાર્તા, ઉત્સવ, મહોત્સવના વિડિયો લાભ
- **Audio** : ઘનશ્યામ ઓડિયો મેગેઝિન

**Vicharan** : ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનું સત્સંગ વિચરણ


ઉત્સવો-મહોત્સવોનો live webcast દ્વારા online લાભ




અનંતના થઈ રહ્યા તેના આપણે થઈ રહીએ !!

# ભક્તિ ગૃહઉદ્યોગ

**ગુરુદેવ પ.પૂ. બાપજીના આશીર્વાદ**



શ્રીજીમહારાજે ગઢડા પ્રથમના ૧૮મા વચનામૃતમાં પવિત્રતા અર્થાત્ ક્રિયાશુદ્ધિનું ખૂબ જ મહત્ત્વ દર્શાવ્યું છે. પંચવર્તમાન પાળે તેના ઉપર શ્રીજીમહારાજનો અત્યંત રાજીપો થાય છે. આવો રાજીપો નિરંતર મળે તે માટે 'SMVS ભક્તિ ગૃહઉદ્યોગ' દ્વારા ખાસ કાળજીપૂર્વક ક્રિયાશુદ્ધિયુક્ત અનેક વાનગીઓ બનાવવામાં આવે છે. ચુસ્ત નિયમ-ધર્મ પાળતા હરિભક્તોના પંચવર્તમાન સચવાઈ શકે એવી રીતે બનાવેલ હોવાથી તેમને ખાસ ઉપયોગી થઈ શકશે. SMVSના તમામ મંદિરોના 'ભક્તિ ઉપહાર ગૃહ' ઉપરથી આ આઇટમો ઉપરાંત અન્ય ઘણી આઇટમો પ્રાપ્ત થાય છે તેમજ તેનો ઓર્ડર કોઈ પણ વ્યક્તિ નોંધાવી શકે છે.




## ભક્તિ ગૃહઉદ્યોગ લઈને આવે છે નવી જ વાનગીઓ.

**આપણા ઘરે આવતા સગાંસંબંધી તથા મિત્રવર્તુળને શ્રીજીમહારાજ અને મોટાપુરુષના આશીર્વાદની પ્રસાદીરૂપ વાનગીઓ જમાડી ધન્ય બનાવીએ...**

**ઉપલબ્ધ વાનગીઓ**

**નમકીન** : વિવિધ પ્રકારનું ચવાણું, સેવ, સક્કરપારા, ચેવડો વગેરે...
આ ઉપરાંત પંચરત્ન, ટમટમ, સીંગભજિયાં, પાપડી, પાપડ, મઠિયા, ખાખરા, બિસ્કિટ વગેરે...

**સંપર્ક કરો : ૯૦૯૯૦૬૦૪૦૯**

સાચી સ્મરણશક્તિ એ છે કે જેને નમાલી વાતો ભૂલી જતા આવડે.

## હરિકૃષ્ણ મહારાજની દિવ્ય મહાપૂજા

ગુરુદેવ પ.પૂ. બાપજીએ જેમ આ લોકનાં દુઃખ દૂર કરવા માટે ગોધરમાં અભિષેકના ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા કરી છે, તેમ પરલોકનાં સુખો માટે, આંતરતંત્રની શુદ્ધિ માટે, મહાપ્રભુનાં અત્યુત્તમ સુખો માણવા માટે તેમજ મહારાજ અને મોટાપુરુષને પ્રિય એવા નિષ્કામપણાને દૃઢ કરવા માટે ગુરુદેવ પ.પૂ. બાપજીએ સ્વામિનારાયણ ધામ અને મહેસાણા મંદિર ખાતે વ્હાલા હરિકૃષ્ણ મહારાજની પૂર્ણ કદની મૂર્તિઓ પધરાવી છે. આ દિવ્ય મૂર્તિની મહિમા અને શ્રદ્ધાએ સહિત મહાપૂજા કરવાથી પરલોક કહેતાં મહાપ્રભુની મૂર્તિનું સુખ પ્રાપ્ત થાય છે. આ મહાપૂજાનો લાભ લેનાર સર્વ ભક્ત સમાજ પર વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીએ દિવ્ય આશીર્વાદ આપ્યા છે કે, “મહાપૂજાનો નિષ્કામભાવે જે જે મુક્તો લાભ લેશે તેમના અંતરની મલિન વાસનાઓ હરિકૃષ્ણ મહારાજ દૂર કરશે તેમજ તેમને મહાપ્રભુ પોતાના વ્હાલા એવા નિર્વાસનિક ભક્ત કરશે તથા તેમને મહાપ્રભુની મૂર્તિનું અદ્વિતીય સુખ પ્રદાન કરશે.”

### સર્વાવતારી શ્રી હરિકૃષ્ણ મહારાજની મહાપૂજાનો લાભ
### મહાપૂજાની સેવાના પ્રકાર

| | |
|---|---|
| એક વખત મહાપૂજા | - ૨૫૦ /- |
| દર પૂનમ (વાર્ષિક) | - ૨,૫૦૦ /- |
| દર એકાદશી (વાર્ષિક) | - ૫,૧૦૦ /- |
| દર રવિવાર (વાર્ષિક) | - ૧૧,૦૦૦ /- |
| આજીવન પૂનમ | - ૩૧,૦૦૦ /- |
| આજીવન એકાદશી | - ૫૧,૦૦૦ /- |
| આજીવન રવિવાર | - ૭૫,૦૦૦ /- |
| આજીવન દૈનિક મહાપૂજા | - ૧,૨૫,૦૦૦ /- |




**સ્થળ : સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર.**
**સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર, મોઢેરા રોડ, મહેસાણા.**

| | | |
|---|---|---|
| દરરોજ સવારે | : | ૦૮:૩૦ થી ૧૦:૩૦ |
| દર રવિવારે સવારે | : | ૦૮:૩૦ થી ૧૧:૩૦ |
| દર રવિવારે બપોરે | : | ૦૩:૦૦ થી ૦૬:૦૦ |

## SMVS પરિણય

**એસ.એમ.વી.એસ. સંસ્થાના દીકરા-દીકરીઓનાં નિષ્ઠા, નિયમ-ધર્મ સચવાય તેમજ તેઓના સુખી-સંપન્ન દાંપત્ય જીવન માટે એસ.એમ.વી.એસ. સંસ્થા પ્રસ્તુત કરે છે...**





SMVS PRESENTS
SMVS
Parinay

પ્લે સ્ટોર તેમજ ઍપ સ્ટોર પર નિ:શુલ્ક ઉપલબ્ધ છે.

- લગ્નગ્રંથિથી જોડાવા માટે દેશ અને વિદેશના દીકરા-દીકરીઓની પસંદગી કરવી બનશે હવે વધુ સરળ.
- એસ.એમ.વી.એસ.ના લગ્નોત્સુક દીકરા-દીકરીઓની માહિતી હવે એક જ જગ્યા પરથી મળશે.
- એસ.એમ.વી.એસ.ના સત્સંગી હરિભક્તો જ આ ઍપમાં જોડાઈ શકશે.

### ઍપની વિશેષતા

**જેમાં આપને મળશે...**

- વ્યક્તિગત માહિતી - ફોટોગ્રાફ
- વ્યવસાયિક માહિતી
- પારિવારિક માહિતી
- પરિચિત સત્સંગીની વિગત

### ઍપના Security ફીચર્સ

- OTP આધારિત લૉગ ઇન
- SMS દ્વારા કન્ફર્મેશન
- E-mail કન્ફર્મેશન
- કનેક્ટ ફીચર
- નોટિફિકેશન ફીચર
- એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ દીકરા-દીકરીઓની વ્યક્તિગત પ્રોફાઇલ

તો આજે જ આપના દીકરા-દીકરીઓ માટે યોગ્ય સત્સંગી જીવનસાથી પસંદ કરવા ડાઉનલોડ કરો ‘SMVS પરિણય’ ઍપ.

**ખાસ નોંધ : આ ઍપ્લિકેશનમાં જોડાવા માટેની રિક્વેસ્ટ (અરજી) કર્યા પછી રિક્વેસ્ટ કરનારને સભ્યપદ આપવાનો અંતિમ નિર્ણય વ્યવસ્થાપકોનો રહેશે.**




ચંદન તથા ડ્રાયફ્રૂટ વાઘા મધ્યે શોભતા ઘનશ્યામ મહાપ્રભુ


## દિવ્ય સત્પુરુષના મહાત્મ્યસભર ઓડિયો-વિડિયો પ્રસંગોની હારમાળા

ANADIMUKTA




જીવનપરિવર્તન કરતાં પ્રેરણાદાયી સુવાક્યો તથા મહારાજ અને મોટાપુરુષની નયનરમ્ય મૂર્તિઓ







મહાત્મ્યના મહાસાગરમાં ભીંજવતા ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય પ્રસંગો

મહારાજ અને મોટાપુરુષના મહાત્મ્યમાં ભીંજવા ક્યૂઆર કોડને આપના મોબાઈલ દ્વારા સ્કેન કરો અથવા પ્લે સ્ટોર પરથી આજે જ ડાઉનલોડ કરો...

Ghanshyam, June-2024. Published on 10-06-2024. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/2024-26, Valid up to 31-12-2026. Regd No. G-GNR-315/ 2024-26, Extended up to 31-12-2026. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.


# ચોપડા જાહેરાત - ૨૦૨૪

Swaminarayan
DIVAMRUT



Swaminarayan
AMRUT



Swaminarayan
SANKALP



## ચોપડાની વિશેષતાઓ

**ટાઇટલ** : મલ્ટિ કલર ● **પુસ્તકો** : પ્રીમિયમ બુક / એક્ઝિક્યુટિવ બુક / એક્સર્સાઇઝ બુક

**લેમિનેશન** : થર્મલ મેટ ● **ડિઝાઇન** : એક્સક્લુઝિવ કર્વ કોર્નર

**લાઇન** : સિંગલ લાઇન

**પ્રાપ્તિસ્થાન**

**એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ મંદિરના તમામ બુકસ્ટોલ**